gujaratvandan.com



મૌની રોયે બ્લૂ એન્ડ ગ્રીન કોમ્બિનેશન વાળી હોલ્ટર નેક બિકીનીમાં આપ્યા પોઝ
પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
# ગુજરાત વંદન
સાપ્તાહિક

રવિવાર, 21 મે 2023

જેઠ સુદ-02, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 02 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**

રંગથી તો ફક્ત કપડાં બગડે, પણ જો વ્યક્તિ રંગ બદલે ને તો ભરોસો અને લાગણી બન્ને બગડે...

## 75 વર્ષીય સિદ્ધારમૈયાએ મુખ્યમંત્રી પદ શપથ ગ્રહણ કર્યા; શિવકુમાર નાયબ મુખ્યમંત્રી બન્યા

# કર્ણાટકની જનતાનો આભાર, વચન નિભાવીશું: રાહુલ

## ન્યૂઝ બ્રિફ

### રસ્તા પર ચાલતા પોલીસકર્મી અને તેની પત્નીને ગોળી મારી


દિલ્હીમાં પોલીસકર્મીને ગોળી મારવાની ઘટના



સામે આવી છે. પોલીસે જણાવ્યું કે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલમાં સામેલ એક પોલીસકર્મી અને તેની પત્નીને બે લોકોએ ગોળી મારી દીધી હતી. આ ઘટના શનિવારે સવારે બની હતી જ્યારે બંને બુરારી નજીક રોડ પર ચાલી રહ્યા હતા. બંનેની હાલત નાજુક છે. ડોક્ટરોની સ્પેશિયલ ટીમ દ્વારા બન્ને ઉપચાર થઈ રહ્યો છે. બીજી તરફ ઘટના કારણે આખા વિસ્તારમા દહશતનો માહોલ છે.

### રશિયામાં ઓબામા સહિત 500 અમેરિકન નાગરિકોના પ્રવેશ પર બેન

રશિયાએ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા



અને કોમેડિયન સ્ટીફન કોલ્બર્ટ સહિત 500 લોકોના તેના દેશમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. રશિયા તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. આ પહેલા અમેરિકાએ રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવ સાથે સંયુક્ત રાષ્ટ્રમાં પ્રવાસ કરી રહેલા મીડિયાને વિઝા આપવાનો ઈનકાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં G7 દેશોની બેઠક ચાલી રહી છે અને અમેરિકાએ આ દરમિયાન પણ રશિયા સામે કડક પ્રતિબંધો વધારવાની જાહેરાત કરી છે.

### ફેસબુકમાં વધુ એક છટણી, 6000 કર્મચારીઓની જશે રિપોર્ટમાં દાવો

મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગે ૨૦૨૩-૨૪ના વર્ષમાં ૧૦ હજાર જેટલા કર્મચારીઓને છૂટા




કરવાની જાહેરાત કરી હતી. એ પછી હવે રિપોર્ટમાં દાવો થયો છે કે આ મહિનાના અંત સુધીમાં જ મેટા કંપની ૬૦૦૦ કર્મચારીઓને હાંકી કાઢશે. ટૂંક સમયમાં કર્મચારીઓને ઈ-મેઈલથી જાણકારી આપવામાં આવશે એવો દાવો અહેવાલમાં થયો હતો. મેટા કંપનીમાં છટણીનો દૌર હજુ ચાલી રહ્યો છે. છેલ્લાં વર્ષમાં લગભગ ૨૦ હજાર જેટલાં કર્મચારીઓને હાંકી કાઢ્યા બાદ પણ કંપની વધુ ૧૦ હજાર કર્મચારીઓને બરતરફ કરવાનું વિચારે છે. માર્ક ઝકરબર્ગે થોડા સમય પહેલાં કહ્યું હતું કે કંપની હજુ પણ વધુ કર્મચારીઓને છૂટા કરશે. આ જરૂરી બની ગયું હોવાથી પગલું ભરવામાં આવશે. મે મહિનામાં કેટલાક કર્મચારીઓને છૂટા કરવામાં આવે તેવી શક્યતા હતી અને કંપની તેની સત્તાવાર જાહેરાત પણ કરવાની હતી, તે પહેલાં માહિતી લીક થઈ ગઈ હતી. એ પ્રમાણે કંપની વધુ ૬૦૦૦ કર્મચારીઓને છૂટા કરશે.

### તુતીકોરિન બીચ પરથી DRI દ્વારા 31.6 કરોડની વ્હેલની ઉલટી જપ્ત

ડીઆરઆઈએ તુતીકોરિન બીચ નજીક ચાર દાણચોરોની ધરપકડ કરી છે. તેમની પાસેથી 18.1 કિલો વજનની વ્હેલ એમ્બરગ્રીસ જપ્ત કરવામાં આવી છે, જેની માર્કેટમાં કિંમત લગભગ 31.6 કરોડ રૂપિયા છે. વ્હેલ એમ્બરગ્રીસ એટલે કે વ્હેલની ઉલટી જેની કિંમત બજારમાં એક કરોડથી વધુ છે. તેની ઉલટીને તરતું સોનું કહેવાય છે. એમ્બરગ્રીસ એ કાળા રંગનો ઘન પદાર્થ છે અને મીણથી બનેલો છે જે પથ્થર જેવો કઠણ છે. એમ્બરગ્રીસ, જે વ્હેલના આંતરડામાંથી આવે છે, ગંધ બહાર કાઢે છે, પરંતુ તેનો ઉપયોગ સુગંધિત પરફ્યુમ બનાવતી કંપનીઓ દ્વારા કરવામાં આવે છે. વાસ્તવમાં, તે પરફ્યુમની સુગંધને લાંબા સમય સુધી જાળવી રાખે છે. અત્તર બનાવવા ઉપરાંત તેનો ઉપયોગ દવા તરીકે પણ થાય છે. આ કારણોસર, તેની કિંમત બજારમાં ઘણી વધારે છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




## શરદ પવાર સહિત વિપક્ષી નેતાઓએ પણ શપથ વિધિ સમારોહની શોભામાં કરી અભિવૃદ્ધિ

ગુજરાત | વંદન

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આજે બેંગલુરુ ખાતે શપથવિધિ સમારોહ બાદ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા એવી ખાતરી આપી હતી કે ચૂંટણી પ્રચાર વખતે કોંગ્રેસે કર્ણાટકની પ્રજાને આપેલા વચનો પૂર્ણ કરાશે. મંત્રીમંડલની પ્રથમજ બેઠકમાં પાંચ વચનોના નિર્ણયો લેવાશે. તેમણે કોંગ્રેસને ફરીથી સત્તા સોંપવા બદલ કર્ણાટકની પ્રજાનો આભાર પણ માન્યો હતો.


દરમિયાન, ત્રણ ઓગસ્ટ, 1947ના રોજ મૈસુરુમાં જન્મેલા સિદ્ધારમૈયા કે જે તેમના મિત્ર વર્તુળમાં 'સિદુ' તરીકે ઓળખાય છે તેમણે તેમના 76મા જન્મદિવસ પહેલા કોંગ્રેસ દ્વારા કર્ણાટકના મુખ્યમંત્રી પદની ભેટ મળી છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમા કોંગ્રેસને 224માંથી સ્પષ્ટ બહુમતી 113 બેઠકો કરતા વધુ 136 બેઠકો સાથે જંગી બહુમતી મળી હતી અને મુખ્યમંત્રી કોણ



બનશે તેની મથામણના અંતે જેવો પોતે મુખ્યમંત્રી બનવા માંગતા હતા તે ડી.કે શિવકુમારને હાલમાં નાયબ મુખ્યમંત્રી પદ આપીને મનાવી લેવામાં આવ્યા છે અને કર્ણાટકની જવાબદારી 75 વર્ષીય પીઢ કોંગ્રેસી સિદ્ધારમૈયાને સૌંપવામાં આવી છે. આજે 20 મેના રોજ રાજીવગાંધીની 32મીં પુણ્યતિથિની પૂર્વ સંધ્યાએ બેંગલુરુમાં યોજાએલી શપથ વીધિમા કોંગ્રેસ તરફી વિપક્ષી સાથી દળોને પણ આમંત્રિત કરાયા હતા. જોકે કેજરીવાલ અને જગનમોહન રેડ્ડીને આમંત્રણ અપાયુ નહોતુ. બેંગલુરુમા શાનદાર- દમદાર અને ઝાકમઝોળ શપથ

...અનુસંધાન પેજ નં. 6 પર

## સિદ્ધારમૈયા માટે સરકાર ચલાવવી આસાન નહી હોય...



કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા માટે આગળનો રસ્તો સરળ દેખાઈ રહ્યો નથી. મોટી મુશ્કેલી સાથે નાયબ મુખ્યપ્રધાન ડીકે શિવકુમારને અત્યારે ભલે કોઈ જોખમ ન હોય, પરંતુ દલિત નેતા જી પરમેશ્વર નારાજ હોવાનું કહેવાય છે. પરમેશ્વરાએ નાયબ મુખ્યમંત્રી બનાવવાની માંગ ઉઠાવી હતી, જેને પાર્ટી હાઈકમાન્ડ દ્વારા અવગણવામાં આવી હતી અને માત્ર એક જ નાયબ મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સિદ્ધારમૈયા માટે પહેલો પડકાર તમામ સમુદાયો, પ્રદેશો, જૂથો અને નવી અને જૂની પેઢીના નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન આપવાનો છે. આંકડાઓ અનુસાર, 34 લોકોને કેબિનેટમાં સ્થાન મળી શકે છે, જ્યારે દાવેદારોની સંખ્યા ઘણી વધારે છે. મીડિયા સાથે વાત કરતા પરમેશ્વરે કહ્યું કે, કેટલાક પ્રસંગોએ બલિદાન આપવું પડે છે. સરકાર બની રહી છે તે સારી વાત છે. લિંગાયત નેતા એમબી પાટીલ પણ નાયબ મુખ્યમંત્રી ન બનાવવામાં આવતા નારાજ હોવાનું કહેવાય છે. પાટીલે કહ્યું કે જેણે પણ મતદાન કર્યું છે, તે તમામ વર્ગોને સરકારમાં યોગ્ય હિસ્સો મળવો જોઈએ.

### 8 ધારાસભ્યોએ મંત્રીપદના શપથ લીધા

કર્ણાટકમાં આજે સિદ્ધારમૈયા રાજ્યના મુખ્યમંત્રી તરીકે અને ડીકે શિવકુમાર નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તેમની સાથે અન્ય 8 ધારાસભ્યો પણ મંત્રી તરીકે શપથ લીધા. શપથ સમારોહને ધ્યાનમાં રાખીને બેંગલુરુના રસ્તાઓ પર પોસ્ટર અને બેનરો લગાવવામાં આવ્યા.

### મંચ પર વિપક્ષની એકતા જોવા મળી

શપથ ગ્રહણમાં વિરોધ પક્ષોના 9 નેતાઓ હાજર રહ્યા હતા. તેમાં મહેબૂબા મુફ્તી (પીડીપી), નીતિશ કુમાર (જેડીયુ), તેજસ્વી યાદવ (એઆરજેડી), ડી રાજા અને સીતારામ યેચુરી (ડાબે), એમકે સ્ટાલિન (ડીએમકે), શરદ પવાર (એનસીપી), ફારૂક અબ્દુલ્લા (નેશનલ કોંગ્રેસ), કમલ હાસન (મક્કલ નીધી માઈમ) નો સમાવેશ થાય છે. આ સિવાય કોંગ્રેસના રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, કમલનાથ અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, છત્તીસગઢના સીએમ ભૂપેશ બઘેલ પણ હાજર રહ્યા હતા.

## મણિપુર: હિંસા બાદ હાઈવે બંધ, જીવનરક્ષક દવાઓની તીવ્ર અછત

### આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં પણ વધારો, લોકો ત્રાહિમામ

ગુજરાત | વંદન

મણિપુર કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનનું કહેવું છે કે રાજ્યમાં જીવનરક્ષક દવાઓની તીવ્ર અછત છે અને જો આગામી દિવસોમાં પુરવઠો પૂરો નહીં થાય તો આ સમસ્યા ગંભીર બની શકે છે. તમને જણાવી દઈએ કે, મણિપુરમાં ભૂતકાળમાં થયેલી હિંસાને કારણે ઘણી જગ્યાએ નેશનલ હાઈવે બ્લોક થઈ ગયો છે, જેના કારણે રાજ્યમાં જરૂરી વસ્તુઓની સપ્લાઈ થઈ રહી નથી.



મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મણિપુરમાં જીવનરક્ષક દવાઓ ઉપરાંત જરૂરી ખાદ્ય ચીજોની પણ અછત છે, જેના કારણે ત્યાં કિંમતો અનેકગણી વધી ગઈ છે. હકીકતમાં, કુકી જનજાતિના લોકોએ કાંગપોકપાઈ જિલ્લામાં નેશનલ હાઈવે 39 ને બ્લોક કરી દીધો છે, જેના કારણે ઈમ્ફાલ દીમાપુર માર્ગ પર વાહનોની અવરજવર નથી. મણિપુર ડ્રગ એસોસિએશનના અધિકારીઓનું કહેવું છે કે લોકો ગભરાઈને દવાઓ ખરીદી રહ્યા છે અને તેનો સંગ્રહ કરી રહ્યા છે, જેના કારણે જીવનરક્ષક દવાઓનો સ્ટોક ઝડપથી

...અનુસંધાન પેજ નં. 6 પર

## માન - સમ્માન: જ્યારે સુપર પાવર દેશના રાષ્ટ્રપતિ સામે ચાલીને મોદીને મળવા આવ્યા

ગુજરાત | વંદન

જાપાનના હિરોશિમા શહેરમાં G-7 બેઠક દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. તેઓ સામે ચાલીને મોદીને મળ્યા હતા અને ભેટ્યા હતા. આ પહેલાં પીએમ મોદીએ જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત પણ થઈ હતી. મોદીએ કહ્યું હતું કે જાપાનના પીએમ ફુમિયો કિશિદા સાથે તેમની સારી વાતચીત થઈ. અમે ભારત-જાપાન સંબંધોને વધુ સુધારવા પર ભાર મૂક્યો હતો.


આ પહેલાં પીએમ મોદીએ હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. મોદીએ કહ્યું, 'આજે પણ 'હિરોશિમા' શબ્દ સાંભળીને દુનિયા ડરી જાય છે. G-7 સમિટ માટે મારી જાપાનની મુલાકાત દરમિયાન મને મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કરવાની તક મળી. મોદીએ કહ્યું હતું, 'આજે પણ 'હિરોશિમા' શબ્દ સાંભળીને દુનિયા ચોંકી ઊઠે છે. G-7 સમિટ



માટે મારી જાપાનની મુલાકાત દરમિયાન મને મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કરવાની તક મળી હતી. 'આજે વિશ્વ જળવાયુ પરિવર્તન અને આતંકવાદ સામે ઝઝૂમી રહ્યું છે. જળવાયુ પરિવર્તન સામેની લડાઈમાં બાપુના આદર્શો હજુ પણ સુસંગત છે. તેમની જીવનશૈલી પ્રકૃતિ પ્રત્યે આદર, સમન્વય અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે.

હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમા અહિંસાના વિચારને આગળ વધારશે. મેં જાપાનના પીએમને ભેટમાં આપેલું બોધિ વૃક્ષ અહીં હિરોશિમામાં વાવવામાં આવ્યું છે, જેથી લોકો અહીં આવે ત્યારે શાંતિનું મહત્ત્વ સમજી શકે.

### આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ ખેલાડી કિરણ અજીત પાલ સિંહનું નિધન



ગુજરાત | વંદન

હોકી વર્લ્ડ કપ-1975 જીતનાર ભારતીય ટીમના કેપ્ટન રહેલા ઓલિમ્પિયન અજીત પાલ સિંહ અને પદ્મશ્રીના પત્ની આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ ખેલાડી કિરણ અજીત પાલ સિંહનું નિધન થયું છે. પંજાબ સરકારના કેબિનેટ મંત્રી ગુરમીત સિંહ મીત હેયરે શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે બાસ્કેટબોલ ખેલાડી કિરણ અજીત પાલ સિંહના મૃત્યુના સમાચાર સાંભળીને દુઃખ થયું. દિવંગત આત્માને શાંતિ મળે અને શોકાતુર પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ મળે.

### પોલીસે IPCની કલમ હેઠળ ગુનો નોંધી શોધ શરૂ કરી

## ચંડીગઢમાં પોલીસ મેસની સામેથી 300 કિલોની હેરિટેજ તોપ ચોરાઈ, કોઈને ખબર ન પડી

ગુજરાત | વંદન

ચંડીગઢમાં સેક્ટર 1 સ્થિત પોલીસની મેસના ગેટમાંથી એક હેરિટેજ તોપની ચોરી થઈ છે. આ હેરિટેજ તોપ પંજાબ સશસ્ત્ર પોલીસની ખૂબ જ મહત્વપૂર્ણ ધરોહર હતી. હાલ પોલીસ સ્ટેશને IPCની કલમ હેઠળ ગુનો નોંધી તોપ અને ચોરોની શોધ શરૂ કરી દીધી છે.

ચંડીગઢમાં સેક્ટર 1 સ્થિત સશસ્ત્ર પોલીસની 82 બટાલિયનના જિયો મેસના ગેટમાંથી લગભગ 3 ફૂટ લાંબી અને 300 કિલો વજનની હેરિટેજ તોપની ચોરી થઈ છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ હેરિટેજ તોપ આઝાદી પહેલાની છે અને તેને પ્રદર્શન માટે ગેટ પાસે રાખવામાં આવી હતી. આ તોપ લગભગ એક દાયકાથી અહીં છે. ચોરીના આ કેસમાં સેક્ટર-3 પોલીસ સ્ટેશને IPCની કલમ હેઠળ ગુનો



નોંધી તોપ અને ચોરોની શોધ શરૂ કરી છે.

આ ચોરી અંગે સ્થાનિક પોલીસનું કહેવું છે કે આ તોપ ખૂબ જ ભારે છે અને કોઈ એક વ્યક્તિ તેને ચોરી શકે નહીં. આ ચોરીમાં 4થી 5 લોકોની સંડોવણી હોવાની આશંકા છે. ચોરીની આ ઘટના 5 અને 6 મેની રાત્રે બની હોવાનું જાણવા મળી રહ્યું છે. મળતી માહિતી મુજબ લગભગ 15 દિવસ પહેલા સબ-ઈન્સ્પેક્ટરને આ ચોરીની જાણ થઈ હતી. આ હેરિટેજ તોપ પંજાબ સશસ્ત્ર પોલીસની ખૂબ જ મહત્વપૂર્ણ ધરોહર હતી. લગભગ દોઢ વર્ષ પહેલા તેને 82 બટાલિયનના સ્ટોર

...અનુસંધાન પેજ નં. 6 પર

### પીએમ મોદી લોકપ્રિય સીએમ કેજરીવાલથી ડરે છે: આપ સાંસદ

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા વટહુકમ પર આમ



આદમી પાર્ટી સતત હુમલો કરી રહી છે અને AAPના નેતાઓ એક પછી એક પ્રેસ કોન્ફરન્સ કરીને મોદી સરકારની ટીકા કરી રહ્યા છે. હવે માહિતી આવી રહી છે કે આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે પ્રેસ કોન્ફરન્સ કરીને કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

મીડિયાને સંબોધતા તેમણે કહ્યું કે આપણા પીએમ નરેન્દ્ર મોદી લોકપ્રિય નેતા અરવિંદ કેજરીવાલથી ડરે છે. તેઓ કેજરીવાલ સરકારને દિલ્હીના લોકો માટે કામ કરવા દેતા નથી. તે ઈચ્છે છે કે દિલ્હીમાં લોકોને મફત વીજળી, મફત રાશન ન મળવું જોઈએ. આઠ વર્ષની લડાઈમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે અધિકારીઓની બદલી અને

...અનુસંધાન પેજ નં. 6 પર




**Venue**

102, Arista Business Space 3, Sindhu Bhavan Marg, Opp. HOF Showroom, Ahmedabad, Gujarat 380054

Contact : +91 63573 63574

**skincare for your hair**

BOTANICAL | SULFATE & PARABEN FREE | CRUELTY FREE

## શ્રીનગરમાં 22 થી 14 મે દરમિયાન G20 બેઠકનું આયોજન

# ચીને પાક.ની કરી તરફેણ, કાશ્મીરને વિવાદિત ક્ષેત્ર ગણાવી G20ની બેઠકના બહિષ્કારનો કર્યો નિર્ણય

ગુજરાત | વંદન

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા



વાંગ વેનબિને કહ્યું કે ચીન વિવાદિત ક્ષેત્રમાં કોઈપણ પ્રકારની G20 બેઠક યોજવાનો સખત વિરોધ કરે છે. અમે આવી બેઠકોમાં હાજરી આપીશું નહીં. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને ભારત પ્રશાસિત કાશ્મીરમાં યોજાનારી G20 બેઠકો અને કાર્યક્રમોના બહિષ્કારના અહેવાલો પર આ ટિપ્પણી કરી હતી.

ભારત આ વખતે G20 ની અધ્યક્ષતા કરી રહ્યું છે અને તેને ભવ્ય બનાવવા માટે કોઈ કસર છોડાઈ રહી નથી. આ દરમિયાન ભારત કાશ્મીરના શ્રીનગરમાં 22 થી 14 મે દરમિયાન જી-20 બેઠકનું આયોજન કરવા જઈ રહ્યું છે. ભારતની આ ઘટનાથી ચીન નારાજ છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને કહ્યું કે ચીન વિવાદિત ક્ષેત્ર પર કોઈપણ પ્રકારની G20 બેઠક યોજવાનો સખત વિરોધ કરે છે. અમે આવી બેઠકોમાં હાજરી આપીશું નહીં.ચીન પાકિસ્તાનનું નજીકનું સાથી છે. આ પહેલા પાકિસ્તાને શ્રીનગરમાં યોજાનારી બેઠક પર પણ કહ્યું હતું કે આ આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે. જમ્મુ અને કાશ્મીર પર પોતાનો ગેરકાયદેસર કબજો જાળવી રાખવા માટે ભારતનું બેજવાબદાર પગલું છે.

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# નોંધી લો..ગુજરાતમાં મેઘાની એન્ટ્રી 20થી 22 જૂનની વચ્ચે...

■ રાજ્યમાં આ વર્ષે ચોમાસું સામાન્ય રહેશે, 94થી 100 ટકા વરસાદ થવાની શક્યતા

ગુજરાત | વંદન

મોચા વાવાઝોડાની અસરના કારણે દેશમાં ચોમાસું મોડું બેસવાનું અનુમાન છે. ભારતીય હવામાન વિભાગે 4 જૂન અથવા 4 દિવસ આગળ અથવા પાછળ ચોમાસું બેસવાનું પૂર્વાનુમાન જાહેર કર્યું છે. ગુજરાતમાં ચોમાસું ક્યારે બેસવાનું છે? તેને લઈ જગતનો તાત રાહ જોતો હોય છે.

હવામાન વિભાગે 2થી 5 જૂન વચ્ચે કેરળમાં ચોમસું બેસવાનું અનુમાન વ્યક્ત કર્યો છે. ગુજરાતમાં ચોમાસાની ઋતુની 15 જૂનથી શરુઆત થઇ જાય છે, પરંતુ પાછળના વર્ષોમાં જોઈએ તો મોટાભાગના વર્ષોમાં ચોમાસાના વરસાદનું આગમન 15 જૂન બાદ થયું છે. ચાલુ વર્ષે ગુજરાતમાં ચોમાસું 20થી 22 જૂનમાં બેસી જવાનું અનુમાન છે. ગુજરાતમાં પણ સમય કરતાં 5થી 6 દિવસ મોડું બેસવાનું અનુમાન છે.

દેશમાં ચોમાસનું આગમન કેરળથી થાય છે. જોકે, તિરુવનન્તપુરમ્, રામેશ્વર, કોચી આ તમામ સેન્ટરોમાં કેટલાક પરિબળો પરથી ચોમાસું બેસી ગયું, તેની જાહેરાત કરવામાં આવતી હોય છે. 15 મે પછી સતત બે દિવસ સુધી 4 મિલિમીટરથી વધારે વરસાદ પડે, પશ્ચિમ દિશામાંથી 1 કલાકમાં 35 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાય, સૂર્ય પ્રકાશ પૃથ્વી આવે છે અને રિટર્ન થતાં 300 mg સુધીનું હોય એ ઘટીને 200mg સુધી થઈ જાય. આ તમામ પરિબળો એક સાથે જોવા મળે ત્યારે બાદ હવામાન વિભાગ દ્વારા ચોમાસાની સત્તાવાર જાહેરાત કરવામાં આવે છે.




ચોમાસું બેસી ગયા બાદ નિયમિત રહેશે કે નહીં તેની ચિંતા હોય છે. ગુજરાતમાં આ વર્ષે ચોમાસું સામાન્ય રહેશે. 94થી 100 ટકા વરસાદ થવાની શક્યતા છે. તેમજ ચોમાસું નિયમિત રહેશે. ગુજરાતના કૃષિ પાક માટે એકંદરે ચોમાસું સારું રહેશે. રેગ્યુલર ચોમાસું રહેશે.

ઉલ્લેખનીય છે કે, ચોમાસું ક્યારે બેસશે? તેની રાહ જોવાઈ રહી છે. આવામાં હવામાન વિભાગ દ્વારા ચોમાસાને લઈ પૂર્વાનુમાન જાહેર કરવામાં આવ્યું છે. દેશમાં ચોમાસું 4 જૂને બેસી જવાનું અનુમાન છે. જોકે, ચોમાસું 4 દિવસ આગળ પાછળ રહેવાનું પણ અનુમાન છે.

# ગાંધીનગરમાં મહાત્મા મંદિર નજીક એકાએક રસ્તો બંધ થતાં લોકો પરેશાન

■ મેટ્રો ફેઝ-2માં મહાત્મા મંદિર પાસે બની રહ્યું છે રેલવે સ્ટેશન

ગુજરાત | વંદન



મેટ્રો ફેઝ-2માં મહાત્મા મંદિર પાસે રેલવે સ્ટેશન બનાવાશે, જે માટેની કામગીરી લઈને અહીં રસ્તો બંધ કરાયો છે. ખ રોડ પર મહાત્મા મંદિર પાસે સેક્ટર-14/15ના (ફતેપુરા) કટથી સેક્ટર-14/15ના મહાત્મા મંદિર ખુણા સુધીના બંને તરફના રસ્તા બંધ કરાયા છે. રસ્તો 9 મહિના સુધી બંધ રાખવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરત જોષીએ જાહેરનામું બહાર પાડ્યું છે. હવે સેક્ટર-14/15 કટથી ફતેપુરા થઈ ગ રોડ પર આવી સેક્ટર-15 સાયન્સ કોલેજના ખુણાથી સેન્ટ્રલ વિસ્ટા રોડ થઈને મહાત્મા મંદિર ગેટ નંબર-5 થઈ હેન્ડલૂમ ટેક્નોલોજીના કટથી સેક્ટર-13 તરફ તક્ષશિલા વિદ્યાલય થઈને ખ રોડ પર જઈ શકાશે.

જ્યારે સેક્ટર-14ના રહેવાસીઓ સેક્ટર-14/15ના કટથી સેક્ટરમાં પ્રવેશ કરી શકશે. ભારે વાહનો ખ-5 સર્કલથી ક-5 સર્કલ થઈ ક રોડ રોડ પર પ્રવેશ કરી શકશે. તંત્ર દ્વારા 26 એપ્રિલના રોજ જ રસ્તો બંધ કરવાની મંજૂરી સાથે જાહેરનામા પર સહી થઈ ગઈ હતી. જોકે નાગરિકો સુધી પહોંચાડવામાં તંત્રએ તસ્દી લીધી હોવાનું ધ્યાને આવ્યું ન હતું. જેને પગલે આગતરી જાણ વગર જ રસ્તો બંધ થઈ જતાં નાગરિકો પરેશાન થઈ ગયા હતા.

બે મહિના પહેલાં પણ મેટ્રોની કામગીરીને પગલે સચિવાલય ગેટ-3 થઈ ગેટ નં-2 થી છ-4/B સુધીનો રસ્તો હાલ તમામ વાહનો માટે બંધ કરાયો હતો. તે સમયે પણ આગોતરી જાહેરાત વગર રસ્તો બંધ કરી દેવાતા નાગરિકો પરેશાન થઈ ગયા હતા.

# પૂર્વ ડિપ્ટી સીએમ નિતિન પટેલનું નિવેદન બાગેશ્વરબાબાનુ ક્યારેક કાર્યક્રમ જોઉં છું પણ અંગત રીતે કોઈ રસ નથી

ગુજરાત | વંદન



ગુજરાતમાં 26 મેથી બાગેશ્વરધામના બાબા ધીરેન્દ્ર શાસ્ત્રી તેમનો દિવ્ય દરબાર ત્રણ શહેર સુરત, અમદાવાદ અને રાજકોટમાં યોજવાના છે. જેને લઈને તૈયારીઓ ખૂબ જોર શોરથી ચાલી રહી છે. ઘણી હિન્દુ સંસ્થાઓએ બાબા ધિરેન્દ્ર શાસ્ત્રીના દરબારને ટેકો આપ્યો છે. આ વચ્ચે ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે એક નિવેદન આપ્યું છે. જેમા તેમણે કહ્યું છે કે, ટીવીમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમ જોઉં છું પણ ગુજરાતમાં તેમને લઈને કેવું આયોજન છે તેમા મને અંગત રીતે કોઈ રસ નથી.

રાજ્યમાં ત્રણ શહેરોમાં બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને જો અમદાવાદની વાત કરીએ તો અહીં બાગેશ્વર ધામના દરબારને VHPનો ટેકો મળ્યો છે. જેમાં VHPના પ્રાંત અધ્યક્ષ રાજુભાઈ ઠાકરે નિવેદન આપ્યું છે કે સનાતન ધર્મનો પ્રચાર કરી રહ્યા હોય એમને અટકાવવા ન જોઈએ. દરેક હિન્દુ સંગઠનોએ સાથે આવવુ જોઈએ. તેમણે કહ્યું કે, ઘરમાં ચોરી થાય તો બાબા શોધવા જાય એ તર્ક યોગ્ય નથી. સંસ્કૃતિને જાગૃત કરવાનું કામ થવુ જોઈએ. બાબા બાગેશ્વર ધામ ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર યોજાવાનો છે. જેમાં વીએચપીએ ટેકો જાહેર કર્યો છે.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

# ડીકે-સિંધિયાની જેમ કર નાટક.. કરશે તો સિધ્ધારામૈયા ગાશે રમૈયા વસ્તા વૈયા, અમે તો ઘેર ગયા!

આખરે કર્ણાટકમાં મુખ્યમંત્રીપદના દાવેદાર ડીકે શિવકુમારનું કર નાટક....ના ચાલ્યું અને સિધ્ધારામૈયા ફાઈનલ થયાં.



કર્ણાટકની બાગડોર હવે શિવ-સિધ્ધાના હાથમાં છે. ડીકેના મનમાં નારાજગી છે એટલે સમય આવ્યે મધ્યપ્રદેશમાં જેમ સીએમપદ માટે આવી જ નારાજગી રાખનાર જ્યોતિરાદિત્ય સિંધિયાએ કમલનાથ અને કોંગ્રેસનો ખેલ બગાડ્યો તેમ શિવકુમાર પાંચ વર્ષ હખણાં રહે તો ભયો ભયો.. નહીંતર તો સિધ્ધારામૈયા ગયો...ગયો...!!

ઘણાં કહે છે કે કર્ણાટકમાં ભાજપ હતું નહીં પણ યેદુરપ્પાએ કર્ણાટકમાં કમળ ખીલવ્યું હતું. પણ છેવટે પાર્ટીએ એમને માનભેર નિવૃત કર્યા અને લિંગદાયત સમુદાયના વગદાર નેતા યેદુરપ્પાએ ભાજપનો કમળ કાઢીને ખિસ્સામાં મૂકી દીધો..અને 60 કરતાં વધુ બેઠકો મળી. લાજ બચી ગઈ નહીંતર જો 40 બેઠકો મળી હોત તો...? કર્ણાટકના મતદારોએ ભાજપની લાજ રાખી અને હવે કોંગ્રેસના 136 ધારાસભ્યો પંજાની લાજ નહીં રાખે અને નોટચુંબકમાં ગયા તો....શિવકુમાર સીએમ...?!

પાલડી રાજીવ ગાંધી ભવનવાળા તો આમાં કાંઇ કહી શકે તેમ છે જ નહીં...કેમ કે ત્યાં તો 50 વર્ષ પાર્ટીમાં રહેનવાર રાઠવાને કેસરી ખેસ પહેરતાં પાંચ મિનિટ પણ ન લાગી...! ગુજરાતના મતદારો લોકશબામાં પંજાને કેટલી બેઠકો આપશે...જબ ઝીરો દિયા મેરે ભારત કો....!?

## સમીર વાનખેડેના મામલે નવાબ મલિકના આક્ષેપો સાવ સાચા પડ્યા, હવે જશે જેલમાં...!?



ના, આ કાંઇ વાનખેડે સ્ટેડિયમની વાત નથી પણ બે વર્ષ પહેલાં મુંબઈ નજીક એક ક્રુઝમાંથી શાહરૂખપુત્ર આર્યનની કહેવાતા ડ્રગ્સના મામલે ધરપકડ કરી ત્યારે રોજે રોજ મિડિયામાં એનસીબીના અધિકારી સમીર વાનખેડે, આર્યન, ડ્રગ્સ, બોલીવુડમાં ડ્રગ્સના બંધાણીઓ અને આર્યનની સાથે સેલ્ફી લઈ ફસાયેલ કિરણ ગોસાવીના નામો લોકોને યાદ રહી ગયા હતા..

એ વખતે ઠાકરે સરકારના મંત્રી નવાબ મલિકે સમીર વાનખેડેનો ભાંડો ફોડી નાંખ્યો પણ એનસીબીએ મલિક ખોટો છે એમ પૂરવાર કરવાના પ્રયાસો કર્યા, સમીરની બદલી થઈ અને આખા કેસમાં તોડપાણીના આરોપોની તપાસ થિ ત્યારે બે વર્ષે લોકો ભૂલી ગયા ત્યારે ખાતાએ કહ્યું કે વાનખેડેએ શાહરૂખ પાસેથી 25 કરોડ માંગ્યા હતા....50 લાખ પહેલા લીધા...પણ સેલ્ફીવાળા ગોસાવીની શંકાસ્પદ કામગીરી, કેમ કે તે એનસીબીનો કોઈ અધિકારી નહોતો, વગેરે.એટલા ચકડોળે ચડ્યા કે તેઓ ફાવી શક્યા નહીં અને હવે વાનખેડેની સામે એક પછી એક ફરિયાદો શરૂ થઈ..મેરે સાથ ભી ઐસા હી કિયા થા...

મજા જુઓ. ઠાકરે સરકારના એનસીપી ક્વોટાના મંત્રી નવાબ મલિકે એક વર્ષમાં સમીર વાનખેડેને જેલમાં ધકેલવાની પ્રતિજ્ઞા લીધી પણ ઠાકરેની સરકાર ગબડતાં વાનખેડેને બદલે મલિક જેલમાં....અને હવે ધીમે રહીને વાનખેડેને જેલમાં નાંખ્યો ના નાંખ્યો અને ચંદા કોચર... દિપક કોચર..કેસની જેમ ચાલ્યા કરશે..આર્યનકેસમાં આખરે દેર આયે દુરસ્ત આયે...

## ગોકુલધામમાં આ બધુ શું ચાલી રહ્યું છે? તારક ગયો, દયા ગઇ, અંજલિ ગઇ અને હવે રોશનભાભીનો પણ આરોપ?


ગોકુલધામમાં આ બધુ શું ચાલી રહ્યું છે....તારક મહેતા-શૈલેષ લોઢા- કહે છે મને મારૂ મહેનતાણું મળ્યું નથી એટલે મેં સિરિયલ છોડી...દયાભાભીએ લગ્ન કર્યા અને સિરિયલ છોડ્યા બાદ તારક મહેતા કા ઉલટા ચશ્મા...માં બધુ ઉલટાપુલટા થઈ રહ્યું છોય તેમ લાગી રહ્યું છે...!



દયાભાભીનું પાત્ર ભજવી શકે એવી કોઇ બીજી દયાભાભી હજુ મળી નથી...ટપુડો મોટો થતાં નિકળી ગયો...બબિતા પણ નિકળ... નિકળ... કહેતી હતી...તારકે પૈસાના મામલે આરોપો લગાવ્યા સિરિયલમા પ્રોડ્યુસર આસિત મોદી પર.. અને સૌથી ગંભીર આરોપ તો સિરિયલની રોશનભાભી જેનિફર મિસ્ત્રીએ લગાવ્યાં છે. તેમણે પ્રોડ્યુસર પર જાતિય સતામણીનો આરોપ લગાવતા ગોકુલધામ ધ્રુજવા લાગ્યું હશે...! અધુરામાં પુરૂ હવે બાવરીનું પાત્ર ભજવનાર અભિનેત્રીએ પણ આરોપ લગાવ્યો છે. સિરિયલના પ્રોડ્યુસર મોદીએ મિસ્ત્રીના આરોપોને નકારી કાઢ્યા છે. પણ જેનિફર છોડે તેમ નથી. તાજેતરના સમયમાં ટીવી સિરિયલોમાં સૌથી વધુ લોકપ્રિય હોય તો તે મોદીની .......ઉલટા ચશ્મા...છે. 10 વર્ષ પહેલા એપિસોડ જોઈને પણ દર્શકો મોજ આવી જાય છે. ખાસ કરીને દયાભાભીની હસવાની સ્ટાઈલ અને હે મા...માતાજી...જેઠાલાલનો વાંકી નજરે બબિતાને જોવી, ઐયરની નારાજગી, અંજલિની સાદગી..અલબત હવે આવી સિરિયલ ફરીથી બનવી લગભગ અઘરી કહી શકાય.

-પ્રવીણ ઘમંડે

# ગુજરાતમાં સરકારી ભરતીમાં મોટા પાયે ફેરફાર ભરતી પરીક્ષામાં હવે કોઈ પણ પ્રકારનું વેઈટિંગ લિસ્ટ જાહેર નહી કરાય



■ નવી જોગવાઈ હેઠળ હવે વર્ગ-3ની મુખ્ય પરીક્ષા બે ગ્રુપમાં લેવાશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં સરકારી ભરતીની પરીક્ષાને લઈ એક મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. રાજ્યના સામાન્ય વહીવટી વિભાગે એક જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા મુજબ હવે વર્ગ-3ની પરીક્ષામાં કોઈ પણ પ્રકારનું વેઈટિંગ લિસ્ટ જાહેર નહી કરાય. આ સાથે ભરતી માટે દ્વિસ્તરીય પરીક્ષાનું માળખું જાહેર કરાયું છે.

અત્યાર સુધીમાં બોર્ડ દ્વારા ખાસ કરીને પરીક્ષામાં ડાયરેક્ટ ઉમેદવારને ભરતી આપવામાં આવતી હતી કે સિલેક્શન આપવામાં આવતું હતું બોર્ડ દ્વારા ઓએમઆર પદ્ધતિથી પરીક્ષા લેવામાં આવતી હતી. ત્યારબાદ મેરીટ જાહેર થતું હતું અને પછી સિલેક્ટ કરવામાં આવતા હતા હવે આ બધી જ પ્રોસેસ બાદ કરવામાં આવી છે અને નવા નિયમ જાહેર કરવામાં આવ્યા છે.

સામાન્ય વહીવટી વિભાગના જાહેરનામા મુજબ હવે વર્ગ-3ની પરીક્ષામાં કોઈ પણ પ્રકારનું વેઈટિંગ લિસ્ટ જાહેર નહી કરાય, ભરતી માટે દ્વિસ્તરીય પરીક્ષાનું માળખું જાહેર કરાયું છે. નવા નિયમમાં હવે વેઈટિંગ લિસ્ટ જાહેર કરવામાં આવશે નહીં અને ક્લાસ 3 ની પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવશે પ્રથમ પરીક્ષા અને બીજી મુખ્ય પરીક્ષા આમ બે તબક્કામાં પરીક્ષા લેવામાં આવશે ત્યારબાદ ઉમેદવારનું સિલેક્શન કરવામાં આવશે પહેલાની જેમ સીધી ભરતી કરવામાં આવશે નહીં.

મહત્વનું છે કે, જૂનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ અને હેડ ક્લાર્કની પરીક્ષા માટે નિયમ બદલાયા છે. આ તરફ હવે ચારેય કેડરની પરીક્ષા સંયુક્ત રીતે લેવામાં આવશે. નોંધનીય છે કે, હવે ફાઈનલ મેરિટના આધારે ઉમેદવારોની નિમણૂક થશે. આ સમગ્ર મામલે ગુજરાત રાજ્યના સામાન્ય વહીવટી વિભાગે જાહેરનામું બહાર પાડ્યું હતું.

## દુનિયા મૈં જીના હો તો કામ કરો પ્યારે...પાપી પેટ કા સવાલ હૈં...



જેઓ રોજે રોજ કમાઈને પેટીયુ રળે છે તેવા શ્રમજીવીઓ માટે બારેમાસ તમામ ઋતુ એક સમાન બની રહે છે. શિયાળાની કાતિલ ઠંડી, ઉનાળાની ભીષણ ગરમી કે ચોમાસાનું પાણી તેને રોકી શકતું નથી. કોઈએ કહ્યું છે કે, દુનિયા મૈં જીના હો તો કામ કરો પ્યારે...વરના યે દુનિયા જીને નહીં દેગી...આ ઉક્તિ તે ગીતને અનુરૂપ ગાંધીનગરના રોડ પર પ્લાસ્ટિક તેમજ પાણીની ખાલી બોટલો વિણી-વિણીને પરીવારનું ગુજરાન ચલાવનાર એક શ્રમિક પરીવાર પાપી પેટ કા સવાલ હૈં.... મુજબ પેટીયું રળવા ભરઉનાળે ભીષણ ગરમીમાં પસાર થઈ રહ્યું છે. (તસ્વીર: મૌર્ય ભાગ્યવાન)

## કામગીરી અંતિમ તબક્કામાં

# ધો. 12 સા.પ્રવાહનું પરિણામ 25મેથી 5 જૂન વચ્ચે જાહેર થઈ શકે

ગુજરાત | વંદન

ગુજરાત શિક્ષણ બોર્ડનું ધોરણ 12 સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયું છે. હવે સામાન્ય પ્રવાહના પરિણામની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ત્યારે આગામી 25મેથી 5મી જૂન વચ્ચે પરિણામ જાહેર થાય તેવી શક્યતાઓ છે. ધોરણ 12 સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ ધોરણ 10નું પરિણામ ગણતરીના દિવસોમાં જ જાહેર થઈ જશે. હાલમાં શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. વિદ્યાર્થીઓ પણ પરિણામની આતુરતા પૂર્વક રાહ જોઈને બેઠા છે.

## પ્રોપર્ટી ટેક્સની 80 કરોની વસુલાત સામે માત્ર 13.37 કરોડ જ આવ્યાં, તંત્ર દોડતુ થયું

# નિષ્ફળતા: કર વસુલાત ખુબ ઓછી આવતા ટેક્સ કલેક્ટરે આપ્યું રાજીનામું

ગુજરાત | વંદન

સામાન્ય રીતે ટેક્સ કલેક્ટર કોઈ આક્ષેપના પગલે રાજીનામું આપી દેતા હોવાનું બને છે પરંતુ ગાંધીનગર મનપામાં એક ટેક્સ કલેક્ટર એટલા માટે રાજીનામું આપ્યું કેમકે, 80 કરોડની વસુલાત સામે માત્ર 16 ટકા જ ટેક્સ કલેક્શન થયું હતું.

ગાંધીનગર કોર્પોરેશન ખાતે મિલકતવેરાના બિલ વિતરણમાં ધાંધિયા વચ્ચે તંત્ર દોડતું થઈ ગયું છે. એક તરફ શહેરમાં અનેક સ્થળે મિલકત વેરાના બિલો પહોંચ્યા નથી તો બીજી તરફ ટેક્સની જવાબદારી સંભાળતા ટેક્સ કલેક્ટર કૌશિક સોની રાજીનામું ધરીને રજા પર ઉતરી જતાં તંત્ર વધુ ગુંચવાયું છે.

હાલ કોર્પોરેશનમાં ભારે તનાવનો માહોલ જોવા મળે છે જેની સીધી અસર ટેક્સ કલેક્શન પર પડવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. ટેક્સ કલેક્ટર, સ્ટોર વિભાગ અને મિકેનિકલ વિભાગની વહીવટી કામગીરીની ત્રેવડી જવાબદારી સંભાળતા અધિકારીએ કામના ભારણને પગલે રાજીનામું આપ્યું હોવાનું કહેવાય છે. મિલકત વેરો ભરવાની છેલ્લી તારીખ 15 મે જતી રહી છે, આમ છતાં શહેરના કેટલાક વિસ્તારોમાં હજુ સુધી બીલો પહોંચ્યા નથી.

ટેક્સ કલેક્શનમાં ધાંધિયા થતા મ્યુનિસિપલ કમિશનરે મોરચો સંભાળ્યો છે અને રોજેરોજ બિલના વિતરણ અને ટેક્સ કલેક્શનની વિગતો મેળવી સતત મોનિટરીંગ કરી રહ્યા છે. આ બધા વચ્ચે ગાંધીનગર કોર્પોરેશનને અત્યાર સુધીમાં મિલકત વેરાની 13.37 કરોડ જેટલો વેરો ભરાયો છે. ગાંધીનગર કોર્પોરેશનને 1.75 લાખ જેટલા પ્રોપર્ટીમાં 80.44 કરોડ જેટલું માંગણું છે. જેની સામે અત્યાર સુધી 13.37 કરોડ એટલે કે 16.23 ટકા જેટલો વેરો આવ્યો છે. જેમાં અંદાજે 30 હજાર જેટલા કરતાઓએ પોતાનો વેરો ભર્યો છે. ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં નવા-જુના વિસ્તારમાં મળીને કુલ 1.75 લાખ જેટલી મિલકતો છે. જેમાં દોઢ લાખ જેટલી રહેણાંક અને 25 હજાર જેટલી કોમર્શિયલ પ્રોપર્ટી છે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ચેતવણી

# કોઈ સલીમ સુરેશ બનીને દીકરીઓ-બેનને ફસાવશે તો સાંખી નહીં લેવાય

ગુજરાત | વંદન



ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મોરબી ખાતે 5 કરોડ 43 લાખથી વધુના ખર્ચે બાંધવામાં આવેલા આર.સી.સી ફ્રેમ સ્ટ્રક્ચરવાળા સુવિધાયુક્ત નવીન એસ.ટી. સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે મોરબીના નવા બસ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. બસ સ્ટેશનના લોકાર્પણ બાદ હર્ષ સંઘવીએ લવ જેહાદ કરનારાઓને ખુલ્લી ચેતવણી આપી હતી.

મોરબીમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ લવ જેહાદ મામલે નિવેદન આપીને બધાને ચોંકાવી દીધા છે. હર્ષ સંઘવીએ મોરબીમાં કહ્યું કે, કોઈ પણ નામ બદલીને કૃત્ય કરશે તો ચલાવી લેવામાં આવશે નહીં. તેમને કહ્યું કે, કોઈપણ સલીમ સુરેશ બનીને બેન દિકરીયોને ફંસાવશે તો તેને સાખી નહીં લેવામાં આવે. આવું કોઈ સુરેશ પણ સલીમ બનીને ના કરે, તેને પણ સાખી લેવામાં નહીં આવે. પ્રેમ કરવો ગુન્હો નથી પરંતુ પ્રેમના નામે કરવામાં કરવામાં આવતા ષડયંત્રને ચલાવી લેવામાં નહીં આવે. આજે મોરબીમાં આવેલા હર્ષ સંઘવીએ પોલીસને પણ કડક સૂચના આપી છે કે, આવી કોઈ ફરિયાદ કે અરજી આવે તો તે જ દિવસે તેની કાર્યવાહી કરવી.

# દહેગામમાં પાન મસાલા અને ગુટકાની ચોરી

ગુજરાત | વંદન

દહેગામમાં પાન-મસાલા દુકાનની શટરનો નકુચો તોડી દુકાનમાં પ્રવેશી પાન મસાલા, વિવિધ કંપનીની બીડી,સિગારેટના કાર્ટુન, ગુટકા સહિત 2 લાખના મુદ્દામાલની ચોરીની ઘટના સામે આવી છે. દુકાનદારે અજાણ્યા ચોરો વિરુદ્ધ દહેગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે. દહેગામ શહેરના વાસણા રાઠોડ રોડ ઉપર સ્વામિનારાયણ મંદિર સામે આવેલા શિવ શક્તિ કોમ્પલેક્ષ ખાતે બહુચર સ્ટોર્સ નામની પાન મસાલા ગુટકાની હોલસેલની દુકાન આવેલી છે ગત મોડી રાત્રે તસ્કરોએ ત્રાટકી દુકાનની શટરનો નકુચો તોડી તસ્કરોએ પ્રવેશ કર્યો હતો. જ્યાં રાખવામાં આવેલ બાગબાન તમાકુના બોક્સ, જુદી બ્રાન્ડની બીડી, સિગારેટના પેકેટ તેમજ વિવિધ બ્રાન્ડના પાન મસાલા અને ગુટકાના પેકેટ તો મળી અંદાજિત 2 લાખની કિંમતના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા ગુરુવારે સવારે ચોરી થઈ હોવા અંગેની જાણ દુકાનના માલિક હિરેનભાઈ પ્રજાપતિને થતા ઘટના સ્થળે આવી પહોંચી આ ચોરી અંગે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ દહેગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

# રાયસણમાં ફ્રેન્ચાઈઝીના નામે 42.71 લાખની છેતરપિંડી કરનાર ઝડપાયો

ગુજરાત | વંદન



રાયસણમાં વુડીજોન પિઝાની ફ્રેન્ચાઈઝીના નામે થયેલી 42.71 લાખની છેતરપીંડી કરનાર આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. નોંધનીય છે કે, આ અંગે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઈ હતી.

મળતી માહિતી મુજબ, રાયસણ પીડીપીયુ રોડ પર આવેલ એનેક્ષર કોમ્પલેક્ષમાં પાંચ દુકાનો લઈને વુડીજોન પિઝાની ફ્રેન્ચાઈઝીના ઓથાર હેઠળ કંપનીના માલિકે છેતરપીંડી કરી હતી. જે કેસમાં ઈન્ફોસિટી પોલીસે ભરત પંચાલ નામના શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. રાજ્યભરમાં વુડીજોન પિઝાનાં 30 જેટલા આઉટલેટ પૈકી ગાંધીનગરના રાયસણમાં પણ એક આઉટલેટ ખુલ્યું હતું.

અમદાવાદના કૃષ્ણનગર અમીધારા સોસાયટીમાં રહેતો ભરત વિષ્ણુભાઈ પંચાલ મામેંચા પ્રોજેક્ટ આઈ.એન.સી. હેઠળ વુડી જોન પિઝાનું આઉટલેટ ખોલવા 30 લાખ લેતો હતો. રાયસણના કલ્પેશ જયંતિલાલ પટેલનો સંપર્ક ભરત પંચાલ સાથે થયો હતો. જેથી ભરત પંચાલે પાંચેય દુકાનોમાં વુડી જોન પિઝાનું આઉટલેટ શરૂ કરવા 50.85 લાખ ફ્રેન્ચાઈઝી ચલાવવા પેટે લીધા હતા. બંને વચ્ચે થયેલ કરાર મુજબ વુડી જોન પિઝાનું આઉટલેટ શરૂ કરાઉં હતું. જોકે ત્રણ વર્ષના કરાર સામે ભરત પંચાલે પાંચ મહિના જ આઉટલેટ ચલાવીને બંધ કરી દીધું હતું. એગ્રીમેંટ મુજબ આપવાના થતા રૂપિયા 30.51 લાખ થતા 12.20 લાખ ફ્રેન્ચાઈઝીની ફીના મળી કુલ 42.71 લાખ કલ્પેશ પટેલને પરત કરાય ન હતા.

### અમદાવાદમાં માનવ તસ્કરીનો મામલો, માતા-પિતા સાવધાન રહેજો...

# સગીરાને કીડનેપ કરી 2 લાખમાં વેચી, પોલીસે બચાવીને પરિવારને સોંપી

**સગીરાનું અપહરણ કરી રાજસ્થાનમાં બે લાખમાં વેચી મારવાનું ષડયંત્ર રચ્યું હતું...**

■ **આરોપીઓને પકડી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી હતી**

ગુજરાત | વંદન

સગીર વયની દીકરીઓનું અપહરણ કરીને તેમને રાજસ્થાનમાં વેચી મારવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. અમદાવાદના કણભા પોલીસ સ્ટેશનમાં એક સગીર વયની બાળકીનું અપહરણ થયાની ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં એલસીબી અને એસઓજીએ વધુ તપાસ હાથ ધરી હતી. અલગ અલગ ટીમો બનાવીને ટેક્નીકલ અને ફિલ્ડ વર્ક કરીને આરોપીઓ સગીરાનું અપહરણ કરીને કઈ દીશામાં લઈ ગયાં છે તેની તપાસ કરવામાં આવી હતી. ત્યાર બાદ પોલીસે આરોપીઓને ઝડપીને શહેરમાં થતાં હ્યુમન ટ્રાફિકિંગના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ જિલ્લાના કણભા પોલીસ સ્ટેશનમાં ગત 12મી મેના રોજ એક સગીરવયની બાળકીનું અપહરણ થયું હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

આ ફરિયાદ બાદ આરોપીઓને તાત્કાલિક પકડવા માટે આઈજીપી ચંદ્રશેખરે એલસીબી અને



એસઓજીને આદેશ આપ્યો હતો. આરોપીઓને પકડી પાડવા માટે પોલીસે અલગ અલગ ટીમો બનાવી હતી. જેમાં તેઓ કઈ દીશામાં બાળકીને લઈ ગયાં છે તેની ટેક્નિકલ અને ફિલ્ડ વર્કને આધારે તપાસ કરવામાં આવી હતી.

આરોપી અશોક પટેલે તેની પત્ની રેણુંકા તથા રૂપલ મેકવાનની મદદગારીથી સગીરાનું અપહરણ કરીને તેને રાજસ્થાનમાં બે લાખમાં વેચી મારવાનું ષડયંત્ર રચ્યું હતું. તે સગીરાને રાજસ્થાનમાં લઈ જઈને વેચે તે પહેલાં જ પોલીસે આ ત્રણેય આરોપીઓને ઝડપી લીધા હતાં. આરોપીઓની મોડસ ઓપરેન્ડી પ્રમાણે તેઓ સગીર વયની ગરીબ વર્ગની બાળકીઓને નિશાન બનાવતાં હતાં. તેમને લલચાવી, ફોસલાવી, બળજબરી પૂર્વક તેમનું જાતિય શોષણ કરીને તેમને ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં લગ્ન માટે તૈયાર કરતાં હતાં અને લગ્ન માટે થઈને મોટી રકમની વસૂલાત કરતાં હતાં.

### કારની કાચ પર બ્લેક ફિલ્મ લગાડનાર ચેતજો, પોલીસ પકડશે

ગુજરાત | વંદન

કાળઝાળ ગરમીમાં અમદાવાદ શહેર પોલીસ સતત ટ્રાફિક નિયમનનું કામ કરે છે અને કોઈને પણ તકલીફ ન પડે તે માટે પ્રયાસ કરે છે પરંતુ, તેની સાથે કોઈ નિયમ તોડે તો તેને પણ નહીં છોડવાનું મન અમદાવાદ ટ્રાફિક પોલીસે બનાવી લીધું છે. અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આજે પોલીસે ખાસ ટ્રાફિકની ડ્રાઈવ રાખીને એવા લોકોને પકડ્યા હતા જે પોતાની કારમાં બ્લેક ફિલ્મ લગાવીને નીકળ્યા હતા. કારમાં બ્લેક ફિલ્મની સાથે-સાથે તેઓએ પોતાની કારમાં એક પ્લેટ લગાવી હતી, જે પ્લેટ પર તેઓએ પ્રેસ, પોલીસ અથવા ભારત સરકાર જેવી વિગતો લખી હતી. પોલીસે તેઓને ખાસ સબક શીખવાડ્યું અને તમામ ફિલ્મ તેમની સામે ઉતરાવીને તેમને સામાન્ય નાગરિક જ છે, તેવું સમજાવી દીધું હતું. કુલ 196 લોકોને આ માટે દંડ કર્યા હતો.

# ગુજરાત 'રેરા'ના હુકમનો અનાદર કરનાર બિલ્ડરો સામે કડક કાર્યવાહી

**મકાનના નબળા બાંધકામ અને પૂરતી સુવિધાઓ પૂરી ન પાડતા બિલ્ડર્સને 30 દિવસની સજા**




ગુજરાત | વંદન

ગુજરાતના નાગરિકોને વિશ્વાસપાત્ર, પારદર્શક અને ટકાઉ સ્થાવર મિલકત આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. નાગરિકોને મિલકતને લગતા કાયદાઓથી રક્ષણ આપવાની સાથે રોકાણને પ્રોત્સાહન પૂરું પાડવા માટે ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી એટલે કે ગુજરેરા કાર્યરત છે.

આ સત્તામંડળ હેઠળ નાગરિકોની મિલકતને લગતા પ્રશ્નોના ઉકેલ લાવી જે તે બિલ્ડર્સ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે છે. તાજેતરમાં જ ગુજરેરાના હુકમનો અનાદર કરી મકાન ખરીદનાર નાગરિકોને નબળા બાંધકામ, પૂરતી સુવિધાઓ પૂરી ન પાડવા બદલ ભાવનગરના બિલ્ડર્સને 30 દિવસ કેદની સજા ફટકારવામાં આવી છે, તેમ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના સચિવની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર નાગરિકો દ્વારા ભાવનગરના "રૂદ્ર રેસીડેન્સી" પ્રોજેક્ટના ફ્લેટમાં બાકી કામો જેવા કે લિફ્ટ, પાર્કીંગ, નબળા અને હલકા પ્રકારનું બાંધકામ અંગે ગુજરાત રેરામાં ફરિયાદ દાખલ કરાઈ હતી. જેને ધ્યાને લઈ ઓથોરીટી દ્વારા બન્ને પક્ષકારોને પૂરતી તક આપી રૂદ્ર ડેવલપર્સ પ્રોજેક્ટમાં એ,બી,સી,ડી ચાર વિંગમાં ચાર લિફ્ટ ત્રણ માસમાં પૂરી પાડવા હુકમ કરવામાં આવ્યો હતો. પરંતુ સમયમર્યાદામાં આ સુવિધા પૂરી પાડવામાં ન આવતા ફરિયાદીઓ દ્વારા રેરા ઓથોરીટીમાં એક્ઝીક્યુશન પીટિશન દાખલ કરવામાં આવી હતી. જે અંતર્ગત ગુજરાત રેરા દ્વારા હુકમ કરી ધરપકડ વોરંટ ઈશ્યુ કરીને રુદ્ર ડેવલપર્સના ભાગીદારો બાબુભાઈ વેલજીભાઈ બારૈયા અને હસમુખભાઈ શાંતિલાલ મેરને 30 દિવસ કેદની સજા ફટકારી ગુજરાત રેરાની સિવિલ જેલમાં મોકલી આપ્યાં છે.

### હાઉસિંગ સેગમેન્ટની સતત વધી રહી છે માંગ

# જંત્રીના ભાવ વધ્યા બાદ ભાડજમાં 195 કરોડમાં જમીનનો સોદો થયો!

ગુજરાત | વંદન

જંત્રીના દરોમાં ભાવ વધારા અમદાવવાદ સ્થિત ભાડજમાં ત્રણ પ્લોટની જમીનનો રૂ. 195 કરોડમાં સંયુક્ત સોદો થયો છે. અંદાજે 4500 ચોરસ યાર્ડમાં ફેલાયેલા દરેક પ્લોટનું વેચાણ લગભગ રૂ. 1.5 લાખ પ્રતિ ચોરસ યાર્ડના ભાવે થયું હોવાનું સામે આવ્યું છે.

ઉત્તર ગુજરાતના 3 ડેવલપર્સે ભેગા મળીને આ જમીન ખરીદી છે અને હવે તેઓ 36 મીટરના રોડ પર સ્થિત આ પ્લોટ પર રેસીડેન્સીયલ પ્રોજેક્ટ શરૂ કરવાની યોજના ધરાવે છે.

આ સમગ્ર મામલે આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર જંત્રીના દરમાં વધારા પછી રિયલ એસ્ટેટ સેક્ટર ધીમે ધીમે સામાન્ય સ્થિતિમાં આવી રહ્યું છે અને ડેવલપર્સ દ્વારા જમીનની ઈન્કવાયરીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. એક સૂત્રએ જણાવ્યા અનુસાર ઉત્તર ગુજરાતના ત્રણ ડેવલપર્સે ભાજડમાં આ જમીન ખરીદી છે. છેલ્લા એક વર્ષમાં આ વિસ્તારમાં ખાસ્સું ડેવલપમેન્ટ થયું છે જે ડેવલપર્સને રેસીડેન્સીયલ પ્રોજેક્ટ શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

શ્રેણીબદ્ધ વ્યાજદર વધારાને કારણે એકંદર માંગમાં મંદી હોવા છતાં અમદાવાદ રિયલ એસ્ટેટ સેક્ટરમાં પોસાય તેવા હાઉસિંગ સેગમેન્ટની સતત માંગ જોવા મળી છે. તેમ છતાં ડેવલપર્સ રિયલ એસ્ટેટ માર્કેટમાં ભાવિ માંગ અંગે આશાવાદી છે.

### અત્યાર સુધીમાં 11 આરોપીઓને ઝડપી લેવાયા

# પાંચ હજાર કરોડના ક્રિકેટ સટ્ટા કાંડમાં મુખ્ય આરોપીનો સાગરીત પકડાયો

ગુજરાત | વંદન

રૂપિયા પાંચ હજાર કરોડના સટ્ટા બેટિંગના કૌભાંડમાં સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓએ ઝડપેલા નિલેશ રામીની પુછપરછમાં અનેક વિગતો પ્રાપ્ત થઈ રહી છે. જેમાં આ કૌભાંડના મુખ્ય સુત્રધાર હર્ષિત જૈનને માસ્ટર આઈડી આપનાર નિકોલના જીગ્નેશ પટેલને ઝડપી લીધો હતો. આ ઉપરાંત, મહાવીર એન્ટરપ્રાઈઝની ઓફિસનો ભાડા કરાર કરનારની પણ ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાતના સૌથી મોટા સટ્ટા બેટિંગ કાંડની તપાસ કરી રહેલી સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓએ થોડા દિવસ



પહેલા નિલેશ રામી નામના એક આરોપીની ધરપકડ કરી હતી. જેની પુછપરછમાં એક પછી એક મોટા ખુલાસા થઈ રહ્યા છે. જેમાં રિમાન્ડ દરમિયાન પોલીસ સમક્ષ તેણે ચોંકાવનારી વિગતો આપી હતી કે આ કેસના મુખ્ય માસ્ટર માઈન્ડ હર્ષિત જૈનને જીગ્નેશ પટેલ નામના બુકીએ માસ્ટર આઈડી અને લોગઈન આપ્યા હતા. જે માટે હર્ષિત જૈને કરોડો રૂપિયા ચુકવ્યા હતા. જે બાતમીને આધારે પોલીસે નિકોલ જન સેવા કેન્દ્ર પાસે આવેલા શિલ્પ-૨ બંગ્લોઝમાં રહેતા જીગ્નેશ પટેલને ઝડપી લીધો હતો. જેને કોર્ટમાં રજૂ કરીને સાત દિવસના રિમાન્ડ મેળવીને પુછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે તેની પાસેથી બે મોબાઈલ ફોન અને એક લેપટોપ પણ જપ્ત કર્યું હતું.પોલીસને વધુમાં વિગતો જાણવા મળી હતી કે સટ્ટા બેટિંગના કૌભાંડ ચલાવવામાં માટે હર્ષિત જૈન મહાવીર એન્ટર પ્રાઈઝ નામની ઓફિસ ધરાવતો હતો. જેનો ભાડા કરાર અજય જૈનના નામે હતો. મોનીટરીંગ સેલ દ્વારા પર્ણકુંજ સોસાયટી, શાહીબાગ ખાતેથી તેની ધરપકડ કરીને પુછપરછ કરવામાં આવી રહી છે.

### ગુજરાત સરકાર મોંઘવારી ભથ્થુ જાહેર કરવાની તૈયારીમાં

ગુજરાત | વંદન

ગુજરાતના પાંચ લાખ જેટલા કર્મચારીઓને ટુંક સમયમાં સરકાર મોટો લાભ કરાવવા જઈ રહી છે. રાજ્ય સરકાર મોંઘવારી ભથ્થુ જાહેર કરવાની તૈયારીમાં છે. આ માટેની પ્રક્રિયા પણ અંતિમ તબક્કામાં છે. સરકાર દ્વારા આઠ ટકા મોંઘવારી ભથ્થુ જાહેર કરવામાં આવી શકે છે. સરકાર ગત વર્ષની જેમ ત્રણ હપ્તામાં મોંઘવારી ભથ્થુ ચૂકવે તેવી શક્યતાઓ છે. આ માટે જાહેરાત ટુંક સમયમાં થઈ શકે છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્યના કર્મચારીઓને જે 34 ટકા મોંઘવારી ભથ્થુ આપવામાં આવે છે તેમાં ચાર ટકાનો વધારો કરીને અપાય છે. જાન્યુઆરી 2023થી આ 38 ટકામાં હવેથી 4 ટકાનો વધારો કરીને 42 ટકા મોંઘવારી ભથ્થુ અપાય તેવી માંગ છે.

### 27મીએ લેવાશે પરીક્ષા, 5 હજાર ઉમેદવારો નોંધાયા

# દિવ્યાંગ વિદ્યાથીઓ માટેના શિક્ષકની પ્રથમવાર TAT પરીક્ષા

ગુજરાત | વંદન

ગુજરાતમાં દિવ્યાંગો માટે શિક્ષણ ખાતુ પણ દિવ્યાંગો માટે શાળામાં શિક્ષણ આપે છે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં નોર્મલ બાળકો સાથે વિકલાંગોને ભણાવાની યોજના ચાલે છે. ત્યારે ધોરણ 1થી 8ની સ્કૂલોમાં ભણતા દિવ્યાંગ વિદ્યાથીઓ માટે સ્પેશ્યલ એજ્યુકેટર્સ એટલે કે ખાસ શિક્ષકોની પ્રથમવાર TAT પરીક્ષા લેવામાં આવશે. જે 27મીએ લેવાશે. આ પરીક્ષા માટે રાજ્યભરમાંથી 5 હજાર ઉમેદવારો નોંધાયા છે.

ગુજરાતમાં દિવ્યાંગ વિદ્યાથીઓને ભણાવતા સ્પેશિયલ એજ્યુકેટર્સ માટે TAT પરીક્ષા ક્યારેય લેવામાં આવી નથી.



હાઈકોર્ટના આદેશ બાદ સરકારે પ્રથમવાર TAT પરીક્ષા જાહેર કરી છે. સ્પેશ્યલ એજ્યુકેટર્સ માટેની ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ TAT પ્રથમવાર 27મી મેના રોજ લેવામા આવનાર છે. જેમાં ધોરણ 1થી 5ના શિક્ષકો માટે બપોરે 12થી દોઢ વાગ્યા સુધી અને ધોરણ 6થી 8ના શિક્ષક માટેની TAT સાંજે 4થી 6 દરમિયાન લેવાશે. આ પરીક્ષામાં 1થી 5 માટે 2500 ઉમેદવારો અને ધોરણ 6થી 8 માટે પણ 2500 ઉમેદવારો રાજ્યભરમાંથી નોંધાયા છે.

### કેન્દ્ર સરકાર પાસે ફક્ત 1.50 લાખ ટન તુવેરદાળનો સ્ટોક

# ગુજરાત રાશનકાર્ડ ધારકોને હવે તુવેરદાળના બદલે ચણા-મસૂર અપાશે

ગુજરાત | વંદન

દેશમાં ફરી એક વખત 'દાળ'ની સમસ્યા ઉભી થઈ છે. તુવેરદાળના ઘટેલા ઉત્પાદન અને વધતી માંગના કારણે કેન્દ્ર સરકારે હવે ગુજરાત સહિતના રાજ્યોને તેવી જાહેર વિતરણ વ્યવસ્થામાં તુવેર દાળના બદલે ચણા અથવા મસૂરની દાળ આપવાની સૂચના આપી છે. ખાસ કરીને ગુજરાત, તામિલનાડુ અને આંધ્રપ્રદેશની સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા મારફત તુવેરદાળ આપે છે તેના બદલે બંગાળના ચણા અને મસુરની ખરીદી કરીને જાહેર વિતરણ વ્યવસ્થા મારફત આપવા જણાવ્યું છે. જો કે તામિલનાડુ સરકારે તો તેના રાજ્યમાં તુવેરદાળનો પોષક આહાર તરીકે ઉપયોગ



થતો હોવાથી તેને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આપવા ખુલ્લા બજારમાંથી તુવેરદાળ ખરીદી શરુ કરી છે. દેશમાં સપ્ટેમ્બરના પુરા થતા વર્ષમાં તુવેરનું ઉત્પાદન ઘટીને 25થી28 લાખ ટન રહ્યું છે. જેની સાથે સ્થાનિક વપરાશ 43થી44 લાખ ટનનો છે અને કેન્દ્ર સરકાર પાસે હવે 1.50 લાખ ટન તુવેરદાળનો જથ્થો ઉપલબ્ધ છે.

જેના કારણે તુવેર દાળના ભાવ સતત વધતા રહે છે. કેન્દ્ર સરકાર રાજ્યને તુવેરદાળમાં રૂા.15 પ્રતિકિલોના ઓછા ભાવે આ દાળ પુરી પાડે છે અને હવે ડિસ્કાઉન્ટ ચણા પર ઓફર કરશે. આમ ચણા પરની સબસીડી લગભગ ડબલ થઈ છે.

કેન્દ્ર વતી અત્યાર સુધીમાં 18 લાખ ટન ચણા અને 49 હજાર ટન મસૂરની ખરીદી કરી છે. જો કે કેન્દ્ર પાસે તમામ કઠોળનો કુલ 40 લાખ ટનનો જથ્થો છે તેથી એકંદરે પરીસ્થિતિ કાબુમાં છે તો બીજી બાજુ મ્યાનમાર વાતચીત કરી આ દેશમાંથી તુવેરદાળ ખરીદવાની અને નિયમિત રીતે જથ્થો મળે તે જોવા પ્રયાસ થઈ રહ્યા છે. ભારતમાં વેપારીઓ મ્યાનમારમાંથી 2.50 લાખ ટન અડદ અને એક લાખ ટન તુવેર આયાત કરી શકે છે.

### જિલ્લા પોસ્ટ ઓફીસોમાં બનેલા સેવા કેન્દ્ર ખુલ્લા રહેશે

# હવે શનિવારે પણ ખુલ્લા રહેશે પાસપોર્ટ સેવા કેન્દ્રો, નહીં જોવી પડે વધુ રાહ

ગુજરાત | વંદન

વિદેશ જવા માટે પાસપોર્ટ અગત્યનો દસ્તાવેજ છે. હાલ પાસપોર્ટ માટે અરજી કર્યાના ઘણા દિવસ સુધી લોકોને પાસપોર્ટ મળતો નથી. લોકોની સમસ્યાને લઈ વિદેશ મંત્રાલય દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. અરજદારોને પાસપોર્ટ માટેની એપોઈન્ટમેન્ટ ઝડપી અને સરળતાથી મળી રહે તે માટે જિલ્લા પોસ્ટ ઓફિસમાં બનેલા પાસપોર્ટ સેવા કેન્દ્રો હવે દર શનિવારે ખુલ્લા રહેશે. આગામી આદેશ ના થાય ત્યાં સુધી દર શનિવારે જિલ્લા પોસ્ટ ઓફીસોમાં બનેલા પાસપોર્ટ સેવા કેન્દ્ર ખુલ્લા રહેશે.

આજકાલ દેશમાં ડિજિટલ ઈન્ડિયા યોજનાને જોતા સરકારે દરેક વસ્તુ ડિજિટલ કરી દીધી છે.




હવે ઘરે બેસીને કામ આરામથી કરી શકાય છે. આજકાલ કોઈપણ કામ માટે 10 વખત ઓફિસના ચક્કર નથી કાપવા પડતા. હાલ પાસપોર્ટ બનાવવો પણ સરળ થઈ ગયો છે. સરકારે આ માટે ઓનલાઈન સુવિધા શરૂ કરી છે. હવે પાસપોર્ટ બનાવવા પાસપોર્ટ ઓફિસના ધક્કા પણ નથી ખાવા પડતા. વિદેશ જવાની ઘેલક્ષા અને આઈડીના મહત્વના દસ્તાવેજ તરીકે પાસપોર્ટ કઢાવવાનું ચલણ વધી રહ્યું છે તેથી પણ ભરાવો થયો છે.

### 20 લાખમાં આઈડી પાસવર્ડ ભાડેથી રાખી સટ્ટો રમાતો હતો

# ગાંધીનગરના ભાટમાં સુમેલ બંગલોમાં એલસીબી ત્રાટકી, બુકીની ધરપકડ

ગુજરાત | વંદન

ગાંધીનગરનાં ભાટમાં શગુન ફાર્મની બાજુમાં આવેલ સુમેલ બંગલોમાં ચાલતાં ક્રિકેટ સટ્ટા નેટવર્કનો પર્દાફાશ કરી લોકલ ક્રાઈમ બ્રાંચે એક બુકીને રંગેહાથ ઓનલાઈન ક્રિકેટનો સટ્ટો રમી રમાડતાં ઝડપી પાડી 65 હજારનો મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો છે. ત્યારે એલસીબીની પ્રાથમિક તપાસમાં પકડાયેલ બુકીને ભાટનાં શીવુભાઈ નામના બુકીએ 20 લાખમાં માસ્ટર આઈડી પાસવર્ડ માસિક 25 હજારના ભાડે વેચાણથી આપ્યો હોવાનું ખુલવા પામ્યું છે.

ગાંધીનગરના રાંદેસણમાં મારુતિ મેગન્મ સોસાયટીનાં પેન્ટ




હાઉસમાં ચાલતાં આંતરાષ્ટ્રીય ક્રિકેટ સટ્ટાનું એલસીબીએ નેટવર્ક ઝડપી પાડી 17 પંટરોને ઝડપી પાડવામાં આવ્યા હતા. દુબઈથી ઓપરેટ થતાં કરોડો રૂપિયાના ક્રિકેટ સટ્ટા પ્રકરણની તપાસનો રેલો "મહાદેવ બુક" સુધી પહોંચી ચૂક્યો છે. પરંતુ હાઈટેક ટેક્નોલૉજીથી ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક ચલાવતા મેઈન બુકીઓ ભૂગર્ભમાં ઉતરી ગયાં છે. એવામાં ગાંધીનગરના ભાટ ખાતેથી વધુ એક ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક એલસીબીએ ઝડપી પાડી પાડયું છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**નલ સે જલ:** આ તસ્વીર કોઈ કચ્છ સૌરાષ્ટ્ર કે પાણીની તંગી હોય તેવા વિસ્તારની નથી પણ શહેરમાં વાસણાથી એપીએમસી માર્કેટ જતા વચ્ચે ખાડામાં રાખેલ પાણીની પાઈપ દ્વારા કેરબાઓ મુકીને પાણી ભરવામાં આવી રહ્યું છે.




**આઈપીએલ કે લિયે કુછ ભી કરેગા:** હાલમાં આઈપીએલ ક્રિકેટ ફીવર ચાલી રહ્યું છે, શહેરના કાળુપુર બજારમાં એક આઈપીએલ નામ સાથે છ ફુટ લાંબા બેટ અને પાંચ ફૂટ ના સ્ટમ્પ બનાવી આઈપીએલ પ્રત્યેની રુચી વ્યક્ત કરી હતી.



**મહાદાન રક્તદાન:** રથયાત્રાના પર્વ નિમિત્તે સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં પોલીસ કર્મીઓ અને નાગરિકો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. તસ્વીરમાં પોલીસકર્મીઓ અને અન્ય લોકો સમુહમાં રક્તદાન કરતા જણાય છે.



**ગાંધી અને ચરખો:** અમેરિકાના મુંબઈ ખાતેના કોન્સુલેટ જનરલ એરી ગારસેટ્ટી શહેરની મુલાકાતે આવ્યાં ત્યારે પરંપરા અનુસાર સાબરમતી આશ્રમની મુલાકાત લઈને ગાંધીજીનો ચરખો ચલાવીને ભાવાંજલિ આપી હતી.

### 60 ટકાથી વધુ કામગીરી પૂર્ણ થયા બાદ કોન્ટ્રાક્ટર દબાવી રહ્યાં છે નાક...

# સરકારની યોજનાના મકાનો બનાવનાર કોન્ટ્રાક્ટરો આડા ફાટ્યા: ભાવ વધારો આપો...!

**અમદાવાદમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના 7000 મકાનોનું બાંધકામ રઝળી પડે તેમ છે**

ગુજરાત | વંદન

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓ હેઠળ હજારો મકાનો ગરીબો માટે બની રહ્યાં છે. અમદાવાદમાં આવા મકાનો બનાવનાર બે કોન્ટ્રાક્ટરોએ ભાવ-વધારાની માંગણીને લઈને આવાસ નિર્માણનું કામ અટકાવી દીધુ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં વસતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને આવાસ યોજનાના મકાનો આપવા માટે પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાનો બનાવવામાં આવે છે. પરંતુ શહેરના સોલા, નારોલ, મોટેરા, નિકોલ સહિતના વિસ્તારોમાં બનાવવામાં આવેલા કુલ 7,000થી વધુ આવાસ યોજનાના મકાનોની કામગીરી કોન્ટ્રાક્ટરના કારણે બંધ પડી છે. કોન્ટ્રાક્ટર વંદેમાતરમ પ્રોજેક્ટ અને જ્યોતિ ઈન્ફ્રાટેક પ્રાઈવેટ લિમિટેડ નામના કોન્ટ્રાક્ટરો દ્વારા 60 ટકાથી વધુ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે પરંતુ હવે કોન્ટ્રાક્ટર દ્વારા વધુ ભાવ વધારાની માંગણી કરવામાં આવતા કામગીરી બંધ પડી છે.


7000 જેટલા આવાસ યોજનાના બંને કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની દરખાસ્ત આજે સ્ટેન્ડિંગ કમિટીમાં મૂકવામાં આવી હતી. જેને વિચારણા હેઠળ બાકી રાખવામાં આવી છે. ભાજપના



સત્તાધીશો દ્વારા હવે કોન્ટ્રાક્ટરોને સમજાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કારણ કે 60 ટકાથી 90 ટકા સુધીની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને હવે ભાવ વધારા માંગવાના કારણે જો તેઓ કામગીરી બંધ રાખશે અને બ્લેકલિસ્ટ કરવામાં આવશે તો નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરી અને નવા કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવશે તો પણ વધુ ભાવ આપવા પડશે. કોરોના કહેરને લઈને કામગીરી અગાઉથી જ વિલંબમાં હતી. ત્યારબાદ હવે ભાવ વધારાની માંગ સાથે કામગીરી બંધ કરી દેવામાં આવતા સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આ મામલો વિચારણા માટે પેન્ડિંગ રાખવામાં આવ્યો છે. જેને લઈને હવે આગામી સમયમાં વિચારણા બાદ નિર્ણય કરાશે.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# જય હો બર્ફાની બાબા કી..,
## આવા જ નિયંત્રણો ચારધામ યાત્રા માટે પણ ના મૂકી શકાય..?!



પહેલી જુલાઇથી બર્ફાનીબાબાની અમરનાથયાત્રા શરૂ થઇ રહી છે. 14 હજાર ફૂટની ઉંચાઇએ એક ગુફામાં બર્ફમાંથી આપમેળે શિવલિંગ બને છે અને તેના પાવન દર્શન માટે લાખો શિવભકતો દેશભરમાંથી પહોંચે છે. ઉંચાઇ પર કોઇની તબિયત બગડે ત્યારે પડતી મુશ્કેલીઓને વગેરે.ને ધ્યાનમાં રાખીને નવા નિયમો બનાવ્યાં છે, જે આવકારને પાત્ર છે.

નવા નિયમો મુજબ, હવે 13 વર્ષની નીચેના અને 75 વર્ષથી વધુ ઉંમરના કોઈપણ વ્યક્તિને અમરનાથ યાત્રા પર જવાની મંજુરી અપાશે નહીં. ઉપરાંત 6 મહિનાથી વધુની પ્રેગન્સી ધરાવનાર સગર્ભા મહિલાઓનું યાત્રા માટે રજીસ્ટ્રેશન પણ બંધ કરાયું છે. આ નવા નિયમો આવકારની સાથે. મોડે મોડે પણ એક સારો નિયમ ભકતોને પડતી મુશ્કેલીઓને લઇને કરાયો છે તે જોતાં વાસ્તવમાં ઘણાં સમય પહેલા આવો નિયમ બનાવવાની જરૂર હતી.

બર્ફાનીબાબાના દર્શન માટે અમંરનાથની યાત્રા કઠીનમાં કઠીન મનાય છે. વર્ષમાં એક જ વાર અને બે મહિના માટે જ અથવા બર્ફમાંથી બનેલા બર્ફાનીબાબા પિગળી જાય ત્યાં સુધી દર્શન કરવા દેવામાં આવે છે. સમગ્ર રસ્તો સુસામ, નિર્જન અને વેરાન હોય છે.

રસ્તામાં રહેવાની કોઇ કાયમી વ્યવસ્થા જેમ કે હોટેલ ગેસ્ટહાઉસ, પરિવહન સેવા એવું કાંઇ નથી. વાહન જઇ શકે ત્યાં સુધી યાત્રાળુઓને લઇ જઇને ત્યારબાદ પગપાળા યાત્રા કરવાની હોય છે અને 14 હજાર ફૂટની ઉંચાઇ સુધી ચડવાનું, ચાલવાનું વગેરેને કારણે મોટી વયના, નાના બાળકો અને સગર્ભા મહિલાઓને પારાવાર મુશ્કેલીઓ પડતી હતી.

રસ્તામાં કોઇની તબિયત બગડે તો તેને તાત્કાલિક હોસ્પિટલ લઇ જવાનું અશકય હતું. પરિણામે અમરનાથની યાત્રામાં સંખ્યાબંધ યાત્રાળુઓ નિધન પામતા હતા અને વહીવટીતંત્રને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને જે નવો નિયમ બનાવાયો તેનાથી હવે 13 વર્ષથી નાની વયના અને 75 વર્ષથી મોટી વયના તથા સગર્ભાઓને મનાઇ ફરમાવતા મુત્યઆંક ઘટી શકશે.

અમરનાથની યાત્રા દર વર્ષે વર્ષોથી યોજાય છે. છતાં આખા રસ્તામાં કોઇ કાયમની વ્યવસ્થા અન્ય પાવન યાત્રાધામોની જેમ કરવામાં આવતી નથી. યાત્રાળુઓ માટે જમવા વગેરેની વ્યવસ્થા એનજીઓ અને ધાર્મિક ટ્રસ્ટો દ્વારા થાય છે. સરકારી રાહે યાત્રાળુઓની સુરક્ષા સિવાય અન્ય કોઇ સેવા ખૂબ ઓછી હોય છે. ખાસ તો યાત્રાળુઓની સુરક્ષા સૌથી મોટી જવાબદારી છે કેમ કે એ વિસ્તારમાં આતંકીઓનું વર્ચસ્વ છે. ભૂતકાળમાં અમરનાથ યાત્રા પર હુમલાના બનાવો બન્યા છે. કેટલાય નિર્દોષ ભકતજનો તેના ભોગ બન્યા છે.

અત્યાર સુધી એવુ હતું કે કોઇ પણ વયના લોકો નોંધણી કરીને યાત્રાએ નિકળી પડતા હતા. બિમાર-અશકત અને વૃધ્ધ યાત્રાળુઓને ઉંચાઇએ શ્વાસ લેવામાં તકલીફને કારણે તેમની તાત્કાલિક સેવા માટેની સુવિધા એટલી હોતી નથી કે જેટલી હોવી જોઇએ, પરિણામે તેમને પરોતાનો જીવ ગુમાવવાનો વારો આવતો હતો. નવા નિયમોથી યાત્રામાં સરળતા રહેશે. જુવાનિયાઓ હોંશે હોંશે યાત્રા કરશે.

આ ઉપરાંત જેમ અમરનાથયાત્રા માટે જે નવા નિયમો બનાવવામાં આવ્યાં તેવા જ નિયમો ચારધામયાત્રા માટે બનાવવા જરૂરી છે. કેમ કે અમરનાથની યાત્રાની જેમ ચારધામવાળાઓને પણ હવામાન વગેરેનો સામનો કરવો પડતો હોય છે. તેથી નાના બાળકો અને મોટી વયનાઓને નિયંત્રિત કરી શકાય તો તેનાથી વહીવટીતંત્ર ઉપર પણ કાર્યભાર લવુ થઇ શકે. ખાસ કરીને કેદારનાથબાબાની યાત્રા કઠીન મનાય છે. બ્દ્રીનાથ માટે તો છેક મંદિર સુધી જઇ શકાય છે તેથી તેમાં નિયંત્રણ જરૂરી નથી. પણ યમનોત્રી અને ગંગોત્રી માટે ચાલવાનું વધારે હોવાથી પારાવાર મુશ્કેલીઓ પડે છે. શું અમરનાથની જેમ તેને પણ નવા નિયમ હેઠળ આવરી લઇ શકાય....એ બાબતે પણ વિચારણા જરૂરી છે.

**કર્ણાટકની ચૂંટણીઓમાં રાહુલ-પ્રિયંકાની ભાઇ-બહેનની જોડીએ પાર્ટીમાં નવો પ્રાણ ફૂંક્યો...**

# કોંગ્રેસને 'ભારત જોડો યાત્રા' ફળી- કર્ણાટકમાં ફરી સત્તા મળી...

**મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર તોડનાર જ્યોતિરાદિત્યને જવાબ આપવા ભાઇ-બહેનની જોડી મચી પડે તો નવાઇ નહીં.**

સાપ્તાહિક ગુજરાત વંદન

મહારાષ્ટ્રની હદ પૂરી થતાં જ્યાંથી દક્ષિણ ભારત શરૂ થાય છે તે કર્ણાટક રાજ્યમાં કોંગ્રેસે 224માંથી 136 બેઠકો સાથે પૂર્ણ બહુંમત કરતાં વધારે બેઠકો મેળવીને એમ કહેવાય કે કોંગ્રેસે વિરોધીઓને રાજકીય જવાબ આપ્યો કે કોંગ્રેસમુક્ત ભારત એક જુમલા જ છે. કર્ણાટકમાં પંજાની જીતની સાથે કોંગ્રેસને પ્રિયંકાના રૂપમાં નવા ઇન્દિરા ગાંધી પણ મળ્યા.

પ્રિયંકા અને રાહુલ કર્ણાટક પહેલા યોજાયેલી ગુજરાતની ચૂંટણીમાં ભાગ્યે જ ફરક્યા હશે. પ્રિયંકા તો એકવાર પણ આવી નહોતી. જ્યારે રાહુલ ગાંધી ભારત જોડો યાત્રામાંથી સમય કાઢીને એક કે બે દિવસ પ્રચાર માટે આવ્યાં હતા. પણ બન્ને ભાઇ-બહેનની જોડીએ કર્ણાટકમાં ધૂંઆદાર અને આક્રમક પ્રચાર કરીને પોતાની ગુમાવેલી સત્તા પરત મેળવવાની સાથે પૂરવાર કર્યું કે કોંગ્રેસમાં નવી પરિપક્વ નેતાગીરી તૈયાર થઇ ગઇ છે.

આ અગાઉ પ્રિયંકાએ યુપી વિધાનસભામાં પ્રચારની જવાબદારી સંભાળી હતી પણ સફળતા મળી નહોતી. તે પછી હિમાચલની ચૂંટણીમાં પ્રિયંકાએ પ્રચાર કર્યો અને સત્તા મળી. અને હવે કર્ણાટકમાં સત્તા મેળવ્યા બાદ રાહુલ-પ્રિયંકા આ જ રીતે મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં પણ પ્રચાર કરે તેમ છે. ખાસ કરીને ભાજપે જ્યાં પાછલા બારણે સત્તા મેળવી તે મધ્યપ્રદેશમાં બળવાખોર જ્યોતિરાદિત્ય સિંધિયાને જવાબ આપશે. કેમ કે તેમણે જ કોંગ્રેસની કમલનાથ સરકારને તોડીને ભાજપને સરકાર રચી આપી હતી.

તે અગાઉ કર્ણાટક ચૂંટણીઓના આકલન પર નજર નાંખીએ તો એવુ જોવા મળે છે કે, કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં 'બજરંગબલી'ને ચૂંટણીનો મુદ્દો બનાવનાર ભાજપને હિંદુઓની આસ્થા મુજબ આ આરાધ્ય સાથે જોડાયેલા દિવસ શનિવારે જ પરિણામનો દિવસ 13 મે) ભારે પરાજય સાંપડ્યો છે.

ભાજપની 64 કરતાં કોંગ્રેસે લગભગ બમણી 136 બેઠકો મેળવી છે. આ પરિણામો મોટાભાગના એૅક્ઝિટપોલ મુજબના અનુમાનો મુજબ જ રહ્યાં હતાં અને જનતા દળ-સેક્યુલર(જેડીએસ) ત્રીજા ક્રમે રહ્યો છે. 1985 પછી કર્ણાટકમાં કોઈ પણ એક જ પક્ષની સતત બીજી વખત સરકાર નથી બની અને એવું જ 2023ના ચૂંટણીપરિણામોમાં પણ દેખાય છે.

મૂળ કર્ણાટકના ભાજપના નેતા બી.એલ. સંતોષની વ્યૂહરચના, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શો અને ચૂંટણીસભાઓ તથા ડબલ એૅજિન સરકાર....નાં નારા છતાં કર્ણાટકવાસીઓએ સત્તારૂઢ પક્ષને જાકારો આપીને કોંગ્રેસને એકલે હાથે સરકાર રચી શકે`ટલી બેઠકો આપી છે.ચૂંટણીનાં વલણો (અને પરિણામ)માં કૉંગ્રેસે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી છે. વર્તમાન મુખ્ય મંત્રી બીએસ બોમ્માઈએ પરાજયનો સ્વીકાર કર્યો છે અને પાર્ટીને સંગઠિત કરીને પુનરાગમન કરવાની વાત કહી છે.

કર્ણાટકમાં ભાજપે અન્ય રાજ્યોની જેમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ચહેરા ઉપર જ ચૂંટણી લડી હતી. મુખ્ય મંત્રી બીએસ બોમ્મઈને મુખ્ય મંત્રીપદે બેસાડવામાં આવ્યા હતા. પરંતુ તેઓ યોગી આદિત્યનાથ, શિવરાજસિંહ ચૌહાણ કે હેમંતા બિશ્વા શર્માની જેમ પોતાના રાજ્યમાં જનાધાર ધરાવતા નેતા માનવામાં આવતા નથી.

એક તબક્કે ભાજપ છોડી ગયેલા અને પાર્ટીમાં પુનરાગમન બાદ ફરી મુખ્ય મંત્રી બનેલા બી.એસ. યેદિયુરપ્પાને જનાધારવાળા નેતા માનવામાં આવે છે. તેઓ સંખ્યાબળની દૃષ્ટિએ નોંધપાત્ર સંખ્યા ધરાવતા લિંગાયત સમુદાયના છે, જેના ઉપર તેઓ પ્રભુત્વ ધરાવે છે, પરંતુ તેમને મુખ્ય મંત્રી તરીકે પ્રોજેક્ટ કરવામાં નહોતા આવ્યા અને તેમને પરોક્ષ રીતે નિવૃત કરયા હતા.

કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એંસી વર્ષ કરતાં વધુ ઉંમર છતાં પોતાના ગૃહરાજ્યમાં વ્યાપક ચૂંટણીઅભિયાન હાથ ધર્યું હતું અને દલિતોની બહુમતીવાળા વિસ્તારોમાં તેમની પોતાની ભાષામાં સંવાદ સાધ્યો હતો.

ડીકે શિવકુમારના નેતૃત્વમાં કર્ણાટક કૉંગ્રેસે ચૂંટણીના લગભગ એક વર્ષ પહેલાંથી જ પ્રચાર માટે કમર કસી હતી. ચૂંટણીના લગભગ છ મહિના પહેલાં 'PayCM' અભિયાન ચલાવ્યું હતું અને રાજ્યભરમાં ઠેર-ઠેર ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા હતા. કૉંગ્રેસે આરોપ મૂક્યો હતો કે રાજ્યની ભાજપ સરકાર દ્વારા '40 ટકા કમિશન' વસૂલવામાં આવે છે.

કૉંગ્રેસ દ્વારા નેગેટિવ અને પૉઝિટિવ પ્રચારઅભિયાનનો સમન્વય કરવામાં આવ્યો હતો. પાર્ટીએ તેના ચૂંટણી ઢંઢેરામાં મહિલાઓને મફત બસ પ્રવાસ, માસિક રૂ. બે હજારનું ભથ્થું, ગ્રૅજ્યુએટોને રૂ. ત્રણ હજાર, ડિપ્લોમાધારકોને રૂ. 1500નું બેરોજગારી ભથ્થું, 10 કિલો ચોખા અને 200 યુનિટ મફત વીજળી જેવાં વચન આપ્યાં છે. જેનો સ્વીકાર થતો જણાય છે. અને કોંગ્રેસ તેનો અમલ કરવા જઇ રહી છે.

કર્માટકમાં ભારત જોડોયાત્રાને સૌથી વધુ વિસ્તારોમાં ફેરવવામાં આવી હતી અને રાહુલ પ્રત્યે સહાનુભૂતિ થઇ હોય તેમ જ્યાં ભારત જોડોયાત્રા પસાર થઇ એ વિસ્તારોમાં કોંગ્રેસને સૌથી વધુ બેઠકો મળી છે. તેથી એમ કહી શકાય કે સપ્ટેમ્બર,2022માં યોજાયેલી ભારત જોડો યાત્રા એક રીતે જોતાં સફળ રહી અને તેના રાજકીય લાભો પંજાને મળતા થ ય ાં છે. આ યાત્રા મધ્યપ્રદેશ અને રાજસ્થાન પણ ગઇ હતી તેથી એ રાજ્યોમાં આગામી સમયમાં યોજાનાર



ચૂંટણીઓમાં કોંગ્રેસને કર્ણાટકની જેમ બહુમતિ મળી શકે એમ પણ રાજકીય નિરિક્ષકો માની રહ્યાં છે.

નબળા વર્ગને આપવામાં આવતી સહાયને 'રેવડી' સાથે સરખાવનાર ભાજપે કર્ણાટકમાં બીપીએલ પરિવારોને દૈનિક અડધો લિટર દૂધ, વર્ષમાં ત્રણ મફત ગૅસ સિલિન્ડર, પાંચ કિલો સિરિધાન્ય અને દરેક વૉર્ડમાં 'અટલ આહાર કેન્દ્ર' ખોલવાની જાહેરાત કરી હતી. ગુજરાતમાં ગરીબો માટે આવા કોઇ વચનો ભાજપે આપ્યા નહોતા અને ગુજરાત ભાજપ સિવાય બીજા કોઇને વોટ આપશે નહીં, ક્યાં જશે એવી એક માનસિકતાને કારણે ગરીબોને સહન કરવુ પડી રહ્યું છે.

કેન્દ્રીય નેતૃત્વે સ્થાનિક નેતૃત્વને વ્યૂહરચના ઘડવાનો અને તેનો અમલ કરવા માટે છૂટો દોર આપ્યો હતો. કૉંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પોતાના ગૃહરાજ્યમાં દરેક નેતાના બળાબળથી વાકેફ હતા એટલે તેમને નિર્ણય લેવામાં સરળતા રહી હોવાનું જણાય છે. હિમાચલ પ્રદેશ પછી તેમના નેતૃત્વમાં પાર્ટીને મળેલો આ બીજો નોંધપાત્ર વિજય છે.

મુસ્લિમ મતોનું વિભાજન નહોતું થયું અને સિદ્ધારમૈયાને કારણે દલિત મત અને ડીકે શિવકુમારને કારણે વોકાલિગ્ગા સમુદાયના મત કૉંગ્રેસ તરફ ઢળ્યા હોવાનું વિશ્લેષણ રાજકીય નિરિક્ષકો કરી રહ્યા છે.



**ધર્મ**

# રંભા ત્રીજ: પતિની લાંબી ઉંમર અને સંતાન સુખ માટેનું છે અનોખું વ્રત...



જેઠ માસના શુક્લ પક્ષની ત્રીજના દિવસે રંભા તૃતીયા એટલે કે રંભા ત્રીજ વ્રત રાખવામાં આવે છે. આ વર્ષે રંભા ત્રીજ 22 મે 2023 એ આવી રહી છે. આ દિવસે વિધિ-વિધાનથી પૂજા કરવામાં આવે છે. ધાર્મિક દૃષ્ટિકોણથી આ દિવસે વ્રત રાખવાથી વ્યક્તિના જીવનમાં પ્રેમ, સુંદરતા અને સૌભાગ્યમાં વૃદ્ધિ થાય છે. એવું માનવામાં આવે છે કે, આ વ્રત ખાસ કરીને પરિણીત મહિલાઓ માટે ફળદાયી માનવામાં આવે છે. ધાર્મિક ગ્રંથો અનુસાર, અપ્સરા રંભાની ઉત્પત્તિ દેવો અને અસુરો દ્વારા થયેલા સુમદ્ર મંથન સમયે થઈ હતી. એવું માનવામાં આવે છે કે, આ દિવસે અપ્સરા રંભાના વિવિધ નામોની પૂજા કરવાથી વ્યક્તિને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર જાણો અપ્સરા રંભાના કયા નામનો જાપ કરવામાં આવે છે.

### આ રીતે કરો રંભા પૂજન :

રંભા ત્રીજના દિવસે સવારે સ્નાન કરો અને સ્વચ્છ વસ્ત્રો પહેરો. પૂર્વ દિશા તરફ મુખ કરીને બેસો અને સૂર્યદેવ તરફ દીવો પ્રગટાવો. આ દિવસે વિવાહિત મહિલાઓ વિધિ-વિધાન સાથે દેવી લક્ષ્મી અને માતા સતીની પૂજા કરે છે.

આ દિવસે સૌભાગ્ય અને સૌંદર્યનું પ્રતિક અપ્સરા રંભાની પૂજા કરવામાં આવે છે. તેથી જ ઘણી જગ્યાએ રંભાના પ્રતીક તરીકે બંગડીઓની જોડીને પૂજવામાં આવે છે. આટલું જ નહીં આ દિવસે રંભોત્કીલન યંત્રની પણ પૂજા કરવામાં આવે છે. અપ્સરા રંભાને ચંદન, ફૂલ, ફળ વગેરે અર્પણ કરવામાં આવે છે. પૂજામાં માતાની સામે દીવો પ્રગટાવો. હાથમાં ગુલાબી રંગના ચોખા લઈને યંત્ર પર આ મંત્રોનો જાપ કરો.

### રંભા ત્રીજનું મહત્વ :

આ દિવસે વિધિ-વિધાન સાથે પૂજા કરવાથી અને મંત્રોના જાપ કરવાથી વ્યક્તિના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સૌંદર્યની પ્રાપ્તિ થાય છે. આ વ્રત પરિણીત મહિલાઓ દ્વારા રાખવામાં આવે છે અને પતિના લાંબા આયુષ્ય માટે રાખવામાં આવે છે. એટલું જ નહીં, જેમના લગ્ન નથી થયા તે મહિલાઓ ઈચ્છિત વર મેળવવા માટે આ વ્રત રાખે છે.

**પુસ્તક પરિચય**

■ રિપલકુમાર પરીખ

# જીવનમાં પામીએ થોડું વિશેષ...

સાપ્તાહિક ગુજરાત વંદન

આપણને સૌને જીવનમાં સફળતા પ્રાપ્ત કરવી છે, જીવનમાં નામના મેળવવી છે. તે માટે આપણે સૌ ઘણાં બધાં પુસ્તકો પણ વાંચીએ છીએ. તે પુસ્તકો મોટેભાગે મોટીવેશનલ કાર્યક્રમો કરતાં વ્યક્તિઓનાં જ લખેલાં હોય છે, તેમાં તેમનો સ્વાનુભવ નથી હોતો. પરંતુ જ્યારે આપણને એક સામાન્ય વ્યક્તિનો સંઘર્ષથી સફળતા સુધી પહોંચવાનો અનુભવ વાંચવા મળે, તો તે ખરેખર આનંદદાયક હોય છે. તે ઉપરાંત જો આપણે ખરીદેલ તે સફળતાની ગાથા ધરાવતાં પુસ્તકનાં ચુકવેલ રુપિયાનો ઉપયોગ સમાજસેવાનાં કાર્યમાં થાય તો , તે પુસ્તક ખરેખર અમૂલ્ય અને તે લેખક ખરેખર આદરણીય જ ગણાય.

'જીવનમાં પામીએ થોડું વિશેષ...' આ એ પુસ્તક છે, જે આપણને આપણી ભાવિ સફળતાની ખાત્રી ઉપરાંત આપણાં જીવનમાં પરિવર્તન લાવવા માટે પણ ખૂબ જ ઉપયોગી છે. આપણી વિચારસરણીને કેવી રીતે હકારાત્મક બનાવવી તે ઉપરાંત બીજા લોકોને જીવનમાં કેવી રીતે ઉપયોગી થવું, તે પણ આ પુસ્તક આપણને શીખવી જાય છે.

આ પુસ્તકનાં લેખક શ્રી ભરતભાઈ પારેખ છે, કે જેઓ ભારતીય જીવન વિમા નિગમના ભારત દેશના એક અગ્રણી વિમા સલાહકાર છે. તેઓશ્રી એ ભારતીય જીવન વિમા નિગમ દ્વારા અનેક પુરસ્કારો અને સિધ્ધિઓ હાંસલ કરી છે. તેમણે ભારતભરમાં ઘણાં ટ્રેનિંગ પ્રોગ્રામ્સનું પણ આયોજન કર્યું છે અને મોટિવેશનલ પ્રવચનો પણ આપ્યાં છે. તેમની ઓડીયો બુક પણ બહાર પડી છે. શ્રી ભરતભાઈએ દેશ- વિદેશમાં અનેક કાર્યક્રમો અને સંમેલનોમાં વ્યાખ્યાનો પણ આપ્યાં છે. આ પુસ્તકમાં તેમણે જીવન વિમાના બિઝનેસમાં તેમના પ્રવેશ, શીખવાની પ્રક્રિયા તથા તેમણે અપનાવેલ વિચારો અને પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો છે, જેના વડે તેઓ સફળતાના શિખરે પહોંચી શક્યા. આ પુસ્તક એ દરેક વ્યક્તિને પ્રેરણા આપશે કે જેઓ સફળ થવા ઉપરાંત જીવનમાંથી થોડુંક વિશેષ પામવાં માંગે છે.

અહીં સફળતાના મંત્ર વિશે તેઓ લખે છે, " સફળતા પ્રાપ્ત કરવાની જેનામાં તીવ્ર ઈચ્છા હોય તેને મદદ કરવા માટે આખી દુનિયા સકારાત્મક થઈ જાય છે! લોકો જીવનમાં પ્રગતિની ઈચ્છા રાખતાં હોય છે. આપણાં અંતરાત્માને મોટિવેશનની જરૂર હોય છે તથા આપણી ભીતર દિવ્ય જ્યોતીને પ્રદિપ્ત કરવાની ઝંખના પણ સૌને હોય છે. આ પુસ્તક વાચકને એ દિશામાં કાર્ય કરવાની પ્રેરણા આપશે. જે કોઈ સ્ત્રી કે પુરુષ પોતાના જીવનને સફળતાના માર્ગે લઈ જવા માંગે છે તેને માટે આ પુસ્તક આરંભબિંદુ બની રહેશે.''

ભારતીય જીવન વિમા નિગમના ચેરમેન શ્રી ટી. એસ. વિજયન પ્રસ્તાવનામાં લખે છે, " ભરત પારેખ એ સાચા ધ્રુવતારક છે, તેમનામાં રહેલી નમ્રતા અને સાદગીની હું કદર કરું છું. તેમના આ પુસ્તકની ભાષા જરાય અટપટી નથી. તે તત્વતઃ અનુભવજન્ય છે, જેમાં એક એવા વ્યવસાયનું રહસ્ય ખોલવામાં આવ્યું છે જેને મોટેભાગે મુશ્કેલ અને અનિશ્ચિત માનવામાં આવે છે. વિશ્વાસને ભાવિ બિઝનેસમાં તબદીલ કરવાનાં રહસ્યો પણ આમાં દર્શાવવામાં આવ્યાં છે. દરેક પ્રકરણ સીડીના પગથિયાંની જેમ એટલી સરળતાથી તમને ઊંચે લઈ જાય છે કે ટોચ ઉપર પહોંચ્યા પછી જ તમને તેનો ખ્યાલ આવે છે. આ પુસ્તક તમને કાર્ય કરવાની પ્રેરણા આપશે અને તમારાં વ્યક્તિત્વનું આશ્ચર્યજનક રુપાંતર કરશે. આ એક એવું પુસ્તક છે કે જે તેના શક્તિશાળી સંદેશાઓથી વારંવાર તમને તેની તરફ ખેંચશે. તમારી સર્જનાત્મક પણ ગુપ્ત શક્તિઓ બહાર લાવીને તમને શ્રેષ્ઠતાના માર્ગે દોરી જશે.''

આ પુસ્તકની એક ખાસ વાત એ છે કે આ પુસ્તક ગુજરાતી ભાષામાં 'બ્લાઈન્ડ પીપલ્સ એસોસિયેશન ( ઈન્ડિયા ) , અંધજન મંડળ, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તથા આ પુસ્તકના વેચાણથી થનાર આવક વિકલાંગોના ઉત્કર્ષ માટે અને તેમને આત્મનિર્ભર બનાવવા માટે અંધજન મંડળ દ્વારા વાપરવામાં આવશે. આવા ઉમદા ઉદ્દેશથી પ્રકાશિત થયેલાં આ પુસ્તકનો ગુજરાતી ભાષામાં અનુવાદ શ્રી હરીશભાઈ ખત્રીએ કર્યો છે તથા આ પુસ્તકના પ્રકાશનમાં મહત્વનો ભાગ શ્રી નીતિનભાઈ શાહે ભજવ્યો છે.




### પુસ્તકમાં આપેલાં કેટલાંક સફળતાનાં સૂત્રો માણીએ

* સફળતા ત્યારે મળે છે, જ્યારે તમે તક ઝડપી લેવા તૈયાર હો છો.

* લક્ષ્ય બરાબર નક્કી કરવાથી અડધે રસ્તે પહોંચી જવાય છે.

* તમારી કુશળતા કરતાં તમારાં દ્રષ્ટિકોણનું મહત્વ વધારે છે.

* જ્યારે આપણે દિમાગનાં ઈનપુટને બદલીએ છીએ ત્યારે આપણાં જીવનનું આઉટપુટ પણ બદલાઈ જાય છે.

* સફળતા એ કશું શોધવાની નહીં, પણ સર્જવાની વસ્તુ છે.

**રસદર્શન**

# આંસુની પરિભાષાની યાદી ખૂબ જ લાંબી થઇ શકે એવી છે...

સાપ્તાહિક ગુજરાત વંદન

આંખોનો ઈતિહાસ લખો,આંસું શું છે ખાસ લખો.
- 'સાજ' મેવાડા

માનવજીવનમાં આંસુ હંમેશા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ઈતિહાસમાં આંસુની સામાન્ય ઝાંખી આપણને વિવિધ સમયે આંસુની અનેક પરિભાષાની નજીક લઈ ગયા છે.

ભૌતિક દ્રષ્ટિએ વ્યાખ્યાયિત કરીએ તો આંસુ એ આંખોની આજુબાજુના લેક્રીમલ નળીઓમાંથી સ્ત્રાવ થતો પારદર્શક ક્ષારયુક્ત પ્રવાહી છે. આંસુના શારીરિક કાર્યો કોર્નિયાને ભેજયુક્ત રાખવા, આંખોમાંથી બળતરા દૂર કરવા અને તેમાં રહેલા એન્ટિબેક્ટેરિલ એજન્ટો સાથે, આંખોના ચેપ સામે લડવાનું છે.

આંસુની પ્રતીકાત્મક વાત કરવી છે, આંસુ પૃથ્વી પર સાર્વત્રિક છે, તમામ સ્વસ્થ વ્યક્તિઓ આંસુ વહાવવાની ક્ષમતા ધરાવે છે. છતાં,આંસુના અભ્યાસમાં, બધા આંસુ સરખા નથી હોતા; ચોક્કસ આંસુનો અર્થ સંખ્યાબંધ પરિસ્થિતિગત તત્વો અને ચોક્કસ સામાજિક-સાંસ્કૃતિક અપેક્ષાઓ પર આધાર રાખે છે. જે કવિએ પ્રથમ મિસરામાં ખૂબ જ ચોક્કસ દિશામાં વાત કરી છે. ઉદાહરણ તરીકે, લિંગ, વર્ગ, વય અને વ્યવસાયિક ભૂમિકાઓની સ્થાનિક સંરચના આંસુના અર્થને તેમજ રૂદનનાં આંસુના ચોક્કસ ભાવાત્મક મૂલ્ય અને યોગ્યતાને અસર કરી શકે છે.

સામાજિક સ્તરથી ઉપર જીવતા બૌદ્ધિક પ્રજ્ઞા પ્રેરકે વ્યક્તિઓ માટે આંસુ દુ:ખના પ્રતિક તરીકે નથી ગણાતું પરંતુ તે જ આંસુ જ્યારે સામાજિક સંદર્ભમાં જોવામાં આવે ત્યારે દુ:ખના પ્રતીક તરીકે ગણવામાં આવે છે.

આંસુ ની પરિભાષાની યાદી ખૂબ જ લાંબી થઈ શકે એવી છે...આંસુ એ ખારું પ્રવાહી છે; આંખોમાંથી ચહેરા નીચે આંસુ વહે છે; આંસુ એ એક બહિષ્કૃત શારીરિક ઉત્પાદન છે; આંસુ અંદર/બહારની શારીરિક સીમાને પાર કરે છે;

આંસુથી ભરેલી આંખો અસ્પષ્ટ દ્રષ્ટિ ઉત્પન્ન કરે છે; અને આંસુથી માનવ જીવનના ભાવ બહાર આવે છે, દુ:ખ ,હર્ષ , હાસ્ય આ બધાની સાથે આંસુ સ્વભાવિક રીતે આંખોમાં તરવરતાં હોય છે પરંતુ સામેની વ્યક્તિને તેનો ભાવ ચહેરાના માધ્યમથી તરત ખબર પડી જતો હોય છે.

આંસુ ઘણીવાર, પરંતુ હંમેશા નહીં, અનિચ્છનીય અને અનિયંત્રિત હોય છે.

ઘણી વખત તો આંસુ માનવ જીવનના મહાસાગર સાથે પણ સંકળાયેલા હોય છે. આંસુ વ્યાપક સાંકેતિક રીતે ભૌતિક અને ભાવાત્મક બંને રીતે માનવ જીવન સાથે જોડાયેલા છે. .....અને તેમ છતાં વિખરાયેલા જીવનનાં આંસુની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આંસુ બે અલગ-અલગ અવસ્થાઓ વચ્ચે હયાત છે અને અસ્તિત્વ ધરાવે છે... સાદી ભાષામાં કહીએ તો માનવ જીવન એક તબક્કામાંથી બીજા તબક્કામાં જ્યારે અણધાર્યો પ્રવેશ કરે છે ત્યારે ભાવાત્મક મૂલ્યોનું અવલંબન શરીરના જે અંગમાંથી થાય છે તે આંખ છે અને તેનું માધ્યમ આંસુ છે..



છતાં આંસુની મર્યાદાપૂર્ણ પ્રકૃતિ છે, વ્યક્તિ અને સમાજ વચ્ચે, આંતરિક વિશ્વ અને બાહ્ય વિશ્વ વચ્ચે, તે પ્રતીકાત્મક માધ્યમ તરીકે માનવ જીવન સાથે સતત સંકળાયેલા રહ્યા છે...જે બીજા મિસરામાં કવિએ ખૂબ જ સુંદર રીતે જે લખ્યું છે તેનો આ વ્યાપ છે.

-હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

ભારે વિરોધ વચ્ચે પણ દરબારની તૈયારીઓ

# શહેરમાં ધીરેન્દ્ર બાબાના જાહેરાતના બોર્ડ લગાવવા AMCએ આપી મંજૂરી

**» 29 મીએ ચાણક્યપુરી ખાતે પધારશે બાગેશ્વર ધામવાલે શાસ્ત્રી**

ગુજરાત | વંદન

અમદાવાદમાં આગામી 29 મેના રોજ બાબા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. દિવ્ય દરબારની તડામાર તૈયારી ચાલી રહી છે. ત્યારે AMC દ્વારા ધીરેન્દ્ર શાસ્ત્રીના જાહેરાતના બોર્ડ લગાવવા સત્તાવાર રીતે મંજૂરી આપી દેવામા આવી છે. વધુમાં દિવ્ય દરબારના સ્થળે જનરલ સુવિધાઓ પણ AMC પુરી પાડશે. તેમ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટનું નિવેદન સામે આવ્યું છે.



અમદાવાદમાં 1 દિવસ માટે બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવા જઈ રહ્યો છે, આગામી 29 મેના રોજ ઘાટલોડીયાના ચાણક્યપુરી ખાતે ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર ભરાશે. જેનું આયોજન રાધિકા સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. આયોજક દ્વારા જણાવવામાં આવ્યું છે કે, બાબા બાગેશ્વરના દિવ્ય દરબારમાં અંદાજે સવા લાખ લોકો માટે વ્યવસ્થા કરાશે.

આ માટે અમે મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને પણ આમંત્રણ આપીશું. સાથે જ ધારાસભ્ય, કાઉન્સિલર, ચેરમેન, મેયરને પણ આમંત્રણ આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, 26 અને 27 મેના રોજ સુરત ખાતે પણ બાબા બાગેશ્વરનો કાર્યક્રમ યોજવાનો છે. શહેરના લિંબાયતના નિલગીરી મેદાન ખાતે બાબા બાગેશ્વરનો કાર્યક્રમ યોજવાનો છે. નિલગીરી મેદાનમાં સાંજે 5થી રાતના 10 વાગ્યા સુધી ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર ભરાશે. રાજકોટના રેસકોર્સ મેદાનમાં આગામી 1 જૂન અને 2 જૂનના રોજ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો દરબાર ભરાશે.

શહેરના શાહીબાગની ઘટના શહેરના

# ચાઈના ગેંગના લીડરને પકડવા ગઈ પોલીસ પર પથ્થરમારો, 8ની ધરપકડ

ગુજરાત | વંદન

શહેરમાં પોલીસ જ સુરક્ષિત નથી બીજી બાજુ સામાન્ય માણસ સુરક્ષિત રહેવા માટે પોલીસ સામે અપેક્ષાઓ રાખીને બેઠો છે. શહેરમાં દિન પ્રતિદિન લુખ્ખા તત્વોનો આતંક વધતો જાય છે. જેના કારણે સ્થાનિકોમાં પણ ભયનો માહોલ સર્જાયો છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં કુખ્યાત ગુનેગારને પકડવા ગયેલી પોલીસ પર તેના સાગરીતોએ પથ્થર માર્યો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં એક પોલીસ કર્મી ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર અર્થે ખસેડવામા આવ્યો છે. આ પથ્થરમારો કરનારા આરોપીઓમાં આઠ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં આવારા લુખ્ખા તત્વો પોતાના સાગરિતોને સાથે રાખીને આંતક ફેલાવી રહ્યાં છે. નાની ગેંગના આધારે તેઓ લોકોમાં ડર ઉભો કરતાં હોય છે. આવી જ એક ગેંગ પૂર્વ વિસ્તારમાં ફેમસ થઈ ગઈ છે. આ ગેંગનો મુખ્ય સાગરીત પકાએ અગાઉ એક પોલીસ કર્મી પર હૂમલો કર્યો હતો. તે હવે પોતાની ગેંગ દ્વારા શહેરમાં લોકોમાં ખૌફ પેદા કરી રહ્યો છે.

આરોપી ઘણા સમયથી તડીપાર હતો તેને પકડવા માટે પોલીસની ટીમો કામ કરી રહી હતી. શાહીબાગ પોલીસના ડી સ્ટાફને બાતમી મળી હતી કે, પકો શાહિબાગ વિસ્તારમાં એક ધાબા પર છુપાયેલો છે.

## મિશન 2024.... હમ હોંગે કામયાબ....




લોકસભાની આગામી ચૂંટણી દૂર નથી બરાબર એક વર્ષ એટલે કે 12 મહિના....365 દિવસ બાકી છે દિવસો જુદાઈના જાય છે તેમ લોકસભાની ચૂંટણી તરફ દિવસો જઈ રહ્યાં છે. ગુજરાતમાં સત્તાપક્ષ ભાજપે ફરી એક વાર લોકસભાની તમામ 26 બેઠકો જીતવા મિશન 2024 હાથ ધર્યું છે. અમદાવાદમાં ટાગોર હોલમાં આયોજીત પ્રદેશ કારોબારી બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ દ્વારા જીતનો મંત્ર આપવામાં આવ્યો હતો. સંમેલનમાં મુખ્યમંત્રીએ ફોટો સેશન દરમ્યાન જે મક્કમતા અને પ્રતિબદ્ધતા દર્શાવી છે તેનાથી કાર્યકરોના જોશ અને જુસ્સામાં વધારો થયો છે.

તસ્વીર: મૌર્ય ભાગ્યવાન

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ): કેટલાક એવા કાર્યો પૂરા થશે, જેમાં તમારી રચનાત્મકતા ઉભરી આવશે. મીડિયા અને ઓનલાઈન પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન આપો. સ્વભાવમાં પરિપક્વતા લાવવી જરૂરી છે. કોઈપણ વ્યક્તિના અંગત જીવનમાં દખલ ન કરો પરિવાર અને સંબંધીઓ સાથેના સંબંધોમાં મધુરતા રહેશે.

**વૃષભ** (બ.વ.ઉ): કૌટુંબિક સમસ્યાઓના નિવારણ આવશે. ખર્ચમાં ઘટાડો કરવો પડશે, સંબંધીઓ સાથે કોઈ વિષય વિશે મતભેદ થવાની સંભાવના છે. વેપારમાં કેટલીક સમસ્યાઓ આવી શકે છે. સાથે વ્યવહાર કરવા માટે મહેનત કરવી પડશે. વધારાની આવકના કેટલાક માધ્યમો હશે.

**મિથુન** (ક.છ.ઘ): તમને તમારી પ્રતિભા વ્યક્ત કરવાની તક મળશે. અને કોઈપણ કાર્યમાં વ્યક્તિની ઈચ્છા મુજબ સફળતા મળવાની સંભાવના છે. ક્યારેક કોઈ કારણસર આત્મવિશ્વાસ પણ ડગમગી શકે છે. તમારી મનની સ્થિતિ સ્થિર રાખો. વ્યવસાયમાં શ્રેષ્ઠ વ્યૂહરચના બનાવીને કામ કરવાની જરૂર છે.

**કર્ક** (ડ.હ): પારિવારિક સમસ્યાનો ઉકેલ મળવાથી રાહત મળશે, તમે તમારી જવાબદારીઓ સારી રીતે નિભાવી શકશો. કેટલાક લોકો તમારી પીઠ પાછળ તમારી ટીકા કરી શકે છે, પરંતુ આ વસ્તુઓ પર ધ્યાન ન આપો અને પોતાને તમારા કામમાં વ્યસ્ત રાખો.

**સિંહ** (મ.ટ): નજીકના મિત્રની મુલાકાત સાર્થક થશે. મહત્વના કાર્યોને ચતુરાઈ અને સમજણથી પૂર્ણ કરવાની ક્ષમતા રહેશે. દિવસના બીજા ભાગમાં કોઈ અશુભ સમાચાર મળવાથી મન અસ્વસ્થ રહેશે, તમારી વાણી અને મન પર નિયંત્રણ રાખો. વ્યાપાર સંબંધિત કોઈપણ બાબતમાં ઝઘડામાં ન પડો.

**કન્યા** (પ.ઠ.ણ): સમય અનુકૂળ છે. ઘરમાં મહેમાનોના આગમનથી વાતાવરણ ખુશનુમા રહેશે. બધા કામ વ્યવસ્થિત રીતે થશે. પ્રિયજનની કડવી વાતો સાંભળીને મન દુઃખી થશે. જેના કારણે તમે કેટલાક કામ ટાળવાનો પ્રયાસ કરી શકો છો. વ્યવસાયિક પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે કાર્યક્ષમતામાં વિશ્વાસ રાખો.

**તુલા** (ર.ત): સામાજિક અને પારિવારિક કાર્યોમાં તમારી સલાહને વિશેષ મહત્વ આપવામાં આવશે. જો કોઈ મિલકત સંબંધિત કામ ચાલી રહ્યું હોય તો સાનુકૂળ પરિણામ મળી શકે છે. નાણાં સંબંધિત કાર્યોમાં બેદરકારીના કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. વ્યવસાયો લાભદાયક સ્થિતિમાં રહેશે.

**વૃશ્ચિક** (ન.ય): આ કોઈ એવી પ્રવૃત્તિ થઈ શકે છે જેની તમે કલ્પના કરી હોય. મૂલ્યવાન વસ્તુ ખરીદવા માટે અનુકૂળ સમય છે. પ્રભાવશાળી લોકોને મળો અને વિચારો શેર કરો. નેગેટિવ:- ઉતાવળમાં લેવાયેલ કોઈપણ નિર્ણય ખોટા પરિણામ આપશે. વેપારમાં નવા પક્ષો સાથે જોડાણ કરવાની તક મળશે.

**ધન** (ભ.ધ.ફ): મીડિયા અને ઓનલાઈન પ્રવૃત્તિઓમાં આનંદદાયક સમય વીતશે, ઘરમાં બાળકના આગમનના સમાચાર મળી શકે છે. તમારા સ્વભાવમાં પરિપક્વતા લાવો. ઝડપી પરિણામો મેળવવા માટે ખોટી પદ્ધતિઓનો ઉપયોગ ન કરો. યોગ્ય ઓર્ડર મળવાથી ચિંતા પણ દૂર થશે.

**મકર** (ખ.જ): ભાવનાત્મક રીતે સક્ષમ અને સશક્ત અનુભવશો, તમે ઘણી માનસિક શાંતિ અનુભવશો. ઘરની જાળવણી અને રિનોવેશનની પ્રવૃત્તિઓ પણ થશે. તમારા અંગત જીવનમાં કોઈને દખલ ન કરવા દો, કોઈની સલાહ પર આંધળો વિશ્વાસ કરો. અધૂરાં કામ પૂરાં કરવા માટે સમય સારો છે.

**કુંભ** (ગ.સ.શ.ષ): વિશેષ લોકો સાથે સંબંધ વધશે અને જીવનમાં સ્થિરતાનો અનુભવ થશે. વરિષ્ઠ લોકોના માર્ગદર્શન અને સલાહનું પાલન કરવું યોગ્ય રહેશે. કોઈ બાબતને લઈને મનમાં વિવિધ પ્રકારની શંકાઓ પેદા થઈ શકે છે. ગંભીરતા અને ધીરજ સાથે ઉકેલ મળશે. ઘરમાં ખુશીનું વાતાવરણ રહેશે.

**મીન** (દ.ચ.ઝ): આવનાર અઠવાડિયું તમારા માટે સર્જનાત્મક અને રસપ્રદ બની રહેશે. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં તમારા હૃદય અને મગજ પર અન્ય લોકોની ચિંતા કરવાને બદલે તમારા પર નિયંત્રણ રાખો. કોઈપણ કર્મચારીના કારણે સમસ્યા પણ સર્જાઈ શકે છે. સરકારી નોકરી કરતા લોકો પર કામનો વધારાનો બોજ રહેશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. દુખાવાની સમસ્યા વધી શકે છે.

સોશિયલ મીડિયામાં આડેધડ લાઇક અને મિત્રો બનાવરાઓ ચેતવણીરૂપ કિસ્સો

# ઈન્સ્ટાગ્રામમાં મિત્ર બનેલા યુવકે યુવતીને અશ્લિલ ફોટા વાયરલ કરવાની ધમકી આપી

ગુજરાત | વંદન

સોશિયલ મીડિયામાં મિત્ર બનેલા લોકો બ્લેકમેઈલ કરીને રૂપિયા પડાવતા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. શહેરમાં ઈન્સ્ટાગ્રામ પર એક યુવતીએ યુવકની ફ્રેન્ડ રિક્વેટ સ્વીકારી હતી. ત્યાર બાદ બંને વચ્ચે મેસેજથી વાતચીત થતી હતી. આ દરમિયાન યુવકે યુવતીને વિશ્વાસમાં લઈને તેના ન્યૂડ ફોટો મેળવી લીધા હતાં. બાદમાં યુવતીને ફોટો વાયરલ કરવાની ધમકી આપીને એક લાખથી વધારે રૂપિયા તથા સોનાના દાગીના માંગ્યા હતાં. જેથી યુવતીએ ટુકડે ટુકડે રૂપિયા આપ્યા હતાં અને પરિવારની જાણ બહાર સોનાના દાગીના આપ્યા હતાં. ત્યાર બાદ આ યુવતીએ બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના બોપલ વિસ્તારમાં રહેતી યુવતીએ ઈન્સ્ટાગ્રામમાં એક યુવકની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારી હતી. ત્યાર બાદ યુવક અને યુવતી મેસેજથી વાતચીત કરતાં હતાં. ધીમે ધીમે બંને વચ્ચે મિત્રતા વધી હતી. યુવકે યુવતીને વિશ્વાસમાં લેવાનું શરૂ કર્યું હતું. આમ કરતાં યુવતી યુવકના તાબે થઈ ગઈ હતી. એક દિવસ યુવકે યુવતીને કહ્યું હતું કે, જો તુ મને હું માંગુ એટલા રૂપિયા નહીં આપે તો તારા ફોટા વાયરલ કરી દઈશ. ત્યાર બાદ યુવતીએ તેને એક લાખ સાત હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતાં. આટલેથી નહીં ધરાતા યુવકે યુવતીને ફરી ધમકી આપીને સોનાના દાગીનાની માંગ કરી હતી. યુવતીએ આબરુ જવાના ડરે તેના ઘરમાં રહેલી સોનાની બુટ્ટી,




પેન્ડર, વિંટી સહિતના દાગીના આપ્યા હતાં. જેની કિંમત ત્રણ લાખ કરતાં પણ વધારે છે. ત્યાર બાદ તેની માતાને ઘરમાં દાગીના નહીં દેખાતા તેણે પુછ્યું હતું તો માતાને હકિકત જણાવી હતી. ત્યારે માતાએ પોલીસ ફરિયાદ કરવાની સલાહ આપતાં તેણે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## અમદાવાદમાં 'ધ કેરળ સ્ટોરી'ને પણ ટક્કર મારે તેનો લવ જેહાદનો કિસ્સો

ગુજરાત | વંદન

શહેરમાં લવ જેહાદનો 'ધ કેરળ સ્ટોરી'ને પણ ટક્કર મારે તેવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં હિન્દુ નામ રાખીને પરિણીત યુવકે યુવતીને પ્રેમજાળમાં ફસાવી. બાદમાં દુષ્કર્મ આચરીને તેનો વીડિયો બનાવી ખંડણી માગી હતી. આ સાથે યુવતીને ઈસ્લામ ધર્મ અંગીકાર કરવા માટે પણ માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો. કંટાળેલી યુવતીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાઈકોર્ટ પહોંચેલા સમગ્ર કેસમાં કોર્ટે આરોપી નાસીર હુસૈન મોહમંદસલીમ ઘાંચીને જામીન આપવાની સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.


આ કેસની વિગતો મુજબ, શહેરના ડ્રાઈવઈન રોડ પર એક સ્પામાં નોકરી કરતી યુવતી પાસે આરોપી નાસીર ગયો હતો. બાદમાં તેણે યુવતીનો ફોન નંબર અને સરનામું મેળવ્યું હતું. આ બાદ તે યુવતીને ફોન કરીને પરિચય મેળવ્યો અને તેની મરજી વિરુદ્ધ સ્પામાં સંબંધ બાંધ્યા હતા. આ બાદ તે હિમાલયા મોલની સામે એક હોટલમાં યુવતીને લઈ ગયો અને ત્યાં પણ જબરજસ્તી વારંવાર દુષ્કર્મ આચર્યું. દરમિયાન નાસીરે વીડિયો ઉતારી લીધો અને તેને વાઈરલ કરવાની ધમકી આપીને તેના આધારકાર્ડ મેળવી લીધું હતું. અને ત્યાર બાદ તેની સાથે શારીરિક સંબંધો બાંધીને યુવતી પાસે 5.50 લાખની ખંડણી માગી હતી.

**નોટિસમાં કેમ્પસમાં તેમના રહેણાંક ક્વાર્ટર ખાલી કરવા કહેવાયું**

# ગુજરાત વિદ્યાપીઠે કરાર આધારિત 60 કર્મચારીઓને આપી નોટિસ

ગુજરાત | વંદન

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા એક અભૂતપૂર્વ પગલું ભરવામાં આવ્યું છે. પ્રથમ વખત કરાર આધારિત 60 થી વધુ નોન-ટીચિંગ સ્ટાફ સભ્યોને 31 મે સુધીમાં યુનિવર્સિટી કેમ્પસમાં તેમના રહેણાંક ક્વાર્ટર ખાલી કરવા માટે નોટિસ પાઠવી છે. નિયમોને ટાંકીને, 1920 માં મહાત્મા ગાંધી દ્વારા સ્થપાયેલી યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠ દ્વારા કરાર આધારિત કર્મચારીઓને કોઈ




સત્તાવાર આવાસ પ્રદાન કરી શકાશે નહીં.

મળતી માહિતી મુજબ "નિયમો મુજબ, ગુજરાત વિદ્યાપીઠ કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓને આવાસ આપી શકતી નથી."

પટાવાળાઓ અને કારકુનો સહિતનો સ્ટાફ - જેમાંથી મોટાભાગના ગ્રુપ સી કેટેગરીમાં કોન્ટ્રાક્ટના ધોરણે કામ કરે છે, તેઓ 40 વર્ષથી વધુ સમયથી કેમ્પસમાં રહે છે.

તેઓની 2007 થી - જ્યારે કરાર આધારિત નિમણૂંકો કરવામાં આવી હતી - 2018 સુધી સત્તાવાર રહેઠાણો અથવા ક્વાર્ટર ફાળવવામાં આવ્યા હતા. 2007 પહેલા તેઓ નિયમિત કર્મચારી હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, કેટલાક કર્મચારીઓ તો વિદ્યાપીઠમાં બીજી પેઢીના કર્મચારી છે અને તેથી પરિવારો 40 વર્ષથી વધુ સમયથી કેમ્પસમાં જ રહે છે.

**ઘરમાં એકલી રહેતી મહિલાઓ સાવધાન : અજાણ્યા લોકોને પ્રવેશ કરવા દેશો નહીં....**

# અજબ ગઠિયાનો ગજબ કિમીયો: કિન્નર બનીને 49 હજાર પડાવ્યાં

ઘરમાં એકલી રહેતી મહિલાઓ માટે ચેતવણીરૂપ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં કિન્નરના વેશમાં આવીને ગઠિયાએ છેતરપિંડી આચરી હતી. કિન્નર વેશમાં આવેલ ઠગએ મહિલાને તેના દુઃખ દૂર કરી આપવાની લાલચમાં આવીને વિશ્વાસમાં લીધા હતા.

અમદાવાદના એલીસબ્રીજ વિસ્તારમાં આવેલ સુનીતાનગરમાં રહેતા શિક્ષિકા ભૂમિકાબેન ત્રિવેદી તેમના પરિવાર સાથે રહે છે. આ દરમિયાન 14 મી એપ્રીલના દિવસે એક કિન્નર તેમના ઘરે આવ્યો હતો અને ઘરમાં બહુ તકલીફ ચાલે છે. તેમ કહીને અલગ અલગ રીતે વિધિ કરવાના બહાને તેમના પાસેથી રોકડ અને દાગીના સહિત રૂપિયા 49 હજારની છેતરપિંડી કરી છે. જે અંગે મહિલાએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી છે. કિન્નરના વેશમાં ફરી રહેલા ઠગ અને ચોરથી સાવચેત રહેવાની અપીલ મહિલા અને તેના પરિવારે કર્યો છે.

મહિલાએ આ કિન્નરને ચા પીવા માટે ઘરમાં બોલાવ્યા ત્યારે તેણે કહ્યું હતું કે તમારા ઘરમાં હાલ બહુ તકલીફ છે. તમારા ઘરની વિધિ કરવી પડશે તેમ કહી દરવાજા બંધ કરાવી દીધા હતા અને એક ગ્લાસમાં પાણી, કંકુ અને ચોખા માંગ્યા હતા બાદમાં આ પાણીના ગ્લાસને ઘરમાં ફેરવી અને પોતે પી ગયા હતા અને કહ્યું હતું કે તમારા બધા દુઃખ હું પી ગયેલ છું. ઉપરાંત મહિલાએ ઘી માટેના 1100 રૂપિયા આપતા એક રૂપિયો લઈને બીજા રૂપિયા પરત કર્યા હતા અને કહ્યું હતું કે હું તારી પરીક્ષા કરતો હતો કે તું માતાજીને પૈસા આપે છે કે કેમ. બાદમાં એક રૂમાલ પાથરીને કહ્યું હતું કે તેમાં પૈસા મૂકો અને 3 સોનાના દાગીના મૂકો તેના પર હું વિધિ કરીને આપુ બાદમાં દૂધમાં ધોઈને તે પહેરી લેજો.

જેથી મહિલાએ રોકડ રૂપિયા 4,000 અને રૂપિયા 45 હજારની કિંમતના દાગીના મૂક્યા હતા. કિન્નરે કહ્યું હતું કે મારામાં માતાજીનો સાક્ષાત વાસ છે આ રૂમાલ મારી થેલીમાં મૂકી દો હું વિધિ કરીને હમણાં બે કલાકમાં આવું છું ત્યાં સુધી તમે જમવાનું બનાવી રાખો. પછી તમારા ઘરે જમી લઈશ..આમ કરી ઠગ કિન્નર સોના દાગીના લઈ ફરાર થઈ ગયો હતો. બીજી બાજુ કિન્નર વેશમાં




આવેલ ઠગને સીસીટીવીના આધારે એલિજબ્રિજ પોલીસે શોધખોળ શરૂ કરી છે. પોલીસે સીસીટીવી આધારે તપાસ કરતા કિન્નર સાથે એક રીક્ષા ચાલક પણ આવ્યો હતો જેને લઈ પોલીસે ઠગ શખ્સો પકડવા ચક્રોગતિમાન કર્યા છે.

## શબ્દોની સંતાકૂકડી 62 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | ■ | 4 | ■ |
| 5 | | | ■ | 6 | | |
| | ■ | 7 | 8 | | | ■ |
| 9 | 10 | ■ | 11 | | ■ | 12 |
| ■ | 13 | 14 | | ■ | 15 | |
| 16 | | | ■ | 17 | ■ | |
| ■ | | ■ | 18 | | | |

**ઊભી ચાવી**

(1) વારસો, વંશપરંપરાનો હક [4]
(2) મુક્તિ, છુટકારો [2]
(3) નસ કે સાંધાના સ્નાયુનું ખસી જવું તે [3]
(4) હોડ, કરાર, બોલી [3]
(6) શક્તિ, તાકાત, બળ [3]
(8) કંટાળેલું, પરેશાન [3]
(10) ઘડિયાળ ચાલવાનો અવાજ [4]
(12) લોઢાનો પોશાક, કવચ [4]
(14) આબરૂ, પ્રતિષ્ઠા [2]
(17) ન બોલવું તે, મૂક, ચૂપ [2]

**આડી ચાવી**

(1) મુક્તિ, છૂટકારો [4]
(5) દૈત્ય, દાનવ [3]
(6) કુરુનો વંશજ [3]
(7) લોકોક્તિ, પ્રોવોર્બ [4]
(9) કાંઠો, કિનારો [2]
(11) રાત્રિ, નિશા [2]
(13) ધનુષ, કામઠું [3]
(15) અણીદાર ખીલી, ખૂંટ [2]
(16) બોરિયું, બુતાન [3]
(18) શિશિર ઋતુ [4]

**શબ્દોની સંતાકૂકડી-62 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-61નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 આ | 2 વ | 3 ર | ણ | ■ | 4 કો | 5 ચ |
| 6 સુ | ર | ક્ષા | ■ | 7 કાં | ■ | મ |
| ■ | દ | ■ | 8 આં | દો | 9 લ | ન |
| 10 વા | ■ | 11 રા | ખ | ■ | ગ્ન | ■ |
| 12 સ | 13 મ | જ | ■ | 14 સા | મં | ત |
| ■ | 15 ક | રા | ર | ■ | ડ | ■ |
| 16 ગ | ળ | ણી | ■ | 17 ઝા | પ | ટ |

## કોયડો નં. 64 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 6 | 5 | | 2 | 8 | | 9 |
| | | | | 4 | | | 3 | |
| | | | | | | | | 5 |
| 6 | | | 8 | | | 1 | | |
| 5 | | | | 7 | | | 8 | |
| 3 | | 2 | 9 | | 4 | | 6 | |
| | 2 | | 6 | | | | | 1 |
| | | | | 5 | 3 | 9 | 4 | |
| 8 | 3 | | | 9 | | | | 2 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-64નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 6 | 5 | 3 | 2 | 8 | 1 | 9 |
| 2 | 5 | 8 | 1 | 4 | 9 | 7 | 3 | 6 |
| 1 | 9 | 3 | 7 | 6 | 8 | 4 | 2 | 5 |
| 6 | 4 | 7 | 8 | 2 | 5 | 1 | 9 | 3 |
| 5 | 1 | 9 | 3 | 7 | 6 | 2 | 8 | 4 |
| 3 | 8 | 2 | 9 | 1 | 4 | 5 | 6 | 7 |
| 9 | 2 | 4 | 6 | 8 | 7 | 3 | 5 | 1 |
| 7 | 6 | 1 | 2 | 5 | 3 | 9 | 4 | 8 |
| 8 | 3 | 5 | 4 | 9 | 1 | 6 | 7 | 2 |

# નકલી જીરૂ બનાવવાનો કાળો કારોબાર

## 20,596 કિલો નકલી જીરું અને અલગ પ્રકારના કેમિકલ મળી કુલ 12 લાખ નો મુદ્દામાલ જપ્ત

ગુજરાત | વંદન

મહેસાણાનાં ઉંઝામાં નકલી જીરૂ બનાવવાનાં કારોબારનો પર્દાફાશ થયો છે. પત્થરનો પાવડર ઉમેરી નકલી જીરૂ તૈયાર કરાતું હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. ગાંધીનગર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા રેડ કરીને નકલી જીરૂ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી છે. કારખાનામાં અંદાજિત 12 લાખ રૂપિયાનું નકલી જીરું મળી આવ્યું છે. નોંધનીય છે કે, વિજાપુર-હિંમતનગર હાઈવે પરથી કલરની ભેળસેળ કરીને વેચાણ કરતી મરચાની ફેક્ટરી ઉપર દરોડો કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, મહેસાણા જિલ્લાના ઉંઝા ખાતે આવેલા સુણોક (Sunok) પાસે કેટલાક લોકો નકલી જીરૂને અસલી જીરૂ સાથે ભેળસેળ કરી તેનું વેચાણ કરી રહ્યા છે અને લોકોને સ્વાસ્થય સાથે ચેડા કરી સમ્રગ કૌભાંડ ચલાવી રહ્યા છે. જે બાબતની માહિતી ગાંધીનગર ફૂડ વિભાગની ટીમ મળીને હતી. ફૂડ વિભાગની ટીમે સૂણોક ખાતે આવેલા ગોડાઉનમાં બાતમીના આધારે રેડ કરતા વરિયાળીમાં પથ્થરનો પાવડર મિક્સ કરી, ગોળની રસીમાં ભેળવી નકલી જીરૂ બનાવી અન્ય રાજ્યમાં વેચાણ કરવામાં આવતું હોવાની જાણકારી મળી હતી.

ગોડાઉનમાંથી ફૂડ વિભાગની ટીમે 20,596 કિલો નકલી જીરું અને અલગ પ્રકારના કેમિકલ મળી કુલ 12 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જોકે સમ્રગ ઘટનાની જાણ મહેસાણા ફૂડ વિભાગની ટીમને થતા મોડી મોડી જાગી હતી અને સૂણોક ગામના ગોડાઉનમાં મોડીરાત્રે રેડ કરતા 3.996 કિલો વધુ નકલી જીરું સહિત 2.80 લાખના મુદ્દામાલ કબ્જે કરી ફેક્ટરી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

મહેસાણાનાં ઉંઝામાં નકલી જીરૂ બનાવવાનાં કારોબારનો પર્દાફાશ થયો છે. ત્યારે સિમેન્ટમાં રેતી અને અન્ય પદાર્થો ઉમેરી નકલી જીરૂ તૈયાર થાય છે. આ નકલી જીરૂ





બાબતે ગૃહિણીઓએ નકલી જીરૂ બનાવનાર સામે કાર્યવાહિની માંગ કરી છે. તેમજ આવા લોકો સામે કડક કાર્યવાહિ થવી જોઈએ તેમ પણ જણાવ્યું છે.

સરકારે ખાદ્યચીજ વસ્તુઓમાં નિયમ કડક કરવા જોઈએ અને આવા લોકોનાં સ્વાસ્થ્ય સાથે ચેડા કરનારા સામે કડક કાર્યવાહી કરવી જોઈએ.

નોંધનીય છે કે, ઊંઝાનું જીરૂ આખા એશિયામાં વખણાય છે. જેથી ઊંઝાનું જીરૂ લોકોની પહેલી પસંદ છે. તેમજ ઊંઝાનાં જીરાની બહુ માંગ છે.

જીરૂ કરતા વરિયાળી સસ્તી હોય છે. વરિયાળીની સાઈઝ અને જીરૂની સાઈઝ એક સરખી હોવાથી ભેળસેળમાં આસાની રહે છે. વરિયાળી પર પ્રોસેસ કરીને જીરૂ બનાવી લેવાય છે. ઊંઝાની જાણીતી બ્રાન્ડનાં નામે પણ બનાવટી જીરૂ વેચાય છે. અસલી જીરૂ સાથે પણ નકલી ભેળસેળ કરી દેતા હોય છે. રસોડામાં જીરાનો ઉપયોગ અલ્પમાત્રામાં હોવાથી ઝડપથી ભેળસેળની જાણ થતી નથી.

---

# સુરતમાં આગામી 3 થી 5 જૂન સુધી યોજાશે 600 કરોડના 2 લાખ રફ હીરાનું પ્રદર્શન

### જીજેઈપીસી દ્વારા બે વર્ષ પહેલા ડાય ટ્રેડ શરૂ કરવામાં આવ્યું હતું....

ગુજરાત | વંદન

જેમ્સ એન્ડ જ્વેલરી એક્સ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા સુરતના ઈચ્છાપોર કાતે જ્વેલરી પાર્ક બનાવવામાં આવ્યું છે.આ જ્વેલરી પાર્કમાં ડાય ટ્રેડ સેન્ટર પણ બનાવાયું છે. આ ડાય ટ્રેડ સેન્ટરમાં આગામી દિવસોમાં વિશ્વની પ્રખ્યાત એવી માઈનિંગ કંપની રિયો ટિન્ટો દ્વારા સુરતમાં 600 કરોડના રફ હિરાનું વ્યુઈંગ કરવામાં આવશે.

જે હીરાને કેરેટમાં જોવા જઈએ તો 2 લાખ કેરેટ રફ હીરાનું વ્યુઈંગ અહીં થશે. હીરા ઉદ્યોગમાં હાલ મંદીનું વાતાવરણ જોવા મળી રહ્યું છે આ મંદીના સમયમાં જીજેઈપીસી (જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ) દ્વારા સુરતમાં રફ હીરા જોઈ શકાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.આમ તો રફ હીરાની ખરીદી વિદેશથી ઓનલાઈન ઓક્શનમાં જ કરવામાં આવે છે પરંતુ આ વખતે સુરત ખાતે નીલામી પૂર્વેની પ્રોસસ કરવામાં આવી રહી છે.

સુરત ખાતે પ્રથમ વખત વિશ્વ પ્રખ્યાત માઈનિંગ કંપની રિયો ટિન્ટો રફ ડાયમંડનું વ્યુઈંગ કરવા માટે જઈ રહી છે આગામી 3થી 5 જૂન સુધી આ વ્યુઈંગ રાખવામાં આવ્યું છે સુરતમાં રફ હીરાને જોઈને બાયરો ઓનલાઈન બીડમાં



ભાગ લઈ હીરાની ખરીદી કરી શકશે.. સુરત ખાતે જીજેઈપીસી દ્વારા બે વર્ષ પહેલા ડાય ટ્રેડ શરૂ કરવામાં આવ્યું હતું.. જ્યાં હવે આ પ્રકારના વ્યુઈંગ થી રહ્યા છે.રિયો ટિન્ટો કંપની છેલ્લા 37 વર્ષથી ઓસ્ટ્રેલિયાના કિમ્બર્લી પ્રદેશમાં આર્ગીલ હીરાની ખાણ ધરાવે છે આ કંપનીના સફેદ અને રંગીન હીરાની વિશ્વમાં સૌથી વધુ માંગ જોવા મળે છે.

રિયોટિન્ટો, વ્હાઈટ, શેફાયર, વાયોલેટ, કોગ્નેક અને દુર્લભ પિંક અને રેડ ડાયમંડનું વેચાણ કરનાર વિશ્વની ટોપ થ્રી પૈકીની એક કંપની છે. મંદીના સમયમાં મોટી કંપની અહીં આવી રફનું વ્યુઈંગ કરી રફ હીરાનું ઓક્શાન કરશે ત્યારે જો આ હીરાના ભાવ નીચા આવશે તો સુરતના હીરા ઉદ્યોગને મોટો ફાયદો થશે..

સુરત હીરા ઉદ્યોગ પણ આ વ્યુઈંગ અને ત્યાર પછીના ઓક્શન માટો તૈયાર છે.

## આરએસએસના કાર્યક્રમમાં હાજરી આપનાર કોંગી નેતાની હકાલપટ્ટી

ગુજરાત | વંદન


આર.એસ.એસના કાર્યક્રમમાં હાજરી અને પ્રવચન આપવા બદલ વડોદરા શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સુરેશ સામે કાર્યવાહી કરવામાં આવી છે. તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. દિગ્ગજ નેતા વિરુદ્ધ આ પ્રકારની કાર્યવાહીને લઈ પાર્ટીમાં હલચલ મચી છે. સુરેશ પટેલને કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવતા રાજકારણ ગરમાયું છે. આર.એસ.એસના કાર્યક્રમમાં હાજરી અને પ્રવચન આપવા બદલ સુરેશ પટેલ સામે કાર્યવાહી કરવામાં આવી છે. RSSનો કાર્યક્રમ હરણીની સિગ્નસ સ્કૂલમાં યોજાયો હતો.

# નમનઃ તળાવમાં ડૂબી ગયેલા 5 યુવાનોના પરિવારજનોને મોરારિબાપુની આર્થિક સહાય

ગુજરાત | વંદન

બોટાદમાં તળાવમાં ડૂબી ગયેલા પાંચ યુવાનોના પરિવારને મોરારિબાપુ દ્વારા આર્થિક સહાય કરવામાં આવી છે. 13મેના રોજ બનેલી ઘટનામાં બે યુવાનો તળાવમાં ડૂબતા અન્ય ત્રણ યુવાનો બચાવવા માટે પડ્યા હતા, આ તમામના ડૂબી જવાથી મોત થઈ ગયા હતા. આર્થિક મદદની સાથે બાપુ તરફથી શાલ પણ પહોંચાડવામાં આવશે.

13 મેના રોજ બોટાદના કૃષ્ણસાગર તળાવમાં ન્હાવા પડેલાં 5 યુવાનોનાં ડુબવાના સમાચારે સમગ્ર બોટાદ જિલ્લામાં હાહાકાર મચાવી દીધો હતો. તળાવમાં



ન્હાવા પડેલાં 2 યુવાનોને ડુબતા જોઈને અન્ય 3 યુવકો બચાવવા માટે તળાવમાં પડ્યા હતા. આ ઘટનામાં પાંચ આશાસ્પદ યુવાનોનાં પાણીમાં ડૂબી જતાં મૃત્યુના સમાચાર મળ્યા હતા જેને લઈને રામકથાકાર મોરારિબાપુ દ્વારા શ્રધ્ધાંજલિ સમર્પિત કરવામાં આવી હતી.

પ્રત્યેક મૃતકના પરિવારજોને હનુનામજીની સંવેદના રાશિ રુપે 20 હજાર રૂપિયાની આર્થિક સહાય અર્પણ કરવામાં આવી છે. ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ દ્વારા મૃતકોના નજીકના સગાના બેન્ક એકાઉન્ટમાં આ રાશિ જમા કરવામાં આવશે.

---

# સુરતમાં પ્રેમ પ્રકરણ વચ્ચે ક્રૂરતાનો એક ભયાનક કિસ્સો સામે આવ્યો

### પહેલા ગર્લફ્રેન્ડ સાથે સંબંધ બાંધ્યો અને પછી ગુપ્તભાગમાં મરચાનો પાવડર નાખ્યો...

ગુજરાત | વંદન

ગુજરાતના સુરતમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક પરિણીત પુરુષે તેની ગર્લફ્રેન્ડ સાથે બળજબરીથી સેક્સ માણ્યું અને પછી તેના પ્રાઈવેટ પાર્ટમાં મરચાનો પાવડર નાખ્યો હતો. પીડિતાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. પોલીસે બળાત્કાર અને ત્રાસનો કેસ નોંધ્યો છે.

સુરત શહેરના ઓલપાડ પોલીસ સ્ટેશનના જણાવ્યા મુજબ આ મામલો વિસ્તારના ગામનો છે.



જેમાં એક પરિણીત યુવકે નજીકના ગામમાં રહેતી અન્ય યુવતી સાથે મિત્રતા કરી હતી, પરંતુ યુવક પરિણીત હોવાનું યુવતીને ખબર પડી હતી. તેથી તેણે પોતાની જાતને વ્યક્તિથી દૂર કરી અને સંપર્ક ઓછો કર્યો. પોલીસના જણાવ્યા અનુસાર, એવો આરોપ છે કે પરિણીત પુરુષે કથિત રીતે એક દિવસ યુવતી સાથે બળજબરીથી સેક્સ માણ્યું અને પછી તેના પ્રાઈવેટ પાર્ટમાં મરચાંનો પાવડર નાખ્યો હતો. આ પછી પીડિત યુવતીને સારવાર માટે લઈ જવામાં આવી હતી. ઓલપાડ પોલીસ ઈન્સ્પેક્ટર જી જી મોઢાએ જણાવ્યું કે આઈપીસી 376 હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને આરોપીની ધરપકડ કરવામાં આવી છે. મોઢાએ કહ્યું કે આ આખો મામલો બળાત્કાર અને પીડિતાને માનસિક અને શારીરિક રીતે નુકસાન પહોંચાડવાનો છે.

# સુરતમાં પનીર વેચતી 10 સંસ્થાઓના સેમ્પલ ફેલ, 15 ડેરી અને દુકાનોમાંથી લીધા હતા સેમ્પલ

ગુજરાત | વંદન

સુરતીઓ છાશવારે પનીરનો ઉપયોગ કરતાં હોય તો સાવધાન થઈ જાવ. કારણ કે, પાલિકાના ફૂડ વિભાગે પખવાડિયા અગાઉ શહેરની 15 ડેરી અને દુકાનોમાંથી પનીરના 15 સેમ્પલ લીધા હતાં, તેમાંથી 10 સેમ્પલ ફેલ થયા છે. તેમના પનીરમાં ભેળસેળ મળી આવી છે. આ તમામ 10 ડેરી અને પનીર વેચતી દુકાનોમાંથી 240 કિલો અખાદ્ય પનીરનો નાશ કરીને તમામ દુકાન અને ડેરી બંધ કરાવી દેવામાં આવી છે.

ત્રણ અઠવાડિયા પહેલાં ભાવનગરમાં મોટાપાયે નકલી પનીરનું ઉત્પાદન કરી શહેરોમાં વેચાણ કરાતા નેટવર્કનો પર્દાફાશ થયો હતો. રાજકોટ પાલિકાએ 1600 કિલો નકલી પનીર



પકડી પાડ્યું હતું. ત્યારબાદ સમગ્ર રાજ્યના મોટા શહેરોમાં પનીરના સેમ્પલ લેવા માટેની ઝૂંબેશ છેડાઈ હતી. સુરત પાલિકાના ફૂડ વિભાગે પણ પખવાડિયા પહેલા પનીર સેમ્પલ લીધા રા. ફૂડ વિભાગે શહેરના જુદા જુદા વિસ્તારની 15 ડેરીઓમાં આરોગ્યલક્ષી દરોડા પાડી પનીરની ગુણવત્તા ચકાસવા માટે 15 સેમ્પલ લીધા હતા. આ સેમ્પલ લેબોરેટરીમાં મોકલી આપ્યાં હતાં.

જોકે પનીરના સેમ્પલ લેબોટરીમાં નિષ્ફળ સાબિત થયા હતા. આરોગ્ય વિભાગ દ્વારા આ તમામ સંસ્થાઓ સામે કોર્ટમાં ફરિયાદ નોંધવામાં આવશે. આ તમામ સંસ્થાઓ વિરૂદ્ધ પાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### કવિતાના ઉંબરેથી....

## શોધવા પંખીને માળો નીકળ્યો

માછલી સાથે જ દરીયો નીકળ્યો,
લ્યો ઋણાનુબંધ પાછો નીકળ્યો.
ચાંદની સમજી અમે મુઠ્ઠી ભરી,
મૂઠ ખોલી ત્યાં જ તડકો નીકળ્યો.
સાંજ પડતાંયે ફર્યું ના એટલે,
શોધવા પંખીને માળો નીકળ્યો.
હુંજ મારા ભાર થી થાકી ગયો,
હું હતો એ 'હું' જ ખોટો નીકળ્યો.
આશરો કેવળ નદીને જે હતો,
એક દરિયો એય ખારો નીકળ્યો.
થોભવાનો થાક વસમો હોય છે,
માર્ગ સમજ્યો એ ઉતારો નીકળ્યો
આગીયાઓ ઉજળા છેકે પછી-,
વેશ બદલી સૂર્જ ઊડતો નીકળ્યો.

– ધૂની માંડલિયા

---

## અનુસંધાન પેજ 01 પરથી...

### કર્ણાટકની જનતાનો...

વીધિ વખતે ગાંધી પરિવારના સભ્યોમા રાહુલ અને પ્રિયંકા ગાંધીએ ખાસ હાજરી આપી હતી. નોધનીય બાબત એ પણ છે કે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમા કોંગ્રેસ તરફથી રાહુલ અને પ્રિયંકાએ જ પ્રચારની બાગડોર સંભાળી હતી.

કર્ણાટકમાં 2018માં કોંગ્રેસ અને જેડીએસ બન્ને બેગા મળીને સરકાર બનાવી હતી પરંતુ કેટલાક ધારાસભ્યોના બળવાના પગલે સરકારનુ પતન થયુ હતું અને ભાજપે યેદુરપ્પાની આગેવાનીમાં સરકાર રચી હતી.જોકે થોડા સમય બાદ યેદુરપ્પાની સામે ભ્રષ્ટાચારના આરોપોના પગલે તેમના સ્થાને બસવરાજ બોમ્મઈને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. 2023ની ચૂંટણીઓ પહેલા લિંગાયત સમુદાયના વગદાર એવા યેદુરપ્પાને ભાજપે માનભેર રાજકીય સન્યાસ અપાવી લેતા તેની અસર ચૂંટણીઓમાં જોવા મળી હતી. આ ઉપરાંત બોમ્મઈ સરકાર સામે 40 ટકા કમિશ્નનનો આરોપ પણ લાગ્યો હતો ચૂંટણી પ્રચારમાં આ મુદ્દો ખૂબ ગાજ્યો હતો. ભાજપા દ્વારા તેનો કોઈ અસરકારક જવાબ આપવામાં આવ્યો ન હતો.

ગુજરાતની ચૂંટણીઓમાં ગાંધીપરિવાર તરફથી માત્ર રાહુલગાંધી ભારતજોડો યાત્રા માંથી સમય કાઢીને એક કે બે દિવસ પ્રચારમાં આવ્યા હતા. પરંતુ કર્ણાટકની ચૂંટણીઓ જાહેર થતા રાહુલ અને પ્રિયંકાએ પ્રોતે મોરચો સંભાળ્યો હતો, આજે શપથ વિવિધ બાદ કેબિનેટની પ્રથમ બેઠકમા કોગ્રેસે આપેલા પાંચ મુખ્ય વચનોના અમલ માટે નિર્ણય લેવાશે, જેમા 200 યુનિટ મફ્ત વિજળી, ઓછા ભાવે રાંધણ ગેસ, બેકારી ભથ્થુ અને પરિવાર માં એક મહિલાને દર મહીને 1 હજાર રુપયા આપવાના નિર્ણય પર મંજૂરીની મહોર મળશે.

કર્ણાટકના પરિણામો બાદ વિરોધ પક્ષમાં સૂર બદલાયા છે. અને કોંગ્રેસના નેતૃત્વમાં લોકસભાની આગામી ચૂંટણીઓ વખતે મોરચો રચાય તેવી શક્યતા સાથે આજે બેંગલુરુમાં સાથી પક્ષોની વિપક્ષી એકતા પણ જોવા મળી હતી. દરમિયાન કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાને સમારોહ હાજર રહ્યા હતા.

### મણિપુરઃ હિંસા...

ખતમ થઈ રહ્યો છે. જરૂરી દવાઓ લઈને મણિપુર આવી રહેલી 26 ટ્રકો મણિપુર બોર્ડર અને આસામમાં ફસાઈ ગઈ છે. તેમણે કહ્યું કે મણિપુરમાં મોટી સંખ્યામાં લોકો ડાયાબિટીસ, કિડની અને હૃદયના દર્દીઓ છે. આવી સ્થિતિમાં લાંબા સમય સુધી દવાઓની અછત બીમાર લોકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

મણિપુરમાં ફળો અને શાકભાજીના ભાવમાં પણ અનેકગણો વધારો થયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ દિવસોમાં મણિપુરના માર્કેટમાં કાશ્મીરી સફરજનની કિંમત 500 રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. તે જ સમયે, બટાકાની કિંમત 70-100 રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. તે જ સમયે, સરકાર અને સેના મણિપુરમાં સ્થિતિ સામાન્ય કરવામાં વ્યસ્ત છે. આ અંતર્ગત હાલમાં જ સેના અને આસામ રાઈફલ્સની સુરક્ષા હેઠળ 28 વાહનોનો કાફલો નેશનલ હાઈવે પરથી પસાર થતો ઈમ્ફાલ પહોંચ્યો હતો. આ ટ્રકોમાં રોજિંદી આવશ્યક ચીજવસ્તુઓ, તેલના ટેન્કરો વગેરેનો સમાવેશ થતો હતો.

### ચડીગઢ઼માં પોલીસ...

રૂમમાં શિફ્ટ કરવામાં આવી હતી. જો કે બાદમાં તેને ફરી એકવાર લોકો સમક્ષ પ્રદર્શનમાં મૂકવામાં આવી હતી.

આ તોપ જ્યાં રાખવામાં આવી હતી ત્યાં સીસીટીવી કેમેરા ન હતા. આ સ્થિતિમાં પોલીસ માટે આરોપીઓને શોધવા મુશ્કેલ બની ગયા છે. પીપીએસ ઓફિસર કમાન્ડન્ટ બલવિંદર સિંહની ફરિયાદ પર પોલીસ સ્ટેશને આ કેસ નોંધવામાં આવ્યો છે.

### નરેન્દ્ર મોદી...

પોસ્ટિંગનો અધિકાર દિલ્હી સરકાર પાસે હશે, પરંતુ મોદીજીની સરકારે સુપ્રીમ કોર્ટના નિર્ણયને વટહુકમ સાથે બદલી નાખ્યો. આ તુગલકી વટહુકમ છે જે બંધારણની વિરુદ્ધ છે. આ બંધારણ ટકી શકશે કે નહીં તે એક પ્રશ્ન છે. આ કટોકટીની સ્થિતિ છે, તમે કોર્ટનો નિર્ણય બદલ્યો છે. એવી સરમુખત્યારશાહી કે તમે સુપ્રીમ કોર્ટનો નિર્ણય બદલી નાખો.

### વ્યંગ

## લક્ષ્મીપતિ....

બે હજારની નોટનાં સમાચાર સાંભળી લક્ષ્મીપતિ ધનસુખલાલ બોલ્યાં,"ઓ... હો... આ શું થઈ ગયું? મારી લક્ષ્મી ગઈ, હવે હું શું કરીશ?"

ત્યાં રસોડામાંથી ધનલક્ષ્મીબેન બોલ્યાં, "આ રહી હું...ક્યાંય નથી ગઈ."

"હું તો મારી તિજોરીની લક્ષ્મીની વાત કરું છું."

"કેમ શું થયું?"

"બે હજારની નોટો બંધ થઈ ગઈ, કાલે પેલી કામવાળીને અને ચોકીદારને બોલાવી લે જે, ગઈ વખતે તેમનાં ખાતાંમાં જ તો પૈસા જમા કરાવ્યાં હતાં...!" ધનસુખલાલ તિજોરીખોલતાં બોલ્યાં

- રિપલકુમાર પરીખ

---

## અનુસંધાન પેજ 10 પરથી...

### શું ખરેખર...

ઓછું વિશ્વના પ્રથમ સાયન્સ ફિક્શન લેખકનો શ્રેય વાલ્મીકિને આપવો જોઈએ.

પુષ્પક વિમાન એક ફાઈટર એરક્રાફ્ટ હતું જે અનેક સુવિધાઓથી સજ્જ હતું. પુષ્પક વિમાન વિશેની માહિતી રામાયણના સુંદરકાંડના સાતમા અધ્યાયમાં મળે છે. પુષ્પક વિમાનનો આકાર મોર જેવો હતો. તે અગ્નિ અને વાયુ ઉર્જા દ્વારા ઉડતું હતું. તેની ટેક્નોલોજી એટલી ઉત્તમ હતી કે તેનું કદ ઘટાડી અને મોટું કરી શકાય છે.

કહેવાય છે કે આ વિમાનમાં રાવણ પોતાની આખી સેના સાથે ઉડી શકતો હતો. પુષ્પક વિમાન તેના પાયલોટની ઈચ્છા મુજબ સ્પીડ પકડતો હતો. તે મનની ઝડપે ઉડી શકતો. એટલે કે તે માત્ર વિચાર કરીને જ ઈચ્છિત જગ્યાએ પહોંચી જતો હતો. તે બધી દિશામાં ઉડી શકતું હતું..

તે ઓલ-વેધર એર-કન્ડિશન્ડ (AC) એરક્રાફ્ટ હતું. કહેવાય છે કે આ વિમાનમાં સોનાના થાંભલા હતા. તેના પગથિયાં પર કિંમતી રત્નો જડેલા હતા. તેમાં ઘણી કેબિન બનાવવામાં આવી હતી. વિમાનમાં નીલમથી બનેલું સિંહાસન પણ હતું. પ્લેનમાં બેસવા માટે ઘણી સીટો બનાવવામાં આવી હતી. આ વિમાન અનેક પ્રકારના ચિત્રો અને જાળીઓથી સજ્જ હતું. પુષ્પક વિમાન દિવસ દરમિયાન તેમજ રાત્રે ઉડવા માટે સક્ષમ હતું.

બીજી એક માન્યતા એવી છે કે, પુષ્પક વિમાનનું મંત્રો દ્વારા નિર્માણ થયું હતું. જ્યારે વિમાનના પાયલોટે તે મંત્રોનો જાપ કર્યો, ત્યારે જ તે ઉડી શક્યો. તે રિમોટ કંટ્રોલ પ્લેન જેવું હતું. પૌરાણિક કથાઓ અનુસાર, પુષ્પક વિમાન માત્ર એક જગ્યાએથી બીજી જગ્યાએ જ નહીં પરંતુ અન્ય ગ્રહોની પણ મુસાફરી કરી શકતો હતો..... એટલે કે તે એક પ્રકારનું સ્પેસશીપ હતું. આખું પ્લેન સોનાનું બનેલું હતું.ભગવાન શ્રી રામે રાવણનો વધ કરીને લંકા પર વિજય મેળવ્યો હતો. પૌરાણિક કથાઓ અનુસાર, યુદ્ધ પછી ભગવાન શ્રીરામે વિમાનની પૂજા કરી અને આ દિવ્ય વિમાન કુબેરને પાછું સોંપ્યું. કુબેરે ભગવાન શ્રી રામને પુષ્પક વિમાન ભેટમાં આપ્યું હતું. જે પછી ભગવાન શ્રી રામ, માતા સીતા અને લક્ષ્મણ આ પુષ્પક વિમાન દ્વારા અયોધ્યા પહોંચ્યા હતા..એક રામાયણમાં એવો ઉલ્લેખ છે કે રાવણનું પુષ્પક વિમાન વિશ્વકર્માએ બનાવ્યું અને બ્રહ્માને ભેટમાં આપ્યું હતું. પુષ્પક વિમાન વિશે બીજી ઘણી પૌરાણિક કથાઓમાં ઉલ્લેખ છે. આમાં, તે પ્રાચીન સમયમાં માનવીઓ અદ્યતન ટેક્નોલોજીવાળા વિમાનો વિશે જાણતા હોવાનો ઉલ્લેખ જોવા મળે છે.

સ્કંદ પુરાણના 3 અધ્યાય 23માં તેનો ઉલ્લેખ છે. કહેવાય છે કે ઋષિ કર્દમાએ પોતાની પત્નીને ખુશ કરવા માટે વિમાન બનાવ્યું હતું. આ પ્લેન દ્વારા કોઈ પણ જગ્યાએ જઈ શકે છે. ઋષિ કર્દમ દ્વારા બનાવેલા વિમાનમાં પણ પુષ્પક વિમાનના ગુણ હતા.

ઋગ્વેદના છત્રીસમા સૂક્તમાં વિમાનનો ઉલ્લેખ છે. પંડિત મધુસૂદન સરસ્વતીએ ઈન્દ્રવિજય નામના ગ્રંથમાં લખ્યું છે- ઋગ્વેદમાં ઉલ્લેખ છે કે પ્રાચીન સમયમાં ઋષિમુનિઓએ ત્રણ પૈડાંવાળો રથ બનાવ્યો હતો. આ રથ અવકાશમાં પણ ઉડી શકતો હતો. રામાયણમાં મેઘનાથ પણ ઉડતા રથનો ઉપયોગ કરતા હોવાની માહિતી છે.એવું કહેવાય છે કે મહર્ષિ ભારદ્વાજે ચોથી સદી પૂર્વે વામાનિકી શાસ્ત્ર લખ્યું હતું. જેમાં અવકાશમાં ઉડતા વિમાન બનાવવાની માહિતી આપવામાં આવી હતી. મહર્ષિ ભારદ્વાજે જે રીતે વિમાન બનાવવાની માહિતી આપી તે વિમાન બનાવવાની આજની ટેક્નોલોજી કરતાં ઘણી આગળ હતી.કેટલીક જગ્યાએ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે લંકામાં ફાઈટર પ્લેનની વ્યવસ્થા પ્રહસ્થને સોંપવામાં આવી હતી. પ્રહસ્થ વાહનોમાં ઈંધણની વ્યવસ્થાનું ધ્યાન રાખતો હતો. લંકામાં, સૂર્યમુખીના છોડના ફૂલોમાંથી તેલ (પેટ્રોલ) કાઢવામાં આવતું હતું. જો કે નવાઈની વાત એ છે કે જો આવા વિમાન રાવણ પાસે હતા તો રામ સાથેના યુદ્ધમાં આ વિમાનોના ઉપયોગનો ઉલ્લેખ કેમ નથી..?

શ્રીલંકાની શ્રી રામાયણ સંશોધન સમિતિ અનુસાર, રાવણ પાસે તેના વિમાનો રાખવા માટે ચાર એરપોર્ટ હતા. આ 4 એરપોર્ટમાંથી એકનું નામ ઉસાંગોડા હતું. આ એરપોર્ટને હનુમાનજીએ લંકા દહન સમયે સળગાવીને નષ્ટ કરી દીધું હતું. અન્ય ત્રણ એરપોર્ટ ગુરુલોપોથા, તોતુપોલકાંડા અને વરિયાપોલા હતા જે સાચવવામાં આવ્યા હતા.

## અનુસંધાન પેજ 12 પરથી...

### ઓગસ્ટ આવવા..

માલિકીના અદાણી જૂથ સામે યુએસ શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચ દ્વારા નાણાંકીય કૌભાંડ અને શેર બજારમાં ગેરરીતિ આચરવાના આક્ષેપોની તપાસ માટે છ સભ્યોની સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં હવે આ કેસની વધુ સુનાવણી 11 જુલાઈના રોજ થશે.

સુપ્રીમ કોર્ટે અદાણી હિંડનબર્ગ વિવાદની તપાસ માટે સેબીને નિર્દેશ આપ્યો હતો અને બે મહિનામાં રિપોર્ટ સોંપવા નિર્દેશ કર્યો હતો. જો કે સેબીએ આ કેસની તપાસ માટે સુપ્રીમ કોર્ટ પાસે વધુ છ મહિનાનો સમય માંગ્યો હતો. ગત સપ્તાહે સેબીની અપીલ ગત સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે અદાણી હિંડનબર્ગ વિવાદની તપાસ માટે સેબીને છ મહિના જેટલો લાંબો સમય આપી શકીયે તેમ નથી. સેબી અનિશ્ચિત સમય માટે લાંબો સમય લઈ શકે નહીં અને અમે તેમને 3 મહિનાનો સમય આપીશું.

### રથયાત્રાના 22...

સમયે પોલીસ અધિકારીઓ પેટ્રોલિંગ કરતા હોય છે. પરંતુ આ ટેક્નોલોજીની મદદથી ગમે ત્યારે ગમે તે ક્ષણે વીઆર બોક્સની મદદથી સમગ્ર રૂટ જાણી શકાશે.

રથયાત્રા નીકળે તે સમયે કયા ખૂણા કઈ જગ્યાએ પોલીસ બંદોબસ્ત રાખવો અને કઈ જગ્યાએ રાખવો જરૂરી નથી તે પણ એક સ્કીમ પોલીસી બનાવી શકશે, જેના કારણે ખોટી જગ્યાએ પોલીસ ફોર્સ ન મુકી રાખીને જ્યાં ખરેખર પોલીસ, ફાયર અને ઈમરજન્સી ટીમની મદદ છે ત્યાં મુકી શકાશે. સમગ્ર રૂટનું તૈયાર કરાયેલા મેપિંગના સ્કીનીંગ હાલમાં અમદાવાદ શહેર પોલીસ કમિશનર સહિતના અધિકારીઓને કરવામાં આવ્યું છે, જેથી આ વર્ષે રથયાત્રામાં આસ્થાની સાથે હાઈટેક લુક પણ જોવા મળશે.

નોંધનીય છે કે, રથયાત્રામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ થોડા સમય પહેલા જ અનંત યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. સાયબર પ્રોજેક્ટને લઈને જ્યારે પોલીસ અને યુનિવર્સિટી વચ્ચે એમઓયુ થયા હતા તે સમયે કોલેજના વિદ્યાર્થીઓને AIની મદદથી રથયાત્રામાં પોલીસને મદદ કરવા આહ્વાન કર્યું હતું. અનંત યુનિવર્સિટી દ્વારા છેલ્લા એક મહિનાથી આ પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે. અનંત યુનિવર્સિટીના 11 વિદ્યાર્થીઓ અને 3 ફેકલ્ટી મેમ્બર દરરોજ 18થી 20 કલાક કામ કરી રહ્યા છે. દેશમાં પ્રથમવાર લાખોની જનમેદની એકઠી થતી હોય તેવા જાહેર કાર્યક્રમમાં AIનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

### હીટ સ્ટ્રોકના...

અને વડોદરામાં ત્રણ ત્રણ કેસ નોંધાયા છે.

જ્યારે બીજી તરફ આણંદ, ખેડા અને પંચમહાલમાં હીટ સ્ટ્રોક બે બે કેસ નોંધાયા છે. અમરેલી, બોટાદ, દેવભૂમિ દ્વારકા, કચ્છ, મહેસાણા, મહીસાગર, મોરબી, પાટણ, સુરત, ડાંગ અને વલસાડમાં એક એક કેસ નોંધાયા છે. ગરમી દરમિયાન હજુ પણ હીટ સ્ટ્રોકના કેસ વધવાની શક્યતા છે.

અગાઉના વર્ષ પ્રમાણે સરખામણી કરીએ તો ગુજરાતમાં માર્ચ મહિનામાં 2022માં 10 કેસ નોંધાયા હતા. જ્યારે માર્ચ 2023માં 9 કેસ નોંધાયા હતા. એપ્રિલ 2022માં 49 કેસ જ્યારે એપ્રિલ 2023માં 20 કેસ નોંધાયા છે. તેમજ મે 2022માં 17 કેસ જ્યારે 19 મે 2023 સુધી 44 કેસ નોંધાયા છે.

### વાદ-વિવાદઃ...

આવે છે અને કોના આશીર્વાદથી આવે છે તે જણાવે. ગુજરાતમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટચાર ખુલ્લો પડી રહ્યો છે. ખાણ ખનીજથી માંડી નલ સે જલ યોજનામાં થતા ભ્રષ્ટાચારમાં કોની-કોની સંડોવણી છે તે ખુલ્લા પાડે અને લોકોના હિતમાં કામ કરે.

# બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ આચરનારા 1130 વિદ્યાર્થીઓ CCTVમાં ઝડપાયા

ગુજરાત | વંદન

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-2023માં લેવામાં આવેલી ધોરણ-10 અને 12ની પરીક્ષામાં ગેરરીતિ રોકવા માટે બેઠક વ્યવસ્થા સીસીટીવી કેમેરાથી સજ્જ વર્ગખંડમાં કરવામાં આવી હતી. ત્યારે વિદ્યાર્થીઓએ પરીક્ષામાં કરેલી ગેરરીતિમાં બોર્ડના ફ્લાઈંગ સ્ક્વોડમાં છટકી ગયેલા વિદ્યાર્થી હવે સીસીટીવી કેમેરાના ફૂટેજમાં ઝડપાઈ ગયા છે.

ધો.10ની પરીક્ષામાં સીસીટીવી ફૂટેજના આધારે 759 કેસ અને સ્ક્વોડ, સ્થળ સંચાલક, ખંડ નિરીક્ષક દ્વારા 29 કેસ કરાયા છે. ધો.12 સાયન્સમાં સીસીટીવી ફૂટેજના આધારે 26 અને સ્કવોડ, સ્થળ સંચાલક તથા ખંડ નિરીક્ષક દ્વારા નવ કેસ કરાયા છે. ધો.12 સામાન્ય પ્રવાહમાં સીસીટીવી ફૂટેજના આધારે 345, અન્ય દ્વારા 22 કેસ કરાયા છે. તેમાં સ્કવોડ, સ્થળ સંચાલક કે ખંડ નિરીક્ષક દ્વારા પરીક્ષામાં ગેરરીતિ કરતા ધોરણ-10 અને 12ના માત્ર 60 વિદ્યાર્થી પકડાયા છે. જ્યારે સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં, ગેરરીતિ કરતા 1130 ધોરણ-10 અને 12ના વિદ્યાર્થી ઝડપાયા છે. જોકે ગેરરીતિમાં પકડાયેલા કુલ 1190 વિદ્યાર્થીને શિક્ષણ બોર્ડ દ્વારા તેમને જવાબ રજૂ કરવાની તક આપવામાં આવશે.

# ભૂલથી પણ ક્યારેય આ રીતે QR કોડને સ્કેન ન કરતા... નહીં તો બેંક એકાઉન્ટ થઈ જશે ખાલી

■ છેતરપિંડી એટલે કે ફ્રોડ કરવા માટે લોકો મોબાઈલ પર મેસેજના આધારે મોકલે છે QR કોડ

ગુજરાત | વંદન

કોઈ અજાણી જગ્યાએથી મળેલ અથવા તો આપના મોબાઈલ પર આવેલ QR કોડને ક્યારેય સ્કેન ન કરો. જો આપ તે QR કોડ સ્કેન કરો છો તો આપના ખાતામાંથી છેતરપિંડી દ્વારા રૂપિયા ઉઠાવી લેવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે લોકોને સાવધાન કર્યા છે કે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા 'સાઈબર દોસ્ત' એ લોકોને આગ્રહ કરતા ટ્વિટ કર્યું છે. સાઈબર દોસ્ત સાઈબર સિક્યોરિટીના ક્ષેત્રમાં લોકોમાં જાગૃકતા ફેલાવવા માટે સોશિયલ મીડિયાનું પ્લેટફોર્મ છે.

QR કોડ એટલે કે, quick response code ઈલેક્ટ્રોનિકસની દુનિયામાં તુરંત કામ પતાવવાનો એક આઈડિયા છે. આ કોડ સંકેત અક્ષરોના રૂપમાં હોય છે. જેને આપણે ખુદ નથી વાંચી શકતા. તેને વાંચવા માટે એક ખાસ ઉપકરણની જરૂરિયાત હોય છે અથવા ઉપકરણમાં લાગેલા સ્કેનરની મદદથી તેને વાંચી શકાય છે. આ એક પ્રકારનો મેટ્રિક્સ બારકોડ છે કે જેમાં અનેક પ્રકારની સૂચનાઓ ઉપલબ્ધ હોય છે. QR કોડ સૌ પહેલા મોટર વાહન ઉદ્યોગ માટે શરૂ કરવામાં આવ્યો હતો. પરંતુ આજે તેનો વિસ્તાર વિસ્તૃત છે. કદાચ ભાગ્યે કોઈ એવું સેક્ટર બચ્યું હશે કે જ્યાં આનો ઉપયોગ નથી થઈ રહ્યો. કારણ કે વધારે ઉપયોગ થવાથી તેમાં છેતરપિંડી થવાની ઘટનાઓ વધવા લાગી છે.



છેતરપિંડી એટલે કે ફ્રોડ કરવા માટે લોકો મોબાઈલ પર મેસેજના આધારે QR કોડ મોકલે છે અથવા તો તમારા કોમ્પ્યુટર પર આવા મેસેજ શેર કરવામાં આવે છે. તેમાં સ્કેન કરવાની લાલચ આપવામાં આવે છે. અનેક જગ્યાએ એવી ઘટના થઈ ચૂકી છે કે જેમાં અજાણ્યો QR કોડ સ્કેન કરતાની સાથે જ બેંક એકાઉન્ટ ખાલી થઈ જાય છે. આ છેતરપિંડીનો નવો આઈડીયા છે. એટલાં માટે સરકારે તેનાથી બચવા માટે સૂચન આપ્યું છે. સરકારે એ સ્પષ્ટ કર્યું છે કે, 'જ્યાં સુધી QR કોડની તમને સંપૂર્ણ જાણકારી ના હોય, POS પણ ભરોસાપાત્ર હોય ત્યારે QR કોડ સ્કેન કરવો જોઈએ. નહીં તો તેનાથી સૌથી મોટો ખતરો ઊભો થઈ શકે છે.

QR કોડ સમજવા માટે આધારનું જ આપ અહીં ઉદાહરણ લઈ શકો છો. આજકાલ આધાર પર એક નવો સિક્યોર QR કોડ દેખાય છે. જેમાં આધાર કાર્ડ હોલ્ડરનો ફોટો અને ડેમોગ્રાફિક સાથે જોડાયેલી પૂરી જાણકારી હોય છે. આધાર સાથે જોડાયેલ QR કોડ ટેમ્પર પ્રુફ હોય છે કારણ કે, તે UIDAI દ્વારા ડિજિટલી માન્યતા પ્રાપ્ત હોય છે.

આધારના QR કોડમાં રેફરન્સ કોડ, કાર્ડ હોલ્ડરનું નામ, લિંગ, જન્મતિથિ, મોબાઈલ નંબર, ઈમેઈલ એડ્રેસ, ઘરનું એડ્રેસ, ફોટોગ્રાફ અને 2048 બિટનું ડિજિટલ શામેલ હોય છે. તેને હાથથી ચલાવવામાં આવેલ સ્કેનર ડિવાઈસ, એન્ડ્રોઈડ આધારિત એપ અને iOs આધારિત એપથી સ્કેન કરી શકાય છે. આ સિવાય આજકાલ દરેક પ્રોડક્ટ પર એક QR કોડ હોય છે જેનાથી પ્રોડક્ટને વિશે તમામ પ્રકારની જાણકારી મેળવી શકાય છે. QR કોડનો સૌથી વધારે ઉપયોગ કોરોના કાળમાં વધારે થયો છે. કારણ કે દૂધ ખરીદવાથી લઈને કરિયાણું હોય કે અન્ય કોઈ પણ પ્રોડક્ટ્સ માટે સૌથી વધારે ઉપયોગ QR કોડનો કરવામાં આવ્યો છે.

## બજારોનાં અંતરંગ

### જીયોના ગ્રાહકોની સંખ્યા 2026 સુધીમાં 50 કરોડ થઈ જશે

રિલાયન્સ દ્વારા જયારે પ્રથમ વખત મોબાઈલ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો તો તે સમયે




કરલો દુનિયા મુઠ્ઠીમેં તેવુ સ્લોગન અપાયુ હતું પરંતુ તે રિલાયન્સ મોબાઈલ કંપની તો દેવાળી થઈ પણ મુકેશ અંબાણીએ રિલાયન્સ જીયોના નામે હવે દુનિયા નહી તો ભારતને મુઠ્ઠીમાં લેવાનું શરુ કર્યુ છે. હાલ દેશની નંબર વન મોબાઈલ કંપની 2025-26ના વર્ષના અંતે 50 કરોડ ગ્રાહક ધરાવતા હશે. હાલ 2023માં ચોથા કવાર્ટરમાં રિલાયન્સે તેના ગ્રાહકોમાં 6.4 મીલીયનનો વધારો કર્યો છે.

### SBIનો નફો 83% વધીને રૂ. 16695 કરોડ થયો

દેશની સૌથી મોટી બેંક SBI (SBI) એ નાણાકીય વર્ષ 2022-23 ના ચોથા ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ) ના પરિણામો જાહેર કર્યા છે.




જાહેર ક્ષેત્રની બેંકે અહેવાલ આપ્યો છે કે માર્ચ ક્વાર્ટરમાં બેંકનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 83 ટકા વધીને રૂ. 16,695 કરોડ થયો છે. ગયા વર્ષે જાન્યુઆરીથી માર્ચ દરમિયાન બેન્કને રૂ. 9,113 કરોડનો ચોખ્ખો નફો થયો હતો.SBI ના બોર્ડે માર્ચ 2023 ના રોજ પૂરા થતા ક્વાર્ટર માટે રોકાણકારોને પ્રતિ શેર રૂ. 11.30 (1130%) ના ડિવિડન્ડની જાહેરાત કરી છે. ડિવિડન્ડની ચુકવણી માટે 14 જૂન, 2023ની તારીખ નક્કી કરવામાં આવી છે.

### સરકારે ઇલેક્ટ્રિક ટુ વ્હીલરની સબસિડીમાં કર્યો ઘટાડો

જો તમે ઈલેક્ટ્રિક વ્હીકલ ખરીદવાનું વિચારી રહ્યા છે, તો આ સમાચાર તમને આંચકો આપી શકે છે. હવે ઈલેક્ટ્રિક વ્હીકલ ખરીદવા માટે તમારે વધારે રૂપિયા ચૂકવવાની તૈયારી રાખવી પડશે, કારણ કે બેટરી સંચાલિત આવા વાહનોની ખરીદી ઉપર આપવામાં આવતી સબસિડી સરકારે ઘટાડી દીધી છે. કેન્દ્ર સરકાર હાલ ઈલેક્ટ્રિક ટુ - વ્હીલર માટે પ્રતિ કિલોવોટ દીઠ 15000 રૂપિયા સબસિડી આપે છે. મીડિયા રિપોર્ટ અનુસાર કેન્દ્ર સરકારે ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર માટે આપવામાં આવતી સબસિડી ઘટાડી રહી છે. હાલ કેન્દ્ર સરકાર ઈલેક્ટ્રિક ટુ - વ્હીલર માટે પ્રતિ કિલોવોટ દીઠ 15000 રૂપિયા સબસિડી આપે છે, જેને ઘટાડીને હવે પ્રતિ કિલોવોટ દીઠ 10,000 રૂપિયા કરવામાં આવી છે. સિનિયર અધિકારીઓને ટાંકીને મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, વાહનની એક્સ-ફેક્ટરી પ્રાઈસની 40 ટકા હાલની મહત્તમ સબસિડીની મર્યાદા પણ ઘટાડીને 15 ટકા કરવામાં આવી છે.

### સેબીએ ભાગેડુ મેહુલને કહ્યું: 5.35 કરોડ ચૂકવી જાઓ નહીંતર

સેબીએ ગુરુવારે ભાગેડુ લોન ડિફોલ્ટર મેહુલ ચોક્સીને



ગીતાંજલિ જેમ્સ લિમિટેડના શેરમાં ગેરરીતિ આચરવાના કેસમાં 5.35 કરોડ રૂપિયા ચૂકવવા માટે નોટિસ ફટકારી છે. જો મેહુલ ચોક્સી 15 દિવસમાં આ રકમ નહીં ચૂકવે તો ધરપકડ અને સંપત્તિ તેમજ બેંક એકાઉન્ટ જપ્ત કરવાની ચેતવણી આપી છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા અગાઉ ફટકારવામાં આવેલા દંડની ચૂકવણી કરવામાં ભાગેડુ લોન ડિફોલ્ટર મેહુલ ચોક્સી નિષ્ફળ ગયા બાદ તેને આ નવેસરથી ડિમાન્ડ નોટિસ ફટકારવામાં આવી છે.

## આગામી પાંચ વર્ષમા ધનિકોની સંખ્યા 12,069 થી વધીને 19,119 થશે

# ભારતવર્ષમાં ગરીબોની સાથે ધનિકોની સંખ્યા પણ વધી રહી છે

ગુજરાત | વંદન

ભારતમાં ધનવાન વ્યક્તિઓની સંખ્યામાં સતતવ વધારો થઈ રહ્યો છે અને આગામી પાંચ વર્ષમાં અલ્ટ્રા- હાઈ નેટ વર્થ એટલે કે અત્યંત ઉંચ્ચ સંપત્તિવાન ધનાઢ્યોની સંખ્યામાં 58 ટકાનો વધારો થશે. નાઈટ ફ્રેન્કના જણાવ્યા અનુસાર ભારતમાં 30 મિલિયન ડોલરથી વધુની નેટવર્થ ધરાવતી અલ્ટ્રા-હાઈ-નેટ-વર્થ ઈન્ડિવિઝ્યુઅલ વ્યક્તિઓની સંખ્યા ગયા વર્ષે 7.5 ટકા ઘટીને 12,069 થઈ હતી પરંતુ આગામી પાંચ વર્ષમાં વધીને 19,119 થઈ જશે.

ભારતની અબજોપતિઓની વસ્તી વર્ષ 2022માં વધીને 161 થઈ ગઈ છે જે અગાઉના વર્ષમાં 145 હતી અને 2027 સુધીમાં વધીને 195 થવાનો અંદાજ છે એવું રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેન્કે બુધવારે જાહેર કરેલા 'ધ વેલ્થ રિપોર્ટ 2023'માં જણાવ્યું છે. જે ધનાઢ્યોની કુલ સંપત્તિ 3 કરોડ ડોલરથી વધારે હોય તેમને અલ્ટ્રા-હાઈ-નેટ-વર્થ ઈન્ડિવિઝ્યુઅલ (UHNWI) એટલે કે અત્યંત ઉચ્ચ સંપત્તિવાન વ્યક્તિ ગણવામાં આવે છે.

રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેન્કે 'ધ વેલ્થ રિપોર્ટ 2023' જાહેર કર્યો છે, જેમાં દુનિયાભરના દેશોના ધનાઢ્યોની સંખ્યાનો આંકડો આપ્યો છે. નાઈટ ફ્રેન્કે આ રિપોર્ટમાં જણાવ્યું છે કે, "ભારતમાં હાઈ-નેટ-વર્થ ઈન્ડિવિઝ્યુઅલ (HNI) ધનિકો એટલેની સંખ્યા ગયા વર્ષે વધીને 7,97,714 થઈ ગઈ છે જે વર્ષ 2021માં 7,63,674 હતી. જે ધનિકોની કુલ સંપત્તિ 10 લાખ કે તેનાથી વધારે તેમને હાઈ નેટ વર્થ ઈન્ડિવિઝ્યુઅલ એટલે કે ઉચ્ચ સંપત્તિવાન વ્યક્તિ ગણવામાં આવે છે. ભારતમાં HNIની સંખ્યા 2027 સુધીમાં વધીને 16,57,272 થવાની આગાહી કરવામાં આવી છે.

### સમગ્ર વિશ્વમાં ધનિકોની સંખ્યા 5 વર્ષમાં 28 ટકા વધશે



નાઈટ ફ્રેન્કે વર્ષ 2027 સુધીમાં સમગ્ર દુનિયામાં અલ્ટ્રા હાઈ નેટ વર્થ ઈન્ડિવિઝ્યુઅલની સંખ્યા 28.5 ટકા વધવાની આગાહી કરી છે. સમગ્ર વિશ્વમાં અલ્ટ્રા હાઈ નેટ વર્થ ઈન્ડિવિઝ્યુઅલની સંખ્યા વર્ષ 2017માં 402421 હતી, જે વર્ષ 2021માં વધીને 602553, વર્ષ 2022માં 579625 હતી. જેમની સંખ્યા વર્ષ 2027માં 744812 થવાન અપેક્ષા છે.

# Paytmએ NPCI અને SBI કાર્ડ સાથે મળીને RuPay ક્રેડિટ કાર્ડ લોન્ચ કર્યું



ગુજરાત | વંદન

Paytm એ પ્રથમ વખત નેશનલ પેમેન્ટ્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (NPCI) RuPay સાથે ભાગીદારી કરી છે. ફિનટેક જાયન્ટ Paytm એ ગુરુવારે SBI કાર્ડ સાથે મળીને તેનું બીજું ક્રેડિટ કાર્ડ લૉન્ચ કર્યું. આ પ્રથમ વખત છે જ્યારે કંપનીએ નેશનલ પેમેન્ટ્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (NPCI) RuPay સાથે ભાગીદારી કરી છે. Paytm CEO અને સ્થાપક વિજય શેખર શર્માએ આ ભાગીદારીને 'કિલર કોમ્બો' ગણાવી હતી. કંપનીએ કહ્યું કે તે Paytm RuPay ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરનારા ગ્રાહકોને રૂ. 75,000 સુધીના વિશિષ્ટ વિશેષાધિકારો પ્રદાન કરશે. આ સાથે પેટીએમ ફર્સ્ટ મેમ્બરશિપનો પણ સમાવેશ કરવામાં આવશે. આ અંતર્ગત ગ્રાહકોને પેટીએમ એપ દ્વારા OTT પ્લેટફોર્મનું સબ્સ્ક્રિપ્શન અને ફ્લાઈટ પર ડિસ્કાઉન્ટ જેવી સુવિધાઓ મળશે. મુંબઈમાં લોન્ચ ઈવેન્ટમાં બોલતા, NPCIની સીઓઓ પ્રવીણા રાયે કહ્યું, "અમે Paytm સાથે ભાગીદારી કરીને આનંદિત છીએ."

## વિદેશ પ્રવાસ મોંઘો થશે

# દેશની બહાર ક્રેડિટ કાર્ડ થકી કરાયેલા ખર્ચ પર 20 ટકા TCS ટેક્સ લાગશે

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારે મંગળવારે 16 મે, 2023ની રાત્રે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટના નિયયોમાં સુધારા અંગેનું નોટિફિકેશન જારી કર્યુ હતુ. જેમાં ભારતની બહાર ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડના ખર્ચને લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS) હેઠળ આવરી લેવામાં આવ્યો છે. આ નિર્ણયના પગલે હવે ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડ મારફતે ભારતની બહાર કરવામાં આવતા ખર્ચાઓ પર 20 ટકાના દરે ટેક્સ કલેક્શન એટ સોર્શ (TCS) લાગુ પડશે. આ ફેરફાર 1 જુલાઈથી અમલમાં આવસે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આ પગલાથી કાર્ડ ઈશ્યૂ કરતી બેંકો અને ગ્રાહકો માટે નિયમ પાલનનો નવો બોજ પડી શકે છે.

# LIC HFLનો ચોથા ક્વાર્ટરમાં નફો વધીને રૂ. 1,180 કરોડ થયો

■ કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા શેર પર 425 ટકા ડિવિડન્ડની ભલામણ કરી

ગુજરાત | વંદન

હાઉસિંગ ફાઈનાન્સ કંપની LIC હાઉસિંગ ફાઈનાન્સ લિ. માર્ચમાં પૂરા થયેલા છેલ્લા નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ક્વાર્ટરમાં સ્ટેન્ડઅલોન ધોરણે ચોખ્ખો નફો 5.51 ટકા વધીને રૂ. 1,180.28 કરોડ થયો છે. કંપનીએ એક નિવેદનમાં આ જાણકારી આપી છે. અગાઉ, નાણાકીય વર્ષ 2021-22 ના સમાન ક્વાર્ટરમાં, કંપનીનો ચોખ્ખો નફો 1,118.64 કરોડ રૂપિયા હતો.




માર્ચ 2023 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં LIC હાઉસિંગ ફાઈનાન્સની ઓપરેટિંગ આવક 21.05 ટકા વધીને રૂ. 6,415.11 કરોડ થઈ છે જે એક વર્ષ અગાઉના ક્વાર્ટરમાં રૂ. 5,299.66 કરોડ હતી. નિવેદન અનુસાર, સમગ્ર નાણાકીય વર્ષ 2022-23 માટે કંપનીનો ચોખ્ખો નફો 26.40 ટકા વધીને રૂ. 2,891.03 કરોડ થયો છે. અગાઉ નાણાકીય વર્ષમાં તે રૂ. 2,287.28 કરોડ હતો.

સમીક્ષા હેઠળના નાણાકીય વર્ષમાં ઓપરેટિંગ આવક 13.75 ટકા વધીને રૂ. 22,656.95 કરોડ થઈ છે, જે અગાઉના નાણાકીય વર્ષ 2021-22માં રૂ. 19,919.07 કરોડ હતી. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા શેર પર 425 ટકા (શેર દીઠ રૂ. 8.5) ડિવિડન્ડની ભલામણ કરી છે.

## NDTVએ કેન્દ્ર પાસે મંજૂરી માંગી

# હવે અદાણી ગ્રુપ નવ પ્રાદેશિક ચેનલો શરૂ કરશે

ગુજરાત | વંદન

મીડીયા ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહેલા અદાણી ગ્રુપે સર્વપ્રથમ એનડીટીવી- ખરીદી લીધા બાદ હવે નવ પ્રાદેશિક ચેનલો પણ લોન્ચ કરવા માટે કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલય પાસે મંજુરી માંગી છે. આ અંગે મુંબઈ સ્ટોક એકસચેંજ તથા નેશનલ સ્ટોક એકસચેંજને એક લેખીત જાણમાં એનડીટીવીના કંપની સેક્રેટરીએ જણાવ્યું હતું કે મંત્રાલયની મંજુરી મળી ગયા બાદ આ પ્રાદેશિક ભાષાની ચેનલો શરુ કરવા માટેની કાર્યવાહી હાથ ધરાશે.

સૂત્રોના જણાવ્યા મુજબ એનડીટીવી ગુજરાતી સહિતની હાલની પ્રાદેશિક ભાષાની ચેનલો છે તે 'ટેકઓવર' કરી શકે છે. જેના કારણે પ્રાદેશિક ભાષાની ચેનલોમાં પણ અદાણી અને અંબાણી જુથની ટકકર થશે. અંબાણી જૂથે અગાઉથી વાયાકોમ-18 મારફત ટીવી ચેનલ પ્રસારણમાં ઝુકાવ્યુ છે.

# નક્ષત્ર માટે ઈસરો મહિનાના અંત સુધીમાં નેવિગેશનલ ઉપગ્રહ છોડશે

■ 2020, 2021 અને 2022માં ઈસરો દ્વારા માત્ર બે જ ઉપગ્રહ લોન્ચ થયા

ગુજરાત | વંદન

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો), વર્ષના ત્રીજા પ્રક્ષેપણમાં, 29 મેના રોજ સાત-ઉપગ્રહ નેવિગેશન નક્ષત્ર NavIC ને વધારવા માટે NVS-01 ઉડાન ભરશે. એટલું જ નહીં તે નવા હેઠળ નેવિગેશનલ સેટેલાઈટનું પ્રથમ પ્રક્ષેપણ હશે. moniker NVS, પરંતુ તે ત્રણ પેંડેમીક વર્ષો દરમિયાન અવકાશ એજન્સીના રેકોર્ડને પણ તોડશે.


આ વર્ષે જે બે પ્રક્ષેપણ થઈ ચૂક્યા છે તે પણ નોંધપાત્ર હતા કારણ કે પ્રથમમાં



નવા સ્મોલ સેટેલાઈટ લોંચ વ્હીકલને હાલના ઈસરો કાફલામાં સામેલ કરવામાં આવ્યું હતું અને બીજામાં સૌથી ભારે રોકેટ LVM Mk3ને ભરોસાપાત્ર વ્યાપારી પ્રક્ષેપણ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું હતું. મે મહિનાના અંતમાં નિર્ધારિત પ્રક્ષેપણ ઉપરાંત, અવકાશ એજન્સી વર્ષના ત્રીજા ક્વાર્ટર દરમિયાન તેના પ્રથમ સૌર મિશન આદિત્ય-એલ1 જેવા મોટા-ટિકિટ મિશન શરૂ કરવાની પણ યોજના બનાવી રહી છે. આ વર્ષના અંતમાં, ઈસરો ગગનયાન મિશનની પ્રથમ માનવરહિત ફ્લાઈટના પુરોગામી તરીકે બે પરીક્ષણ વાહન મિશનનો પ્રયાસ કરે તેવી પણ શક્યતા છે .

NVS-01 ઉપગ્રહ નક્ષત્રમાં અન્ય ઉપગ્રહ IRNSS-1G ની નેવિગેશનલ ક્ષમતાઓને બદલશે. તે તેની કોમ્યુનિકેશન અને મેસેજિંગ ક્ષમતાઓને જાળવી રાખશે. બોર્ડ પરની અણુ ઘડિયાળોમાં ખામી સર્જાયા બાદ કેટલાક ઉપગ્રહોની નેવિગેશનલ ક્ષમતાઓ અવરોધાઈ હતી. સેટેલાઈટ-આધારિત નેવિગેશન માટે ઑબ્જેક્ટ્સનું સ્થાન જમીન પરથી સિગ્નલોને પાછા ફરવામાં જે સમય લાગે છે તે ખૂબ જ ચોક્કસ રીતે માપવા દ્વારા નક્કી કરવામાં આવે છે. આયાતી કેટલીક અણુ ઘડિયાળોની નિષ્ફળતા પછી, ભારતે તેની પોતાની અણુ ઘડિયાળો પણ વિકસાવવાનું નક્કી કર્યું હતું. ઉપગ્રહોમાંથી એક IRNSS-1A ને 2018 માં અવકાશ એજન્સી દ્વારા બદલવામાં આવ્યો હતો - 2017 માં લોંચ કરાયેલો પહેલો રિપ્લેસમેન્ટ ઉપગ્રહ ખોવાઈ ગયો હતો કારણ કે સેટેલાઈટને સમાવતું હીટ શિલ્ડ જ્યારે માનવામાં આવતું હતું ત્યારે તે ખુલ્યું ન હતું.

# વિશ્વમાં સૌ પ્રથમ અદાણી કૌશલ્ય વિકાસ કેન્દ્ર મેટાવર્સમાં ભણાવશે




■ 7 વર્ષની સફળતાના સીમાચિહ્નરૂપે અત્યાધુનિક ટેકનોલોજી સુસજ્જ કેન્દ્ર બન્યું

ગુજરાત | વંદન

ભારતના યુવાધનને રાષ્ટ્રનિર્માણમાં યોગદાનના ઉદ્દેશથી અદાણી કૌશલ્ય વિકાસ કેન્દ્ર (ASDC) ની સ્થાપના 16 મે, 2016ના રોજ કરવામાં આવી હતી. બિન-લાભકારી સંસ્થા તરીકે રોજગારલક્ષી તાલીમ થકી ASDCએ સાત વર્ષની સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ સિમાચિહ્નને વધાવવા ફાઉન્ડેશને વિશ્વમાં સૌપ્રથમવાર મેટાવર્સમાં બે અભ્યાસક્રમો શરૂ કર્યા છે. ASDC વર્ટિકલ ભવિષ્ય માટે તૈયાર વ્યાવસાયિકોને અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી તાલીમ આપવાના મિશનને સતત આગળ ધપાવી રહ્યું છે.

મેટાવર્સ સાથે ASDC એક આકર્ષક તબક્કામાં પ્રવેશ કરી રહ્યું છે જેમાં વર્ચ્યુઅલ ક્લાસરૂમ્સ દ્વારા જ્ઞાન, કૌશલ્ય અને ટેક્નોલોજીના સમન્વયથી ઉત્તમ શિક્ષણ મળે છે. રાષ્ટ્રીય તાકીદને ધ્યાને રાખી ASDC એ નવા કોર્સીસમાં આરોગ્ય અને હોસ્પિટલ ઉદ્યોગને મદદરૂપ થતા જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ (GDA) અને ફાયર સેફ્ટી જેવા અભ્યાસક્રમોને પ્રાથમિકતા આપી છે. ભવિષ્યમાં વધુ અભ્યાસક્રમો આ જ રીતે મેટાવર્સમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. તાલીમાર્થીઓને પસંદગીના વિષયની ઊંડી સમજ ધરાવતી આ ટેકનોલોજી એક ગેમ-ચેન્જર છે. ભારતના 13 રાજ્યોમાં 40 અદાણી કૌશલ્ય વિકાસ કેન્દ્રો પરના વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમો માટે મેટાવર્સમાં નોંધણી કરાવી શકશે. ટેકનોસેવી તાલીમ આપવામાં અગ્રેસર ASDC વિશ્વભરના વિદ્યાર્થીઓ માટે આ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવશે. કોઈપણ વ્યક્તિ આ અભ્યાસક્રમો માટે ઑનલાઈન નોંધણી કરાવી કમ્પ્યુટર/લેપટોપમાં શીખી શકે છે.

# મોદી કેબિનેટે IT હાર્ડવેર માટે 17000 કરોડની પીએલઆઈ 2.0ને મંજૂરી આપી

■ 75000 નોકરીઓ ઉપલબ્ધ થવાની સંભાવના

ગુજરાત | વંદન

સરકારે બુધવારે આઈટી હાર્ડવેર સેક્ટર માટે કુલ રૂ. 17,000 કરોડની ઉત્પાદન આધારિત પ્રોત્સાહન યોજના (PLI) 2.0ને મંજૂરી આપી છે. આ પ્રોત્સાહન યોજનાથી રૂ. 3.35 લાખ કરોડનું ઉત્પાદન અને રૂ. 2,430 કરોડનું રોકાણ થવાનો અંદાજ છે. તેનાથી 75,000 લોકોને સીધી રોજગારી મળવાની સંભાવના છે.


PLI 2.0 હેઠળ, લેપટોપ, ટેબલેટ અને પર્સનલ કોમ્પ્યુટર તમામ સાધનોથી સજ્જ (ઓલ ઈન વન પીસી), સર્વર વગેરે આવશે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને ટેલિકોમ પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટે રૂ. 17,000 કરોડના અંદાજપત્રીય ખર્ચ સાથે આઈટી હાર્ડવેર માટે PLI 2.0 ને મંજૂરી આપી હતી. તેનો સમયગાળો છ વર્ષનો રહેશે.

આ અંતર્ગત કંપનીઓને 5 ટકા સુધીનું પ્રોત્સાહન આપવામાં આવશે. સ્વદેશી બનાવટના ભાગો સાથે ઉત્પાદન માટે 4 ટકાનું અલગ પ્રોત્સાહન પણ આપવામાં આવશે. અગાઉ, સરકારે ફેબ્રુઆરી 2021માં રૂ. 7,350 કરોડના ખર્ચ સાથે IT હાર્ડવેર માટેની પ્રથમ PLI યોજનાને મંજૂરી આપી હતી. તેના પર સેક્ટર સાથે જોડાયેલી કંપનીઓએ સરકારને બજેટરી ખર્ચ વધારવાની અપીલ કરી હતી. આ પછી જ સરકારે PLI 2.0 હેઠળ ખર્ચ વધારવાની જાહેરાત કરી છે.

ભારત ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યું છે. આ ક્ષેત્ર સાથે સંકળાયેલી દુનિયાભરની કંપનીઓ ભારતમાં આવી રહી છે. મોબાઈલ ફોન માટે PLI સ્કીમની સફળતા જોઈને IT હાર્ડવેર માટે PLI 2.0 મંજૂર કરવામાં આવી છે.

### PLI યોજના 2.0થી થશે આ ફાયદાઓ...

- ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નવું રોકાણ આવશે. - વિદેશી કંપનીઓ ભારત આવશે.
- આઈટી હાર્ડવેરના ઉત્પાદનમાં ભારત વિશ્વનું નેતૃત્વ કરી શકશે.
- આ યોજના નિકાસ વધારવામાં મદદ કરશે.
- ભારતની આયાત પર નિર્ભરતા ઘટશે.



- પ્રત્યક્ષ રોજગાર ઉપરાંત વધારાના બે લાખ લોકોને નોકરી મળશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## આ વાતોનું ખાસ ધ્યાન રાખવું

- ગરમીની સિઝનમાં ક્યારેય ખાલી પેટ ઘરની બહાર નિકળવુ જોઈએ નહી.
- ઉનાળામાં બની શકે તો રોજ સફેદ કપડા પહેરવા જોઈએ, ડાર્ક કલરના બિલકુલ ન પહેરવા તેનાથી વધારે ગરમી લાગશે.
- ગરમીમાં જ્યારે પણ બહાર નિકળો ત્યારે છત્રી સાથે રાખો
- ઉનાળામાં સુતરાઉ કપડાથી શરીર ઢાંકીને રાખો
- સિઝનના ફળ અને સલાડનુ વધારે સેવન કરવાનું રાખો.




# ઉનાળાની 45° તાપમાનમાં બહાર નીકળતા પહેલા લૂથી બચવા આ ઉપાય અજમાવો

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ઉનાળાનો તાપ દરેક લોકોને દઝાડી રહ્યો છે. અને તેવામાં જો બહાર નીકળીએ તો લુ લાગવાનો ડર પણ રહે છે. પરંતુ જો તેનાથી પહેલા જ અવેર થઈ જઈએ તો આપણુ સ્વાસ્થ્ય સારુ રહેશે. જેમા કેટલાક લોકો ઘરની બહાર નીકળે ત્યારે ખીસામાં ડુંગળી રાખવાની સલાહ આપે છે. પરંતુ શુ ડુંગળીને ખિસ્સામાં રાખવાથી ખરેખર લૂ ન લાગતી. અથવા લૂ થી બચવા માટે બીજા કોઈ ઉપાય પણ છે. તો હા હમણા જ એક ડોક્ટરે લૂ થી બચવા માટે આ મુજબની સલાહ આપી છે.

### લૂ થી બચવા માટે આયુર્વેદિક ઉપાય

ડોક્ટરના કહેવા પ્રમાણે ડુંગળીમાં ક્વેરસેટિન નામનું કેમિકલ હોય છે. આ કેમિકલ હિસ્ટામાઈનને બ્લોક કરી રાખેલ હોય છે. તેના કારણે લૂ થી બચવા માટે તેની ભૂમિકા જરૂરી હોય છે. આ રીતે હીય સ્ટ્રોકમાં અથવા જેને લૂ લાગી છે. તેમા ડુંગળી ખાવાથી જરુર ફાયદો મળી રહે છે. આયુર્વેદિક પુસ્તકોમાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. અને તેમા ડુંગળીને જીરાના પાવડર અને તેમા મધ ભેળવીને ખાવાથી લૂ થી બચી શકાય છે. આ માટે જીરું અને ડુંગળીને તળીને તેનો પાવડર બનાવી તેમાં મધ મિક્સ કરીને તેનું સેવન કરવાથી લૂ લાગવાથી બચી શકાય છે, પરંતુ માત્ર ડુંગળીને ખિસ્સામાં રાખવાથી લૂ થી બચી શકાતુ નથી.

### દિવસમાં 3થી 4 લીટર પાણી પીવાનું રાખો



આ ડુંગળીના પ્રયોગથી લૂ સામે રક્ષણ મેળવી શકાય છે પરંતુ તેની સાથે સાથે ગરમીમાં દરેક વ્યક્તિએ બે - ત્રણ બાબતોનું ધ્યાન રાખવુ જોઈએ. જેમા પાણીની માત્રા ઓછી થવી જોઈએ નહી. ઉનાળામાં ખાસ તો પાણી પીવાની આદત રાખવી જોઈએ. એટલે કે ઉનાળામાં રોજ ઓછામાં ઓછુ 3 થી 4 લીટર પાણી પીવુ જોઈએ.

# નવજાત બાળકોને 6 મહિના સુધી પાણી પીવડાવવું કે નહીં? તે વિષે જાણો હકીકત

જ્યારે પણ ઘરે નાનું મહેમાન આવે તો દાદી કે નાની અથવા તો વડીલો તેના સ્વાસ્થ્ય માટે સલાહ આપવા લાગે છે. ભારતમાં નાના બાળકની સંભાળ માટે આજે પણ જુના ઉપાયો કરવામાં આવે છે. આ ઉપાયોમાં એક નવજાતને 6 માસ પહેલા પાણી નહીં આપવાના ઉપાયનો પણ સમાવેશ થાય છે.

ઓછી જાણકારી અથવાતો વર્ષોથી ચાલ્યા આવતા નિયમો પર વિશ્વાસ કરીને લોકો નવજાત બાળકને છઠ્ઠા મહિનાથી પાણી આપવાની ભૂલ કરે છે. ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ લોકો આ વાતોને લઈને અસમંજસમાં રહે છે કે નવજાત બાળકને 6 મહિના પહેલા પાણી આપવુ જોઈએ કે નહીં.

શું તમે પણ આને યોગ્ય નથી માનતા? આ લેખમાં અમે તમને જણાવીશું કે બાળકના જન્મ થયાના 6 મહિના પછી નવજાતને પાણી આપવું કે નહીં.

6 મહિનાના સુધીના નવજાત બાળકને માતાના દૂધ સિવાય કઈ જ આપવું જોઈએ નહીં. જો નવજાત બાળકોને પાણી આપવામાં આવે તો જેનાથી ઈલેક્ટ્રોલાઈટનું બેલેન્સ બગડવાનું જોખમ છે. આ સ્થિતિમાં શારીરિક તાપમાન ઓછુ થઈ જાય છે.



### માતાનું દૂધ છે સૌથી જરૂરી...

WHO પણ એ કહીં ચુક્યું છે કે નવજાતને શરૂઆતના 6 મહિના માત્ર માતાનું દૂધ આપવું જોઈએ. કેમ કે તેમાં પાણીનું પ્રમાણ વધારે હોય છે. માતા દૂધથી પોષણ પણ શારૂ મળે છે. ડોક્ટર્સ પણ પાણીની સાથે ફોર્મૂલા દૂધ નહીં આપવાની સલાહ આપે છે.

### પાણી આપવાનો યોગ્ય સમય...

જો તમે શીશુને પાણી આપવા ઈચ્છતા હોવ તો તે માટે યોગ્ય સમયની રાહ જુઓ. જ્યારે બાળક ઠોસ ખોરાક લેવાનું શરૂ કરી દે ત્યારે બાળકને પાણી આપવું સારૂ રહે છે.

# આ રીતે બનાવો ટેસ્ટી સેવ ટામેટાનું શાક, મિનિટોમાં થઈ જશે તૈયાર



ટેસ્ટી શાક ખાઈને ઘરના લોકો કહેશે વાહ મજા પડી ગઈ . આ રીતે બનાવો ઢાબા જેવું ટેસ્ટી સેવ ટામેટાનું શાક, ખાઈને ઘરના લોકો કહેશે વાહ મજા પડી ગઈ દરરોજ સાંજ પડેને જમવામાં શું બનાવવું તે દરેક ઘરમાં કોમન પ્રશ્ન હોય છે. દરેક ઘરમાં દરેક સદસ્યોને અલગ-અલગ ડીશ પસંદ હોય છે, માટે કોઈ એક ડીશ પર બધા સહમત થાય તેવું ભાગ્યે જ બને છે. તમારા આ પ્રશ્ન માટે આજની રેસીપી જ જવાબ છે. દરેકને પસંદ પડે તેવું ટેસ્ટી સેવ ટામેટાનું શાક આજે સાંજે જ ટ્રાય કરો. જેને બનાવવાની રીત ખૂબ જ સરળ છે અને તે ઝડપથી તૈયાર પણ થઈ જાય છે. ટેસ્ટી સેવ ટામેટાનું શાક બનાવવાની સરળ રેસીપી જણાવીશું...

### સામગ્રી


- ટામેટા,
- જાડી સેવ
- જીરું
- બારીક સમારેલી ડુંગળી
- આદુ-લસણની પેસ્ટ
- લીલા મરચાં
- ખાંડ,
- લાલ મરચું પાવડર
- હળદર પાવડર
- ધાણા પાવડર
- ગરમ મસાલા
- પાવડર
- કોથમરીસમારેલી
- તેલ
- મીઠું સ્વાદ મુજબ
- પાણી.

**બનાવવાની રીત** | એક કડાઈમાં તેલને મધ્યમ આંચ પર ગરમ કરો અને તેમાં જીરું નાખો. ત્યારબાદ સમારેલી ડુંગળી અને આદુ લસણની પેસ્ટને સોનેરી થાય ત્યાં સુધી સાંતળી લો. હવે લીલા મરચાને મિક્સ કરીને સાંતળી લો. સમારેલા ટામેટાં મિક્સ કરીને એક મિનિટ માટે સાંતળી લો. હવે મીઠું, એક ચપટી ખાંડ, હળદર પાવડર મિક્સ કરી મધ્યમ તાપ પર ચઢવા દો. મિશ્રણમાં અડધો કપ પાણી ઉમેરી ટામેટાંને નરમ થાય ત્યાં સુધી ચઢવા દો. આ દરમિયાન શાકને હલાવતા રહો. હવે શાકમાં લાલ મરચું પાવડર, ગરમ મસાલા પાવડર, ધાણા પાવડરને સારી રીતે મિક્સ કરો. શાકની ઉપર સેવ નાખીને અને મિક્સ કરો. સેવને સારી રીતે મિક્સ કરી લો. બે મિનિટ પછી ગેસ બંધ કરી દો. તમારું સેવ ટામેટાનું શાક તૈયાર છે. સર્વ કરતી વખતે ઉપરથી લીલા ધાણાથી સજાવટ કરો. પરાઠા, રોટલી સાથે સર્વ કરો.

# જો તમે બદ્રીનાથ જાઓ છો તો નજીકના આ અદ્ભુત સ્થળોની અવશ્ય મુલાકાત લો


ઉત્તરાખંડની ચાર ધામ યાત્રા શરૂ થઈ ગઈ છે. કેદારનાથ અને બદ્રીનાથ ધામની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આવી સ્થિતિમાં ઘણા લોકો આ સુંદર નજારો જોવા અને ભગવાનના દર્શન કરવા માટે ચાર ધામમાં જવાની યોજના બનાવી રહ્યા હશે. ઉત્તરાખંડના ચાર ધામમાં બદ્રીનાથ મંદિર, કેદારનાથ મંદિર, ગંગોત્રી અને યમુનોત્રી મંદિરના નામ સામેલ છે. આમાં કેદારનાથ અને બદ્રીનાથની તસવીરો સૌથી વધુ જોવા મળે છે. અહીંના સુંદર નજારાઓ, મંદિરની પાછળ બરફથી ઢંકાયેલી ટેકરીઓ અને ઘોડાઓ અને પાલખીઓ પર બેસીને દર્શન માટે જતા મુસાફરોને જોઈને જ મન પ્રફુલ્લિત થઈ જાય છે. જોકે લોકો તેમની આસપાસના પ્રવાસન સ્થળો વિશે વધુ જાણતા નથી. યાત્રીઓ બદ્રીનાથ ધામ જાય છે અને મંદિરના દર્શન કરીને પાછા ફરે છે. પરંતુ આ વખતે જો તમે બદ્રીનાથ જાવ તો નજીકના કેટલાક અન્ય સ્થળોની પણ અવશ્ય મુલાકાત લેજો. બદ્રીનાથ મંદિરની પાસે ઘણી અદ્ભુત જગ્યાઓ છે, જ્યાં તમારી સફર ખૂબ જ યાદગાર અને મનોરંજક બની જશે.

### નીલકંઠ શિખર



નીલકંઠનું નામ ઉત્તરાખંડના સૌથી પ્રખ્યાત શિખરોમાં સામેલ છે. અહીં ઘણા અદ્ભુત નજારો જોવા મળે છે. નીલકંઠ શિખર અદ્ભુત ટ્રેક માટે ખૂબ પ્રખ્યાત છે. બદ્રીનાથ આવતા પ્રવાસીઓ નીલકંઠ શિખરની મુલાકાત લઈ શકે છે. આ સ્થળ તમારા પ્રવાસને રોમાંચક બનાવશે. ચરણ પાદુકા બદ્રીનાથ નગરથી ચરણ પાદુકા પર્વત માત્ર ત્રણ કિલોમીટર દૂર છે. અહીં ભગવાન વિષ્ણુના પગના નિશાન જોઈ શકાય છે. આ પથ્થર એક ધાર્મિક સ્થળ છે. આ જગ્યા સાથે ઘણી માન્યતાઓ જોડાયેલી છે. સાથે જ અહીંથી ઘણા સુંદર નજારા પણ જોઈ શકાય છે.

### વસુધરા ધોધ



વસુધરા ધોધ બદ્રીનાથથી 1 કિલોમીટર દૂર માના ગામમાં આવેલો છે. આ ધોધની ઊંચાઈ 12000 ફૂટ છે. કહેવાય છે કે અહીં પાંડવોએ આરામ કર્યો હતો. વસુધરા ધોધ સુધી પહોંચવા માટે 6 કિલોમીટર સુધી ટ્રેકિંગ કરવું પડે છે. રસ્તામાં માના ગામમાં સરસ્વતી નદી વહેતી જોવા મળશે. બદ્રીનાથ માના ગામથી 3 કિમી ટેક્સી દ્વારા જઈ શકાય છે અને ત્યાંથી બે કલાકના ટ્રેકિંગ દ્વારા પહોંચી શકાય છે.

### વ્યાસ ગુફા




બદ્રીનાથ મંદિરથી થોડે દૂર વ્યાસની ગુફા આવેલી છે. વ્યાસ ગુફા ખૂબ જ ખાસ અને લોકપ્રિય પ્રવાસન સ્થળ છે. દંતકથા અનુસાર અહીં ઋષિ વ્યાસે ભગવાન ગણેશની મદદથી મહાભારતની રચના કરી હતી. અહીં પહોંચવા માટે ટ્રેકિંગ કરવું જરૂરી છે.

# એસી કે કુલરની નહીં પડે જરૂર, આ રીતે સાવ ઓછા ખર્ચે ગરમીમાં એકદમ ઠંડું રહેશે ઘર

આદિકાળમાં ઘરને ઠંડા રાખવા માટે લીપણ પદ્ધતિનો ઉપયોગ થતો હતો. જેથી કુદરતી વાતવરણની સાથે ઘરમાં ઠંડકનો અહેસાસ થતો હતો. પરંતુ ટેક્નોલોજીનો વિકાસ થતા આજે દરેકના ઘરમાં એસી જોવા મળે છે. એક સ્વીચ દબાવો અને ગરમીથી તાત્કાલિક રાહત મેળવો. પરંતુ હવે તો એવા રંગ પણ બનાવવામાં આવે છે જેને ઘર પર રંગવાથી ઘર બની જશે ઠંડાગાર.

જ્યાં સૂર્યનારાયણ પ્રકોપ વર્તાવે છે તેવા દેશોમાં ખાસ કરીને ઘર પર સફેદ રંગ જોવા મળે છે. જેથી તડકાથી રક્ષણ મળે છે. આ જ પદ્ધતિને આગળ વધારી નવી વસ્તુ બનાવવામાં આવે છે જે ઘરને વધુ ઠંડુ રાખે છે. આને કોઈ પણ દિવાલ પર રંગી શકાય છે અને 6 ડિગ્રી સુધી તાપમાન ઘટાડી શકાય છે.

**ખર્ચ ઓછો થશે અને ઠંડક વધશે** | તડકામાં IR અને UV નામના કિરણો ગરમી માટે જવાબદાર હોય છે. સફેદ રંગ 80 ટકા પ્રકાશને પરાવર્તિત કરે છે. પરંતુ IR અને UV કિરણોને પરાવર્તિત નથી કરી શકતો. પરંતુ હવે આ કિરણોને પણ પરાવર્તિત કરવા માટે ખાસ શોધ કરવામાં આવી છે. જેને પોલિમર તરીકે ઓળખવામાં આવે છે.

**ખાસ રસાયણથી ઘટ્યું તાપમાન** | ઠંડક વધારવા માટે ઘણી અલગ અલગ શોધ થઈ છે. સિલિકોન ડાયોક્સાઈડ અને હાફનિયમ ડાયોક્સાઈડની પ્રતિબિંબીત સપાટી તૈયાર કરી તાપમાનમાં 5 ડીગ્રીનો ઘટાડો કરવામાં સફળતા મળી છે. એવી જ રીતે એરકન્ડીશનિંગમાં પાણીને પોલિમર અને ચાંદીના મિશ્રણની વસ્તુ બનાવી ખર્ચને 21 ટકા ઘટાડ્યો હતો સાથે કાચની માળાઓથી બનેલી ફિલ્મથી સપાટીનું તાપમાન 10 ડિગ્રી ઘટાડવામાં સફળતા મળી હતી.



**ઓસ્ટ્રેલિયામાં તૈયાર થયું ખાસ પોલિમર** | ઓસ્ટ્રેલિયમાં એક ખાસ પોલિમર તૈયાર કરવામાં આવ્યું છે જે છતને 3થી 6 ડિગ્રી સુધી વધુ ઠંડી રાખી શકે છે. કોલંબો વિશ્વ વિદ્યાલયના ભોતિકશાસ્ત્રીઓએ પ્લાસ્ટીક અને હવાને જોડી અત્યંત પ્રતિબિંબીત સામગ્રી બનાવવાનો પ્રયોગ કર્યો. જેમાં એક પોલિમર પર કામ કરતા ખબર પડી કે અમુક સ્થિતિમાં આ સામગ્રી સુકાયા બાદ સફેદ થઈ જાય છે. જેને માઈક્રોસ્કોપની મદદથી જોયું તો સામે આવ્યું કે ડ્રાય ફિલ્મમાં એકબીજા સાથે જોડાયેલા હવાના વેક્યુલો રચાયા છે. જે વધુમાં વધુ પ્રકાશને પરાવર્તિત કરે છે. જેને પોલિમરની મદદથી વધુ મજબૂત બનાવવામાં આવી.

**99 ટકા પ્રકાશને પરાવર્તિત કરે છે** | શંશોધનમાં આખરે PVDF-HFP નામનું એક પોલિમર તૈયાર કરવામાં આવ્યું. જેને એસિટોનમાં મિશ્રણ કરી ખાસ રંગ તૈયાર કરવામાં આવ્યો. જેને છત પર રંગવામાં આવ્યું તો એસિટોન બાષ્પિ ભવન થયું. તો પોલિમરમાં પાણીના ટીપાંની જાળ બની જાય છે. છેવટે વધુ તાપ પડતા પાણી પણ બાષ્પિભવન થઈ ગયું. અને વાયુ-છીદ્રોથી ભરેલી એક સપાટી તૈયાર થઈ જાય છે. જે 99.6 ટકા પ્રકાશને પરાવર્તિત કરે છે.

**બપોરના સમયે પણ મળશે ACનો અહેસાસ** | શંશોધનના અંતે તૈયાર થયેલ રિપોર્ટ મુજબ પોલિમરથી રંગવામાં આવેલ છતા બપોરના સમયે પણ 6 ડિગ્રી સુધી ઠંડી રહી શકે છે. ઉનાળામાં ઘરને ઠંડુ રાખવા માટેના ખર્ચને 15 ટકા સુધી પોલિમર ઘટાડે છે. પરંતુ આ પેઈન્ટ આજના સમયે ઉપયોગમાં લેવાતા એક્રેલિક પેઈન્ટ કરતા પાંચ ગણો મોંઘો છે. ત્યારે આ કેમિકલ અંગે સૌથી મોટો સવાલ એ છે કે આ વ્યાવસાયિક રીતે ઉપયોગી થશે કે પછી પરંપરાગત પદ્ધતિઓ કામ કરશે.



# હૃદયને સાજુ-નરવુ રાખવા ચિંતા અને ક્રોધ છોડી કસરત અપનાવો

હાલમાં છેલ્લા ઘણા દિવસોથી યુવાનોમાં અચાનક જ હાર્ટ એટેક આવતા મરણ થતા હોવાના કિસ્સા વધ્યા છે ત્યારે શ્રી વી.એમ. મહેતા ઈન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદ - સ્વ. આર.એસ. શાહ આયુર્વેદ હોસ્પિટલ (ગાર્ડી વિદ્યાપીઠ કેમ્પસ)માં આર.એમ.ઓ. તરીકે કાર્યરત વૈધ ડી.પી. મહેતાએ લોક હિતાર્થે હૃદયને સ્વસ્થ રાખવા માટે નીચે મુજબની ઉપયોગી ટીપ્સ આપેલ છે.


હૃદય આપણા શરીરનું મહત્વપૂર્ણ અવયવ છે. હૃદયમાં ઓજ હૃદયમાં હેન એક વિશેષ દ્રવ્ય)નું સ્થાન છે. ખાસ કરીને વૃધ્ધાવસ્થામાં અને વધારે વજન ચરબીવાળાએ પચવામાં ભારે (પ્રોટીન) કે ચરબીવાળો ખોરાક ન લેવો, શરીરને અનુકૂળ હોય તેવો ખોરાક દરેક વ્યકિતએ યોગ્ય માત્રામાં (સમતોલ આહાર) લેવો જોઈએ, ઈંડા વગેરે તથા મીઠુંનો ત્યાગ કરવો જોઈએ, હૃદયરોગ થવામાં ધ્રુમપાન એક મહત્વનું કારણ છે તેથી ધ્રુમપાન, ચા, કોફી, દારૂ વગેરે સેવન ન કરવ જોઈએ, ખાંડનું વધુ પડતુ સેવન ન કરવુ જોઈએ, કબજીયાત ન રહે તેનુ ખાસ ધ્યાન રાખવ તથા વાયુ-ગેસ કરે તેવો ખોરાક ન ખાવો જોઈએ, એવુ કહેવાય છે કે, બપોરના ખાણા પછી લેવાતી ટુકી નિદ્રા (વામકુક્ષી) હૃદયરોગને દૂર રાખે છે એટલે કે હૃદયરોગની શકયતા ને ઘટાડે છે ?,

શરીરનું વજન વધારે હોય તો ઓછું કરવું, વધુ પડતી ચિંતા, ક્રોધ, શોક, ભય, ઈર્ષા અને ધ્વેરથી દૂર રહેવું, નિયમિત વ્યાવામ (ચાલવાની કસરત) કરવી જોઈએ. જે લોકો નિયમિત કસરત કરે છે તેનામા હૃદયરોગનું પ્રમાણ બહુ જ અલ્પ જોવા મળે છે, ખાસ કરીને વેપાર-ધંધામાં વધુ સાહસ ન કરવું, ગમેતે સંજોગોમાં કે પરિસ્થિતિમાં પ્રફુલ્લીત-પ્રસન્નચિત રહેવુ, કયારેય હિંમત ન હારવી, હિંમત હારવાથી હૃદયરોગ થાય છે.

આયુર્વેદના માધવ નિદાન નામના ગ્રંથમાં જણાવ્યા અનુસાર તથા આયુર્વેદના મહર્ષિ ચરકના મત પ્રમાણે હૃદયરોગના કારણરૂપ ચિંતા, ભય, ત્રાસ વગેરે છે. માટે આ બાબત ખાસ ધ્યાનમાં રાખવી. કુદરતી હાજતો મળ- મુત્ર કારેય ન રોકવા. અધિરાઈ, ઉતાવળો સ્વભાવ, વીના કારણે ગુસ્સો કરવો નહીં. આ બધાથી દૂર રહેવુ, આયુર્વેદ શાસ્ત્રના મતાનુસાર હિંગ, મધ, કારેલા, પરવળ, લીંબુ, આદ,. નારીયેલ કે ત્રોફાનું પાણી અને અર્જુન નામના ઔષધનું સેવન હૃદયને સ્વસ્થ રાખે છે.

## સચિન-રોહિત પણ નથી તોડી શક્યા મહા રેકોર્ડ

# વિરાટ કોહલીએ શતકથી બનાવ્યો IPL ઈતિહાસનો સૌથી મોટો રેકોર્ડ



ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયા અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ગુરુવારે IPL 2023 ની સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામેની મેચમાં બેટથી તબાહી મચાવી હતી અને વિસ્ફોટક રીતે સદી ફટકારી હતી. વિરાટ કોહલીની આઈપીએલ કારકિર્દીની આ છઠ્ઠી સદી હતી અને તેણે 63 બોલમાં 100 રનની ઈનિંગ રમીને તહેલકો મચાવ્યો હતો. કોહલીએ12 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા હતા.

વિરાટ કોહલીનો આ શતક IPLના ઈતિહાસનો સૌથી મોટો રેકોર્ડ બની ગયો છે. IPLના ઈતિહાસમાં સચિન તેંડુલકર અને રોહિત શર્મા જેવા દિગ્ગજ બેટ્સમેન પણ પોતાની કારકિર્દીમાં આટલો મોટો રેકોર્ડ ક્યારેય બનાવી શક્યા નથી. IPLના ઈતિહાસમાં આ સુપર રેકોર્ડ બનાવનાર વિરાટ કોહલી પ્રથમ ભારતીય અને વિશ્વનો એકમાત્ર બીજો બેટ્સમેન બન્યો છે. જણાવી દઈએ કે વિરાટ કોહલીએ 4 વર્ષ બાદ IPLમાં સદી ફટકારી છે.

વિરાટ કોહલી IPLના ઈતિહાસમાં સૌથી વધુ 6 સદી ફટકારનાર ભારતનો પ્રથમ અને વિશ્વનો બીજો બેટ્સમેન બની ગયો છે. વિરાટ કોહલી ઉપરાંત વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન ક્રિસ ગેલના નામે પણ આઈપીએલમાં સૌથી વધુ 6 સદી ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ છે. સચિન તેંડુલકર અને રોહિત શર્મા જેવા મહાન બેટ્સમેન પણ IPLના ઈતિહાસમાં આટલો મોટો રેકોર્ડ ક્યારેય બનાવી શક્યા નથી.

**IPL ઈતિહાસમાં સૌથી વધુ સદી**

| | |
|---|---|
| 1. વિરાટ કોહલી (ભારત) | 6 |
| 2. ક્રિસ ગેલ (વેસ્ટ ઈન્ડિઝ) | 6 |
| 3. જોસ બટલર (ઈંગ્લેન્ડ) | 5 |
| 4. કેએલ રાહુલ (ભારત) | 4 |
| 5. ડેવિડ વોર્નર (ઓસ્ટ્રેલિયા) | 4 |
| 6. શેન વોટસન (ઓસ્ટ્રેલિયા) | 4 |

## 2004 પછી પહેલીવાર નડાલ વિના ફ્રેન્ચ ઓપન રમાશે

# ઈજાગ્રસ્ત નડાલ ફ્રેન્ચ ઓપનમાં નહીં રમે, આવતા વર્ષે લઈ શકે નિવૃત્તિ...



ગુજરાત | વંદન

સ્પેનિશ ટેનિસ સ્ટાર અને ક્લે કોર્ટના કિંગ તરીકેની ઓળખ ધરાવતો નડાલ ચાલુ વર્ષે 28મી મે થી શરુ થઈ રહેલી સિઝનની બીજી ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનશિપ- ફ્રેન્ચ ઓપન ગુમાવશે. નડાલને કમરની ઈજા સતાવી રહી છે અને આ કારણે તેણે તેની સૌથી ફેવરિટ એવી ક્લે કોર્ટ પરની ગ્રાન્ડ સ્લેમ - ફ્રેન્ચ ઓપનમાં ન રમવાનું નક્કી કર્યું હતુ. 36 વર્ષના નડાલે ભારે હૈયે આ નિર્ણયની જાહેરાત કરતાં એમ પણ કહ્યું હતુ કે, 2024નું વર્ષ મારી કારકિર્દીનું આખરી વર્ષ બની શકે છે.ટેનિસમાં છેલ્લા બે દશકથી છવાયેલા રહેલો નડાલ સૌથી વધુ 22 ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતવાનો વર્લ્ડ રેકોર્ડ સંયુક્તપણે યોકોવિચ સાથે ધરાવે છે. રસપ્રદ બાબત એ છે કે નડાલના 22 ગ્રાન્ડ સ્લેમમાં 14 ફ્રેન્ચ ઓપન ટાઈટલ છે. તે ગત વર્ષે પણ ફ્રેન્ચ ઓપનમાં ચેમ્પિયન બન્યો હતો. જો આ વખતે તે ટાઈટલ જાળવવા ઉતરવાનો નથી.

નડાલે કહ્યું કે, હું ફિટનેસ પર ધ્યાન આપવા માગું છુ અને આવતા વર્ષે જોશ સાથે પુનરાગમન કરતાં તમામ ગ્રાન્ડ સ્લેમ અને પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લેવાની ઈચ્છા ધરાવું છું. જોકે હું ક્યારે ટેનિસ કોર્ટ પર પરત ફરીશ તે હજુ નક્કી નથી.

## ઇટાલિયન ઓપન

# નંબર-1 ખેલાડી સ્વિયાતેક ઈજાને કારણે ઈટાલિયન ઓપનમાંથી બહાર થઈ



ગુજરાત | વંદન

વિશ્વની નંબર વન અને બે વખતની ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈગા સ્વિયાતેકને જાંઘની ઈજાને કારણે ઈટાલિયન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં બહાર નીકળી જવાની ફરજ પડી હતી. વિમ્બલ્ડન ચેમ્પિયન એલેના રાયબાકિના સામે ત્રીજા સેટમાં જ્યારે સ્કોર 2-2થી બરાબર હતો ત્યારે સ્વિટેકે નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો.

સ્વિયાતેકે પ્રથમ સેટ 6-2થી જીત્યો હતો જ્યારે રાયબાકિનાએ બીજો સેટ 7-6(3)થી જીતીને મેચને નિર્ણાયક ત્રીજા સેટમાં લઈ ગઈ હતી. આ ઈજાએ 28 મેથી શરૂ થઈ રહેલી ફ્રેન્ચ ઓપનમાં સ્વિટેકની ભાગીદારી પર પણ શંકા ઊભી કરી છે જ્યાં પોલિશ ખેલાડી ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. આ ત્રીજી વખત છે જ્યારે રાયબકીનાએ સ્વાઈટેકને હરાવ્યું છે.

## પશ્ચિમ બંગાળ પોલીસ આપશે સુરક્ષા

# મમતા સરકારનો નિર્ણય: ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને Z શ્રેણીની સુરક્ષા

ગુજરાત | વંદન

પૂર્વ ક્રિકેટર અને બીસીસીઆઈના



પૂર્વ અધ્યક્ષ સૌરવ ગાંગુલીની સુરક્ષા વધારી દેવામાં આવી છે. હવે પશ્ચિમ બંગાળ પોલીસ તેમને Z શ્રેણીની સુરક્ષા આપશે. પ્રાપ્ત માહિતી અનુસાર, સૌરવ ગાંગુલી તરફથી સુરક્ષા વધારવાની કોઈ માંગ કરવામાં આવી નથી.

પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારે આ મામલાને પોતાની રીતે લીધો છે અને તેને અપગ્રેડ કરવાનો નિર્ણય લીધો છે. સૌરવ ગાંગુલી અત્યારે IPLમાં વ્યસ્ત છે. તે દિલ્હી કેપિટલ્સ ટીમ સાથે સંકળાયેલો છે. તે ક્રિકેટ ડિરેક્ટરની ભૂમિકામાં છે.

સૌરવ ગાંગુલીના રાજકારણમાં આવવાની ચર્ચા અગાઉ પણ થતી રહી છે. એવું કહેવાય છે કે કેન્દ્રમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટીએ તેમને જોડાવાની ઓફર પણ કરી હતી. જો કે, તેમણે રાજકીય મેદાનમાં આવવાનો ઈનકાર કર્યો હતો. તાજેતરમાં જ તેણે બીસીસીઆઈનું અધ્યક્ષપદ છોડવું પડ્યું હતું. ત્યારથી તેમના ફરી રાજકારણમાં આવવાની વાતો ચાલી રહી છે. હવે મમતા બેનર્જીની સરકાર દ્વારા સુરક્ષામાં વધારાથી આ અટકળો વધુ તેજ થઈ ગઈ છે.

# ચેન્નાઈ સુપર કિંગ્સ દિલ્હી કેપિટલ્સને 77 રને હરાવીને પ્લે-ઓફમાં પહોંચનારી બીજી ટીમ બની

■ ઋતુરાજ ગાયકવાડ અને ડેવીડ કોનવે વચ્ચે શાનદાર 141 રનની પાર્ટનરશિપ નોંધાઈ

ગુજરાત | વંદન

ચેન્નાઈ સુપર કિંગ્સ IPL 2023ની સેમિફાઈનલમાં પહોંચનારી બીજી ટીમ બની છે. ચેન્નાઈએ દિલ્હી કેપિટલ્સને 77 રનથી હરાવ્યું છે. આ સાથે ચેન્નાઈ સેમીફાઈનલમાં પહોંચનારી ગુજરાત બાદ બીજી ટીમ બની ગઈ છે. પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈએ 20 ઓવરમાં 222 રન બનાવ્યા હતા. દિલ્હીને જીતવા માટે 223 રનની જરૂર હતી.

દિલ્હીની શરૂઆત ઘણી ખરાબ રહી હતી. દિલ્હીનો ઓપનર પૃથ્વી શો માત્ર 5



રન બનાવીને આઉટ થયો હતો. આ પછી ફિલિપ સૅંટ અને રોસો પણ આઉટ થઈ ગયા. ચેન્નાઈની સામે માત્ર દિલ્હીના કેપ્ટન ડેવિડ વોર્નરે શાનદાર બેટિંગ કરતા 86 રન બનાવ્યા હતા. જોકે વિશાળ સ્કોર સામે તેની બેટિંગ નિરર્થક સાબિત થઈ હતી.

રૂતુરાજ ગાયકવાડ અને ડેવોન કોનવેની ઓપનિંગ જોડીએ ચેન્નાઈને શાનદાર શરૂઆત અપાવી હતી. બન્ને વચ્ચે 87 બોલમાં 141 રનની ભાગીદારી થઈ હતી. આ જોડીએ સિઝનમાં ચોથી સદીની ભાગીદારી કરી છે.

**પાવરપ્લેમાં ચેન્નાઈના ઓપનર્સની શાનદાર શરૂઆત**

ચેન્નાઈએ શાનદાર શરૂઆત કરી હતી. ડેવોન કોનવે અને રૂતુરાજ ગાયકવાડની ઓપનિંગ જોડીએ 6 ઓવરમાં 52 રનબનાવ્યાહતા

## હું શરિયતનો શિકાર...

# ક્રિકેટર શમીની પીડિત પત્નીએ કરી માગ, છૂટાછેડા માટે હોવો જોઈએ એક સમાન કાયદો



ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમનો મુખ્ય બોલર મોહમ્મદ શમી હાલમાં IPLમાં પોતાની બોલિંગથી કમાલ કરી રહ્યો છે. બીજી તરફ તેની પત્ની હસીન જહાંએ દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. શમી અને તેની પત્ની વચ્ચે બધુ બરાબર નથી. બંને વચ્ચે વાત છૂટાછેડા સુધી પહોંચી ગઈ છે. દરમિયાન, શમીની પત્નીએ સુપ્રીમ કોર્ટ પાસે માંગ કરી છે કે ભારતમાં છૂટાછેડા માટે એક સમાન કાયદો હોવો જોઈએ. દાખલ કરાયેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે તલાક-ઉલ-હસન અને મુસ્લિમોના અધિકારક્ષેત્રની બહાર છૂટાછેડાની પરંપરાને રદ કરવી જોઈએ.

શમીની પત્ની વતી એડવોકેટ દીપક પ્રકાશે અરજી દાખલ કરી હતી. અરજદારે કોર્ટને જણાવ્યું કે, હસીન જહાં તલાક-ઉલ-હસનની એકપક્ષીય પ્રક્રિયાથી પીડિત છે, જે અધિકારક્ષેત્રની બહાર મેળવવામાં આવે છે. જહાંને તેના પતિ મોહમ્મદ શમી વતી તલાક-ઉલ-હસન હેઠળ જ 23 જુલાઈ, 2022ના રોજ છૂટાછેડાની પહેલી નોટિસ આપવામાં આવી હતી. આ નોટિસ શમીના વકીલે આપી છે. હસીન જહાંના વકીલે કહ્યું કે શમી તરફથી નોટિસ મળ્યા બાદ હસીન જહાંએ તેના નજીકના મિત્રોનો પણ સંપર્ક કર્યો હતો જેઓ પોતે પણ આવા જ કેસમાં સામેલ છે. સીન જહાંના વકીલે કોર્ટને કહ્યું કે શમીની પત્ની શરિયત કાયદામાં સામેલ કઠોર વ્યવહારથી પીડાઈ રહી છે.

તલાક-એ-બિદ્દત સિવાય, આ કાયદામાં અન્ય પ્રકારના તલાક છે જે પુરૂષોને તેમની પત્નીઓને તેમની મનમરજી પ્રમાણે છોડી દેવાની તક આપે છે. આમાં, છૂટાછેડા આપતા પતિઓ તેમની પત્નીઓને સમાધાનના અધિકાર વિના, તેમને સાંભળ્યા વિના તેમનો નિર્ણય લાદી દે છે. અરજદારે એવી પણ રજૂઆત કરી હતી કે મુસ્લિમ પર્સનલ લો બોર્ડ શરિયત એપ્લિકેશન એક્ટ, 1937ની કલમ 2 ગેરબંધારણીય છે. તે દેશના બંધારણની કલમ 14, 15, 21 અને 25નું પણ ઉલ્લંઘન કરે છે.

# IPL-2023માં કુલ 6 સદી ફટકારવામાં આવી, જેમા 5 ભારતીયોનો પણ સમાવેશ

ગુજરાત | વંદન

આઈપીએલ 2023માં લીગ રાઉન્ડની મેચો સમાપ્ત થવાની અણી પર છે. જોકે હજુ સુધી ગુજરાત ટાઈટન્સને છોડીને કોઈ ટીમ પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ શકી નથી. આઈપીએલની આ સિઝનમાં આ વખતે 200 રનનો સ્કોર ઘણી વખત થયો છે. જોકે વ્યક્તિગત સ્કોરની વાત કરવામાં આવે તો આ વખતે અત્યાર સુધીમાં ફક્ત છ જ પ્લેયરો સદી ફટકારવા સફળ રહ્યા છે. આઈપીએલ 2023માં કયા-કયા પ્લેયર્સે સદી ફટકારી છે.

રાજસ્થાન રોયલ્સના યશસ્વી જયસ્વાલે મુંબઈ ઈન્ડિયન્સ સામે વાનખેડે સ્ટેડિયમમાં સદી ફટકારી હતી. તેણે આ ઈનિંગ્સમાં 62 બોલમાં 16 ફોર, 8 સિક્સરની મદદથી 124 રન બનાવ્યા હતા. આ સિઝનમાં આ હાઈએસ્ટ સ્કોર છે. તેણે 51 બોલમાં 6 ફોર, 9 સિક્સરની મદદથી 104 રન બનાવ્યા હતા. આક્રમક બેટિંગ માટે જાણીતો મુંબઈ ઈન્ડિયન્સનો સૂર્યકુમાર યાદવ પણ આ યાદીમાં સામેલ છે. સૂર્યકુમારે ગુજરાત ટાઈટન્સ સામે 49 બોલમાં 11 ફોર, 6 સિક્સરની મદદથી અણનમ 103 રન બનાવ્યા હતા.

# ભારત-પાક. 21 જૂનથી ફૂટબોલમાં ટકરાશે: બેંગ્લોરમાં થશે ટક્કર

ગુજરાત | વંદન

ભારત-પાકિસ્તાનના રમતપ્રેમીઓ માટે એક મોટા ગૂડન્યુઝ છે. બન્ને દેશો વચ્ચેની ફૂટબોલ ટીમ પાંચ વર્ષ બાદ ટકરાતી જોવા મળશે. બન્ને દેશોને બેંગ્લોરમાં 21 જૂનથી ચાર જૂલાઈ વચ્ચે રમાનારા સૈફ કપ માટે એક જ ગ્રુપમાં રાખવામાં આવ્યા છે. સાઉથ એશિયાઈ ફૂટબોલ ફેડરેશન કપની 14મી ટૂર્નામેન્ટનો ડ્રો થયો હતો જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત, પાકિસ્તાન, કુવૈત અને નેપાળને ગ્રુપ 'એ'માં જગ્યા મળી તો લેબેનોન, માલદીવ, બાંગ્લાદેશ અને ભૂટાનને ગ્રુપ 'બી'માં રાખવામાં આવ્યા છે.

ગ્રુપ મુકાબલા રાઉન્ડ રૉબિન ફોર્મેટના આધારે રમાશે અને પ્રત્યુક ગ્રુપમાં ટૉચ પર રહેનારી બે ટીમ સેમિફાઈનલમાં પહોંચશે. આઠ દેશોની આ ટૂર્નામેન્ટ કાંતીર્વા સ્ટેડિયમમાં રમાશે. ટૂર્નામેન્ટને વધુ રોમાંચક બનાવવા માટે સાઉથ એશિયાથી બહારના બે દેશો લેબેનોન અને કુવૈતની ટીમને સામેલ કરવામાં આવી છે. લેબેનોન 99મા સ્થાન સાથે ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યું છે. પાકિસ્તાનની રેન્કીંગ 195મી તો ભારત 101મા સ્થાને ટૂર્નામેન્ટની બીજી શ્રેષ્ઠ



રેન્કીંગ ધરાવતી ટીમ છે.

ભારત-પાકિસ્તાન વચ્ચે ગ્રુપ 'એ'નો મુકાબલો ટૂર્નામેન્ટના પ્રથમ દિવસે 21 જૂને કુવૈત-નેપાળ વચ્ચેની મેચ બાદ રમાશે.

ભારત-પાકિસ્તાનની ટીમ પાછલી વાર ઢાકામાં સૈફ કપની 12મી સીઝન દરમિયાન સપ્ટેમ્બર-2018માં ટકરાઈ હતી જેમાં ભારત 3-1થી જીત્યું હતું પરંતુ ફાઈનલમાં તેણે માલદિવ વિરુદ્ધ 1-2થી હારનો સામનો કરવો પડ્યો હતો.

ભારત-પાકિસ્તાને સત્તાવાર રીતે કુલ 20થી વધુ આંતરરાષ્ટ્રીય મુકાબલા રમ્યા છે જેમાં ભારતે એક ડઝનથી વધુ મેચ જીતી છે. ભારતે આઠ વખત સૈફ કપ જીત્યો છે જ્યારે ચાર વખત રનર્સ અપ રહ્યું છે. ભારત માત્ર 2003માં ઢાકામાં પાંચમી સીઝન દરમિયાન ફાઈનલમાં પહોંચી શક્યું ન્હોતું.

# ધોનીનો ઓટોગ્રાફ બતાવતા સુનીલ ગાવસ્કર રડી પડ્યો



■ હરભજન સિંહ પણ ગાવસ્કરની વાતો સાંભળીને ઈમોશનલ થયો

ગુજરાત | વંદન

વિશ્વના મહાન બેટ્સમેનોમાંના એક સુનીલ ગા વસ્કરે પોતાના શર્ટ પર ધોનીનો ઓટોગ્રાફ લીધો જેણે બધાનું દિલ જીતી લીધું છે. ગાવસ્કરે જે કર્યું તેની વિશ્વ ક્રિક્ટ વાત કરી રહ્યું છે. સાથે જ હવે ગાવસ્કરે પણ આ અંગે પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે. એક ચેનલ સાથે વાત કરતી વખતે ગાવસ્કરની આંખોમાંથી આંસુ આવી ગયા હતા. ગાવસ્કર ધોનીના ઓટોગ્રાફ વિશે વાત કરી રહ્યા હતા અને કહ્યું કે ધોનીના આ ઓટોગ્રાફનું તેમના માટે કેટલુ મહત્વ છે. ગાવસ્કરે એમ પણ કહ્યું હતું કે, તેઓ મરતા પહેલા 1983ના વર્લ્ડ કપની ટ્રોફીની મૂવમેન્ટ અને 2011ના વર્લ્ડ કપની ફાઈનલમાં ધોનીએ ફટકારેલ સિક્સ જોવા માંગે છે.ગાવસ્કરે કહ્યું કે, આ મારા માટે એક ઈમોશનલ ક્ષણ છે. ધોનીએ શું નથી કર્યું. અને હું જાણું છું કે હવે આ મારા જીવનનો અંતિમ દોર ચાલી રહ્યો છે આ મારા જીવનના છેલ્લી ક્ષણો ચાલી રહી છે. તેથી મારે 2 મિનિટ માટે 2 ક્ષણો ફરી જીવવી છે. એક તો એ કે જ્યારે 1983માં તે કપ કપિલ દેવ ઉઠાવે છે અને બીજી કે જ્યારે ધોની સિક્સ ફટકારે છે અને ત્યાર બાદ જે રીતે બેટને ઘુમાવે છે. આ મૂમેન્ટને હું મરતા પહેલા જોવા માંગુ છું.ગાવસ્કર જ્યારે આ વાતો કરી રહ્યા હતા ત્યારે તેઓ રડી રહ્યા હતા. બીજી તરફ તેમની પાસે બેઠેલા હરભજન સિંહ પણ ગાવસ્કરની વાતો સાંભળીને ઈમોશનલ નજર આવે છે.

# IPL: પંજાબ કિંગ્સ સતત નવમી સિઝનમાં લીગ રાઉન્ડમાંથી OUT

■ ધ્રુવ જુરેલે છગ્ગો ફટકારી રાજસ્થાનને જીતાડ્યું

ગુજરાત | વંદન

રાજસ્થાન રોયલ્સે પંજાબ કિંગ્સને IPLમાંથી બહાર દીધી છે. રાજસ્થાને આ મેચ ચાર વિકેટે જીતી લીધી હતી. તેણે તેની પ્લેઓફની આશા જીવંત રાખી. બીજી તરફ પંજાબની ટીમ સતત નવમી સિઝનમાં લીગ રાઉન્ડમાં જ બહાર થઈ ગઈ હતી. તેઓ છેલ્લે 2014માં પ્લેઓફમાં પહોંચ્યા હતા. ત્યારબાદ તે રનર અપ રહી હતી. IPLની 16 સીઝનમાં પંજાબ માત્ર બે વખત લીગ રાઉન્ડથી આગળ વધવામાં સફળ રહ્યું હતું. 2009માં તે સેમી ફાઈનલમાં પહોંચી હતી

રાજસ્થાન રોયલ્સે રોમાંચક મેચમાં પંજાબ કિંગ્સને 4 વિકેટે હરાવ્યું. પંજાબે પ્રથમ બેટિંગ કરતા 187 રન બનાવ્યા હતા. જવાબમાં રાજસ્થાને 19.4 ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. રાજસ્થાન તરફથી યશસ્વી જયસ્વાલ અને દેવદત્ત પડિકલે અડધી સદી ફટકારી



હતી. શિમરોન હેટમાયરે પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. અંતમાં ધ્રુવ જુરેલે સિક્સર ફટકારીને ટીમને જીત અપાવી હતી. પંજાબ તરફથી સેમ કરને અણનમ 49 રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી નવદીપ સૈનીએ 3 વિકેટ ઝડપી હતી.

આ જીત સાથે રાજસ્થાન પોઈન્ટ ટેબલમાં પાંચમા નંબર પર પહોંચી ગયું છે. ટીમે 14 મેચ રમીને 7માં જીત મેળવી છે. તે હજુ પણ પ્લેઓફની રેસમાં છે. આ હાર સાથે પંજાબ રેસમાંથી બહાર થઈ ગયું છે. પંજાબે 14માંથી 6 મેચ જીતી છે. તેના 12 પોઈન્ટ છે.

ઓપનર યશસ્વી જયસ્વાલે સારી બેટિંગ કરી હતી. તેણે 36 બોલનો સામનો કરીને 50 રન બનાવ્યા હતા. તેણે 8 ચોગ્ગા ફટકાર્યા હતા. દેવદત્ત પડિકલે પણ અડધી સદી ફટકારી હતી. તેણે 30 બોલમાં 51 રન બનાવ્યા હતા. દેવદત્તે 5 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા હતા. કેપ્ટન સંજુ સેમસન કંઈ ખાસ કરી શક્યો નહોતો. તે માત્ર 2 રન બનાવીને આઉટ થયો હતો. જોસ બટલર શૂન્ય પર આઉટ થયો હતો. રિયાન પરાગ 12 બોલમાં 20 રન બનાવીને આઉટ થયો હતો. ટ્રેન્ટ બોલ્ટ 1 રન બનાવીને અણનમ રહ્યો હતો. ધ્રુવ જુરેલે 4 બોલમાં અણનમ 10 રન બનાવ્યા હતા. તેણે સિક્સર ફટકારીને ટીમને જીત અપાવી હતી.

# વાઈન ટેસ્ટિંગનું કામ કરે છે SRHના કેપ્ટન એડન માર્કરામની ગર્લફ્રેન્ડ



ગુજરાત | વંદન

સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમના કેપ્ટન એડન માર્કરામની પત્ની નિકોલા ડેનિલી ઓ'કોનોર ઓનલાઈન જ્વેલરી બિઝનેસ વુમન તરીકે તેમજ વાઈન ટેસ્ટિંગનું કામ કરે છે.

આઈપીએલની 16મી સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમની કેપ્ટનશીપ કરી રહેલા એડન માર્કરામ માટે ભલે આ સીઝન સારી રહી ન હોય, પરંતુ તેની લવ સ્ટોરી ચોક્કસથી ખાસ રહી છે. એડન માર્કરામની પત્નીનું નામ નિકોલ ડેનિલી ઓ'કોનર છે. એડન માર્કરામની પત્ની નિકોલ પણ વાઈન ટેસ્ટિંગનું કામ કરે છે. નિકોલ ઘણીવાર મેચ તેને સપોર્ટ કરવા સ્ટેડિયમમાં હાજર જોવા મળે છે. જ્યારે એડન સાઉથ આફ્રિકા ટી20 લીગમાં સદી ફટકારી ત્યારે નિકોલ ખુશીમાં રડવા લાગી હતી. નિકોલ ચેરિટી પણ કરે છે અને તે અબા હાઉસ સાથે સંકળાયેલી છે જે અનાથ બાળકોને ઘર આપવાનું કામ કરે છે. નિકોલ દક્ષિણ આફ્રિકા યુનિવર્સિટીમાંથી સ્નાતક થઈ છે.

એડન માર્કરામ તેની પત્ની નિકોલને પ્રથમ વખત મળ્યો હતો જ્યારે તે હાઈસ્કૂલમાં હતો. માર્કરામ અને નિકોલ લગભગ 10 વર્ષથી એકબીજાને ઓળખે છે. નિકોલે માર્કરામને પહેલીવાર રગ્બી રમતા જોયો હતો.

જ્યારે નિકોલ માર્કરામને રગ્બી રમતા જોયો, ત્યારે તે તે જ સમયે તેના પ્રેમમાં પડી ગઈ. અહીંથી બંનેની લવસ્ટોરી આગળ વધી. નિકોલ વ્યવસાયે એક આંત્રપ્રિન્યોર છે અને તેનો ઓનલાઈન જ્વેલરી બિઝનેસ પણ છે.



# 28 મેએ નવી સંસદનું લોકાર્પણ

■ સંસદના આગામી ચોમાસુ સત્રની કાર્યવાહી નવા સંસદ ભવનમાં યોજવાની તૈયારીઓ

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 28 મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કરશે. લોકસભા સચિવાલયના જણાવ્યા અનુસાર, સ્પીકર ઓમ બિરલા ગુરુવારે (18 મે) PM મોદીને મળ્યા હતા અને તેમને નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કરવા આમંત્રણ આપ્યું હતું. નિવેદન અનુસાર નવા સંસદ ભવનનું કામ રેકોર્ડ સમયમાં પૂર્ણ થયું છે અને નવી ઈમારત આત્મનિર્ભર ભારતનું અદ્ભુત ઉદાહરણ છે. યોગાનુયોગ, 28 મે એ વીર સાવરકરની જન્મજયંતિ પણ છે.

જુલાઈના ત્રીજા સપ્તાહમાં શરૂ થનારા સંસદના ચોમાસુ સત્રની કાર્યવાહી નવા બિલ્ડીંગમાં જ શરૂ થાય તેવી અપેક્ષા છે. જો કે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. નવી સંસદ ભવન સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટનો એક ભાગ છે. રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધી ત્રણ કિલોમીટરના રસ્તાનું નવીનીકરણ, એક સામાન્ય કેન્દ્રીય સચિવાલયનું નિર્માણ, વડા પ્રધાનની નવી ઓફિસ અને નિવાસસ્થાન અને નવા ઉપરાષ્ટ્રપતિનું એન્ક્લેવ પણ કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવી રહેલા પ્રોજેક્ટનો એક ભાગ છે.

## જૂનું સંસદ ભવન જર્જરીત થઇ ગયું: દાવો



નવી ઈમારતનું નિર્માણ કાર્ય 10 ડિસેમ્બર 2020 ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું જ્યારે વડાપ્રધાને તેનો શિલાન્યાસ કર્યો હતો. સંસદની જૂની ઈમારત 1927માં પૂર્ણ થઈ હતી અને લગભગ 100 વર્ષ જૂની છે, લોકસભા સચિવાલયના જણાવ્યા અનુસાર નવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જૂની ઈમારત હવે યોગ્ય રહી નથી કારણ કે જગ્યાના અભાવને કારણે સાંસદો ન માત્ર બેસવામાં તકલીફ પડતી હતી પરંતુ જૂની બિલ્ડિંગમાં આધુનિક સુવિધાઓ અને ટેકનોલોજીનો અભાવ છે.

## કેટલા સાંસદો બેસી શકશે...

જૂના બિલ્ડિંગની જેમ નવી બિલ્ડિંગમાં પણ લોકસભા અને રાજ્યસભા માટે બે અલગ-અલગ ચેમ્બર હશે. લોકસભા ચેમ્બરમાં જ્યાં એક સાથે 888 સભ્યો માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. તે જ સમયે, રાજ્યસભાની ચેમ્બરમાં 384 સભ્યો બેસી શકશે. જૂના બિલ્ડિંગમાં સંયુક્ત સત્ર સેન્ટ્રલ હોલમાં યોજવામાં આવતું હતું, પરંતુ નવા બિલ્ડિંગમાં તે લોકસભા ચેમ્બરમાં યોજાશે, જેમાં જરૂર પડ્યે 1280 સાંસદો એકસાથે બેસી શકશે. સંસદની વર્તમાન ઈમારતમાં લોકસભામાં 550 અને રાજ્યસભામાં 250 માનનીય સભ્યોની બેઠકની જોગવાઈ છે. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સંસદના નવનિર્મિત ઈમારતમાં લોકસભામાં 888 અને રાજ્યસભામાં 384 સભ્યોની બેઠકની વ્યવસ્થા કરવામાં આવી છે. બંને ગૃહોનું સંયુક્ત સત્ર માત્ર લોકસભા ચેમ્બરમાં જ યોજાશે.

## 15 દિવસ પહેલા થઈ હતી વિમાન દુર્ઘટના

# એમેઝોન જંગલમાંથી 11 મહિનાના શિશુ સહિત 4 બાળકો જીવતા મળ્યાં

■ દુર્ઘટનાની તપાસ માટે ૧૦૦થી વધુ સૈનિકોએ સ્નિફર ડોગ્સ સાથે શોધ ચલાવી હતી

ગુજરાત | વંદન



કોલંબિયાના એમેઝોનના અણાબિડ જંગલમાં બે અઠવાડિયા પહેલા એક વિમાન દુર્ઘટના બની હતી જેમાં ૧૧ મહિનાનના એક બાળક સહિત ચાર બાળકો જીવત મળ્યા હોવાનું બહાર આવ્યું છે. કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોએ બુધવારે પોતાના દેશ માટેની આ ખૂશખબરીને જાહેરાત કરી હતી. કોલંબિયા સેના દ્વારા અત્યંત મુશ્કેલી ભર્યા એ અભિયાન પછી બાળકોની શોધ શકય બની હતી. ૧ મેના રોજ બનેલી આ વિમાન દુર્ઘટનાની તપાસ માટે ૧૦૦થી વધુ સૈનિકોએ સ્નિફર ડોગ્સ સાથે શોધ ચલાવી હતી. જો કે બાળકો કયાં સ્થળેથી મળી આવ્યા હતા અને કેવી રીતે બચાવ્યા હતા તે અંગેની પુરેપુરી માહિતી બહાર પાડવામાં આવી ન હતી. આટલા દિવસો સુધી ભૂખ તરસ વેઠીને ૧૧ મહિનાનું નવજાત બાળક સહિત ૪ બાળકો (ઉંમર વર્ષ ૪, ૯ અને ૧૩) કેવી રીતે જીવતા રહયા તે હજુ રહસ્ય છે.

તેઓ એક સાથે દક્ષિણી કવેટા વિભાગમાં આવેલા જંગલમાં રખડતા મળ્યા હતા. ૪૦ મીટર લાંબા વૃક્ષો, અંધકાર, ભારે વરસાદ અને જીવજંતુઓ અને જંગલી પ્રાણીઓના ડરથી શોધ અભિયાનમાં અડચણો આવી હતી. બચાવ અભિયાન માટે ૩ હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી હતી. જંગલમાં હ્યુટોટો ભાષામાં એક રેકોર્ડ સંદેશ પ્રસારિત કરવામાં આવતો હતો જેમાં જીવતા હોય તે પ્રવાસીઓને જંગલમાં આમ તેમ નહી ભટકવાની સલાહ આપવામાં આવતી હતી.

શોધ અભિયાન સાથે સંકળાયેલા સૈનિકોને એક લાકડી અને વૃક્ષની શાખાઓની મદદથી તૈયાર કરવામાં આવેલું એક સ્થળ મળ્યા પછી શોધ અભિયાન ઝડપી કરવામાં આવ્યું હતું. સશસ્ત્ર બળો દ્વારા બહાર પાડવામાં આવેલી તસ્વીરોમાં નવજાત બાળકની પાણી પીવાની નાની બોટલ અને બચકું ભરેલું એક ફળ મળ્યું હતું. સૈનિકોને પાયલટ અને બે વયસ્કોની મૃતદેહ મળ્યા હતી.

## ગૌતમ ગંભીરે પંજાબ કેસરી દૈનિક સામે રૂ.2 કરોડનો બદનક્ષીનો દાવો કર્યો

ગુજરાત | વંદન

ભારતમાં આજકાલ નેતાઓની ચામડી બહુ સંવેદનશીલ થઈ ગઈ છે અને જરાક પણ વિરોધી વિધાનો હવે તો તુર્ત જ બદનક્ષીના દાવા થવા લાગે છે અને તે યાદીમાં ગૌતમ ગંભીર પણ જોડાયો છે. ભાજપના આ સાંસદે પંજાબ કેસરી દૈનિક અને તેના એડીટર આદિત્ય ચોપરા તેમજ પત્રકાર અમિતકુમાર અને ઈમરાનખાન સામે રૂા. બે કરોડનો બદનક્ષીનો દાવો કર્યો છે.



જેમાં ગૌતમ ગંભીર અંગે ગેરમાર્ગે દોરતા સમાચાર પ્રસિધ્ધ કરવાનો આરોપ છે. પંજાબ કેસરી દૈનિકે તેના અહેવાલમાં એવું પ્રસિધ્ધ કર્યુ હતું કે સાંસદ ગૌતમ ગંભીર લાપતા, ગલી ગલી મે લગે પોસ્ટર, ગૌતમ ગંભીરે દિલ્હીના સાંસદ છે અને તે વિસ્તારમાં લોકોને મળતો ન હોવાનું જણાવીને આ પ્રકારના પોસ્ટર લગાવ્યા હોવાનો અખબારી અહેવાલ આપ્યો હતો. ગૌતમ ગંભીરે એવો આક્ષેપ કર્યો કે ખોટા અને બદનક્ષી અહેવાલો પ્રસિધ્ધ થયા છે. પંજાબ કેસરીએ તેને જ્ઞાતિ-જાતિમાં માનનારો વ્યકિત દર્શાવ્યો છે અને તેથી તેની પ્રતિષ્ઠાને હાની થઇ છે જે માટે તેને રૂા. બે કરોડનું નુકસાની વળતર માંગ્યું છે.



# ઉત્તરાખંડમાં એક તરફ નમી રહ્યું છે એશિયાનું સૌથી ઊંચું શિવ મંદિર

■ બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિએ આ સંબંધમાં ASIને પત્ર મોકલ્યો

ગુજરાત | વંદન

રુદ્રપ્રયાગ જિલ્લામાં આવેલું તુંગનાથ મંદિર એશિયામાં દરિયાની સપાટીથી ઉપર આવેલું સૌથી ઊંચું શિવાલય છે. પંચ કેદારમાં ગણાતા ત્રીજું તુંગનાથ મંદિર 5 થી 6 ડિગ્રી નમી ગયું છે, જ્યારે મંદિરની અંદરની મૂર્તિઓ અને સભામંડપ 10 ડિગ્રી સુધી નમી ગઈ છે. આ સંબંધમાં શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિએ ASIને પત્ર મોકલ્યો છે.

જેમાં સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ બને તેટલી વહેલી તકે મંદિરની જાળવણી કરવાનું કહેવામાં આવ્યું છે. મંદિરના વડા રામ પ્રસાદ મૈથાનીનું કહેવું છે કે મંદિર પર વર્ષ 1991માં આવેલા ભૂકંપ અને સમયાંતરે કુદરતી આફતોની ભારે અસર થઈ છે. વર્ષ 2017-18માં ASIએ મંદિરના સર્વેક્ષણ માટે ગ્લાસ સ્કેલ પણ લગાવ્યા હતા. હવે વિભાગે એક રિપોર્ટ જારી કરીને કહ્યું છે કે મંદિરમાં એક તરફ નમી જશે.

1991ના ઉત્તરકાશી ભૂકંપ અને 1999ના ચમોલી ભૂકંપની સાથે, 2012ની ઉખીમઠ દુર્ઘટના અને 2013ની કેદારનાથ દુર્ઘટનાએ પણ આ મંદિરને અસર કરી છે. મંદિરની બહારની દીવાલોમાંથી અનેક જગ્યાએ પથ્થરો વિખરાયેલા છે. સભામંડપની હાલત અત્યંત ખરાબ છે. તેમજ ગર્ભગૃહનો એક ભાગ નમી ગયો છે.

## કોર્ટે મધ્યસ્થતાનો પણ પ્રસ્તાવ આપ્યો

# દેશમાં છુટાછેડા માટે લવ મેરેજ સૌથી વધારે જવાબદાર છે....



ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટે એક કેસની સુનાવણી કરતા ટિપ્પણી કરી હતી કે, મોટા ભાગે છુટાછેડા લેવાનો વારો લવ મેરેજવાળા કિસ્સામાં આવી રહ્યા છે. જસ્ટિસ બીઆર ગવાઈ અને સંજય કરોલની પીઠે એક વૈવાહિક વિવાદને લઈને ટ્રાંસફર અરજી પર સુનાવણી કરતા આ ટિપ્પણી તે સમયે કરી જ્યારે વકીલે કોર્ટમાં જણાવ્યું કે, આ એક પ્રેમ લગ્ન હતાં. બાર એન્ડ બેન્ચના એક રિપોર્ટ અનુસાર, ન્યાયમૂર્તિ ગવઈએ તેના પર કહ્યું કે, મોટા ભાગના છુટાછેડા લવ મેરેજમાં જ થઈ રહ્યા છે. કોર્ટે મધ્યસ્થતાનો પણ પ્રસ્તાવ આપ્યો, જેનો પતિએ વિરોધ કર્યો હતો. જો કે, કોર્ટે કહ્યું કે, હાલમાં એક ચુકાદાને ધ્યાન રાખતા તેની સહમતિ વિના છુટાછેડા આપી શકે છે.

અહીં ઉલ્લેખનિય છે કે, સુપ્રીમ કોર્ટે આ મહિનાની શરુઆતમાં જ કહ્યું હતું કે, જીવનસાથીઓની વચ્ચે આવેલી ખટાશ નહીં ભરાતા છુટાછેડાની મંજૂરી આપવી અધિકારનો નહીં, પણ વિશેષાધિકારનો કિસ્સો છે. કોર્ટે કહ્યું હતું કે, તેના વિભિન્ન તથ્યોનું ધ્યાન રાખીને સાવધાનીથી ઉપયોગ કરવો જોઈએ, જેથી બંને પક્ષ સાથે પૂર્ણ ન્યાય થાય.

જસ્ટિસ એસ કે કૌલની અધ્યક્ષતાવાળી પાંચ સભ્યોની સંવિધાન પીઠે કહ્યું કે, આ સ્પષ્ટ છે કે, આવા કિસ્સામાં વડી અદાલતને એકદમ આશ્વસ્ત અને સંતુષ્ટ હોવું જોઈએ કે વિવાહ એકદમ અવ્યવહારિક, ભાવનાત્મકરીતે મૃત અને બચવા લાયક નથી. એટલા માટે વિવાહને સમાપ્ત કરવું જ યોગ્ય સમાધાન છે અને આગળ વધવાનો એકમાત્ર રસ્તો છે


## વોટ્સએપ કોલ કૌભાંડ રોકવા સરકારના પ્રયાસો

# ભારતે 36 લાખથી વધુ વોટ્સએપ એકાઉન્ટ પર મૂક્યો પ્રતિબંધ

ગુજરાત | વંદન

ભારતમાં વોટ્સએપ દ્વારા ફેક કોલ મળવાના સમાચાર દિવસેને દિવસે વધી રહ્યા છે. લોકોને રેન્ડમ ઈન્ટરનેશનલ નંબર પરથી વોઈસ તેમજ વીડિયો કોલ મળી રહ્યા છે અને સ્કેમર્સ લોકોને નિશાન બનાવી રહ્યા છે. આવા નકલી નંબરો પર કાર્યવાહી કરવા માટે, ભારત સરકારે વોટ્સએપને એવા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકવા કહ્યું છે જે છેતરપિંડીની પ્રવૃત્તિઓમાં સામેલ છે.

કેન્દ્રીય ટેલિકોમ મંત્રી અશ્વિની વૈષ્ણવે ટેલિકોમ વિભાગની સંચાર સાથી વેબસાઈટના લોન્ચ દરમિયાન જણાવ્યું હતું કે, ભારતમાં 36 લાખથી વધુ વોટ્સએપ એકાઉન્ટ પર પ્રતિબંધ





મૂકવામાં આવ્યો છે અને વોટ્સએપ પણ લોકોની સુરક્ષા માટે મદદ કરી રહ્યું છે. કેન્દ્રીય ટેલિકોમ મંત્રી અશ્વિની વૈષ્ણવને દેશમાં વધતા વોટ્સએપ કોલ કૌભાંડના મામલાને રોકવા માટે સરકારના પ્રયાસો વિશે પૂછવામાં આવ્યું હતું. પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, અમે WhatsApp સાથે સક્રિય રીતે જોડાયેલા છીએ અને WhatsApp પણ ગ્રાહક સુરક્ષાની સાથે સહમત થયું છે. બધા OTT પ્લેટફોર્મ એવા વપરાશકર્તાઓની નોંધણી રદ કરવા માટે તૈયાર છે જેઓ છેતરપિંડી કરનારા વપરાશકર્તાઓ તરીકે મળી આવ્યા છે.

અગાઉ વોટ્સએપે યુઝર્સને શંકાસ્પદ કોલ્સ બ્લોક કરવા અને તેની જાણ કરવા કહ્યું હતું જેથી તેમની સામે યોગ્ય કાર્યવાહી થઈ શકે. WhatsApp એ સમજાવ્યું કે, શંકાસ્પદ મેસેજ અને કોલ્સને બ્લોક કરવા અને રીપોર્ટ કરવા તેને અટકાવવા માટે મહત્વનું પગલું છે.

કેટલાક WhatsApp વપરાશકર્તાઓએ ઇથોપિયા (+251), મલેશિયા (+60), ઈન્ડોનેશિયા (+62), કેન્યા (+254), વિયેતનામ (+84) અને અન્ય જેવા વિવિધ દેશોમાંથી કોલ પ્રાપ્ત કર્યાની જાણ કરી હતી. કેટલાક યુઝર્સે નકલી પાર્ટ ટાઈમ જોબ મેસેજીસ મળવાની પણ જાણ કરી હતી.

## આવતા સપ્તાહે સિડનીમાં ક્વાડ મીટિંગ આગળ વધશે નહીં: ઓસી. વડાપ્રધાન

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનિસે બુધવારે જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયા, જાપાન, ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સના નેતાઓની ક્વાડ મીટિંગ આવતા અઠવાડિયે સિડનીમાં આગળ વધશે નહીં. અલ્બેનીઝે ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે હાલની દ્વિપક્ષીય બેઠક હજુ પણ આગળ વધી શકે છે. અગાઉ બુધવારે અલ્બેનીઝે કહ્યું હતું કે યુએસ પ્રમુખ જો બિડેન વિના સમિટ હજુ પણ નિર્ધારિત રીતે આગળ વધી શકે છે, જેમણે વોશિંગ્ટનમાં દેવાની ટોચમર્યાદાની વાટાઘાટોને કારણે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ મુલતવી રાખ્યો હતો.



## બેબીબર્થ બીજા ટ્રાયલ માટે તૈયાર

# ભારતીય રેલમાં હવે નવજાત શીશુ માટે અલગ વ્યવસ્થા: પડદા મુકાશે

ગુજરાત | વંદન

ટ્રેનમાં ટ્રાયલ પર લાવવામાં આવેલી બેબી બર્થને હવે નવી ડિઝાઈન મળી છે. નવી બેબી બર્થ પહેલા કરતા વધુ સુરક્ષિત, વધુ આરામદાયક અને વધુ સુખદ હશે. એવો દાવો કરવામાં આવે છે કે, બેબી બર્થ ની બીજી ટ્રાયલ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. તેની સફળતા બાદ તમામ ટ્રેનોમાં બેબી બર્થ બનાવવામાં આવશે.

બેબી બર્થની ડિઝાઈન તૈયાર કરનાર નીતિન દેવરેએ જણાવ્યું હતું કે ટ્રેનની મુસાફરી દરમિયાન બર્થ ઓછી જગ્યાને કારણે માતા અને બાળકને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ સમસ્યા ધ્યાનમાં રાખીને બેબી બર્થ ની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી હતી.

હવે રેલવે તેના ટ્રાયલ પર વિચાર કરી રહી છે. પ્રથમ ટ્રાયલ 2022 માં શરૂ થઈ હતી. આ દરમિયાન કેટલીક ખામીઓ પણ જોવા મળી હતી. બેબી બર્થ ની ખામીઓને દૂર કરવા માટે ફરીથી કામ કરવામાં આવ્યું હતું. આ ફેરફારો પછી, બેબી બર્થ બીજા ટ્રાયલ માટે તૈયાર છે.

પ્રથમ ટ્રાયલ દરમિયાન, બાળકની બર્થ સામાન્ય બર્થ તરફ ખુલ્લી હતી. જેના કારણે ઉપરની બર્થ પરથી બાળકને ઈજા થવાની કે કોઈ સામગ્રી બાળક પર પડી જવાનો ભય હતો. પરંતુ હવે નવામાં બેબી બર્થને સુરક્ષિત પડદાથી ઢાંકવામાં આવે છે, જેથી બાળક સુરક્ષિત રીતે સૂઈ શકે અને માતા પણ સ્તનપાન કરાવી શકે. આ સિવાય સ્ક્રીન પર કાર્ટૂન પણ પ્રિન્ટ કરવામાં આવશે, જે બાળકને આકર્ષિત કરશે.

# 'પંગા ગર્લ' કંગનાએ કહ્યું: મને હિંદુત્વ 40 કરોડમાં પડ્યું

■ એલોન મસ્કને આપી સલાહ- બોલતા પહેલા વિચાર કરજો નહીતર મારા જેવુ થશે

ગુજરાત | વંદન



બોલિવૂડની પંગા ક્વિન કંગના રનૌત હંમેશા પોતાના વિવાદિત નિવેદનોને કારણ ચર્ચામાં રહે છે. ત્યારે કંગના રનૌતે એવો દાવો કર્યો કે, હિંદુત્વ માટે બોલવાની અને રાજકારણીઓ, ટુકડે-ટુકડે ગેંગ અને એન્ટી નેશનલ લોકો વિરુદ્ધ અવાજ ઉઠાવવાની તેમણે કિંમત ચૂકવી છે. તેમણે દાવો કર્યો કે, ખુલીને વાત રાખવાના કારણે તેણે અનેક બ્રાન્ડની એડવર્ટાઈઝમેન્ટમાંથી હાથ ધોવા પડ્યા છે અને તેને 30થી 40 કરોડનું નુકશાન થયુ છે.

કંગના રનૌતે એલોન મસ્કની એક ખબર ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે જેમાં એલોન મસ્કે કહ્યું છે કે હું જે ઈચ્છું તે કહીશ, ભલે તેના પરિણામે મને આર્થિક નુકસાન સહન કરવું પડે. આ નિવેદન શેર કરતી વખતે કંગનાએ તેના દ્વારા થયેલા આર્થિક નુકસાન વિશે વાત કરી છે.

કંગના રનૌતે લખ્યું કે, આ સાચી સ્વતંત્રતા અને સફળતાનું આ જ કેરેક્ટર છે.

## ભગવાન કુબેરે સૌથી પહેલાં પુષ્પક નામનું વિમાન બનાવ્યું હતું જે લંકાપતિ રાવણે કુબેર પાસેથી આંચકી લીધુ હતું

# શું ખરેખર પુષ્પક નામનું વિમાન રામાયણકાળમાં હતું..? જવાબ છે-હાં..!

ગુજરાત | વંદન

પક્ષીઓને આકાશમાં ઉડતા જોઈને માનવીને પણ તેમની જેમ આકાશમાં ઉડવાની ઉત્કંઠા જાગી ત્યારથી માનવીના મનમાં વિમાન બનાવવાના વિચારો જન્મ્યા હતા. આધુનિક વિંમાનની શોધ 1903માં રાઈટબંધો દ્વારા થઈ હતી. જો કે પ્રાચીન ભારતમાં ભગવાન શ્રી રામના સમયકાળમાં વિમાન હતું અને તે પુષ્પકના નામથી જાણીતુ હોવાના ઉલ્લેખો વેદોમાં-પુરાણોમાં અને વિવિધ રામાયણોમાં મળે છે. વિવિધ રામાયણો એટલા માટે કેમ કે રામાયણ એક નથી અનેક દ્વારા રામાયણ લખવામાં આવી છે. જેમાં વાલ્મિકીની રામાયણ મુખ્ય ગણાય છે. તેમાં પણ પુષ્પક વિમાનનો ઉલ્લેખ છે.

અલબત, આજના સમયમાં નવી પેઢીના કે નાસ્તિકો તેને માનતા નથી અને અનેક સવાલો કરતાં હોય છે. તેમ છતાં જે ઉલ્લેખો જોવા મળે છે તે કાંઈ સાવ કપોળકલ્પિત જણાતા નથી. તેમાં તથ્યના અંશ જણાય છે.

વાલ્મીકિ રામાયણ અનુસાર, સંપત્તિના ભગવાન કુબેર પાસે હવાઈ જહાજ- વિમાન- હતું. તેને પુષ્પક વિમાન કહેવામાં આવતું હતું. તે સૌથી પહેલું વિમાન હતું જેને મનુષ્ય જાણતો હતો. રાવણે તે કુબેર પાસેથી જપ્ત કરી લીધું હતું. રાવણના મૃત્યુ પછી રાવણના ભાઈ વિભાષણે ભગવાન રામને હવાઈ વિમાન આપ્યું. તે દિવસોમાં આ સૌથી ઝડપી વિમાન હતું. રામે પોતાનું વિમાન કેવી રીતે ઉડાડ્યું? પ્લેનનું પાઈલોટ કોણે કર્યું? રામે કયું બળતણ વાપર્યું? યુદ્ધકાંડ, અધ્યાય 123 આ પ્રશ્નોના જવાબ આપે છે.

પશ્ચિમી વિજ્ઞાન સામયિકોમાં એક રસપ્રદ સમાચાર "થોટ પાવર" દ્વારા ઉડતા વિમાનો પર નવો પ્રકાશ ફેંકે છે. જેમાં માનવીના વિચારો





## યુધ્ધ બાદ વિભીષણે એ વિમાન ભગવાન શ્રીરામને આપ્યું અને તે ચલાવનારના વિચારો-થોટ પાવર-થી ઉડતું હતું

પ્રમાણે તે કામ કરે તેવા ઉડ્ડયન ઉપકરણોનું સંશોધન થઈ રહ્યું છે. હવે આપણે ભગવાન રામના વિમાન (પુષ્પક વિમાન)નું રહસ્ય જાણીએ જે ભાવિ થોટ પાવર સંબંધિત છે....

વાલ્મિકી રામાયણ કહે છે- રામે વિચારશક્તિથી પુષ્પક વિમાન ઉડાડ્યું હતું...!

.અને ભારતના ઉત્તરમાં અયોધ્યા અને દક્ષિણમાં શ્રીલંકા વચ્ચેનું અંતર કાપવામાં માત્ર એક દિવસનો સમય લાગે તે ઝડપથી ઉડ્યું હતું..

લંકા વિજય બાદ રાવણબંધુ વિભીષણ રામને કહે છે (અધ્યાય 123, યુદ્ધકાંડ, વાલ્મીકિ રામાયણ):....

"હે રાજકુમાર, હું તમને એક દિવસમાં એ શહેરમાં પહોંચવાની વ્યવસ્થા કરીશ! ખુશીથી તમારી હાજરી વિમાનમાં આપે...! પુષ્પકા નામની એક હવાઈ કાર છે જે સૂર્યની જેમ ચમકે છે, જે શક્તિશાળી રાવણે કુબેર પાસેથી બળજબરીથી છીનવી લીધી હતી અને તેને યુદ્ધમાં હરાવ્યો હતો. તે આકાશી અને અદ્ભુત રથ, ગમે ત્યાં તમને તમારી ઈચ્છા પ્રમાણે લઈ જશે. તે કાર, સફેદ વાદળની જેમ તેજસ્વી જે તમને સંપૂર્ણ સલામતી સાથે અયોધ્યા લઈ જશે, અને તે અહીં છે."

આ સુંદર વર્ણન રામે ચલાવેલા વિમાન વિશે થોડો ખ્યાલ આપે છે. આધુનિક વિમાનોની જેમ તે વાહન કે કાર ચાંદીના સફેદ રંગમાં (ચળકતી) હતી. તે આધુનિક બોઈંગ અથવા એરબસ વિમાનોની જેમ ઝડપથી ઉડી શકે છે. સામાન્ય રીતે જેટ વિમાનો લાંબા અંતરની ફ્લાઈટ દરમિયાન 500 થી 600 માઈલ પ્રતિ કલાકની ઝડપે ઉડે છે. પરંતુ રામના વિમાનને શ્રીલંકાના ક્યાંકથી ઉત્તર ભારતના અયોધ્યા સુધી પહોંચવામાં એક દિવસ લાગ્યો હતો.

રામાયણની લંકાપુરીનું ચોક્કસ સ્થાન અંગે ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે.. અભ્યાસો દર્શાવે છે કે તે એક સુનામીમાં સમુદ્રમાં ગરકાવ થઈ ગયો હતો. બંને શહેરો વચ્ચેનું અંતર અંદાજે 3000 માઈલ હતું. રામનું વિમાન નીચું ઉડાન ભરતું હતું (આધુનિક જેટ વિમાનોથી વિપરીત) અને માત્ર દિવસના સમયે ઉડી શકતુ હતું..

આજે આપણે વિમાન ઉપડતા પહેલા સલામતીની સૂચનાઓ સાંભળીએ છીએ. રામના જમાનામાં પણ એવું જ હતું! અમે દરેકને ''સુરક્ષિત પ્રવાસ''ની શુભેચ્છા પાઠવીએ છીએ. વિભીષણે રામને પણ એવું જ કહ્યું. જે કોઈ વાલ્મીકિને માનવાનો ઈનકાર કરે છે, તેણે ઓછામાં ..અનુસંધાન પેજ નં.6 પર

# મજબૂરીએ કિંગ ખાનની પત્નીને ઈન્ટિરિયર ડિઝાઈનર બનાવી દીધી



**શાહરૂખ ખાને પત્ની ગૌરીની કેટલીક વાત કહી**

શાહરૂખ ખાન અને ગૌરી ખાનનું આલીશાન રહેઠાણ મન્નત મુંબઈમાં આવતા દરેક ચાહકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. આજની તારીખમાં મન્નત કોઈ મહેલથી ઓછી નથી. પરંતુ એક સમય એવો હતો જ્યારે શાહરૂખ ખાન અને ગૌરી ખાને આ મોટા ઘરને પોતાનું બનાવી લીધું હતું, પરંતુ તેને સજાવવા માટે તેમની પાસે પૈસા બચ્યા નહોતા. અહીંથી જ ગૌરી ખાનની ઈન્ટિરિયર ડિઝાઈનર બનવાની સફર શરૂ થઈ હતી. તે દિવસોની આ વાત ખુદ શાહરૂખ ખાને શેર કરી છે. કોફી ટેબલ બુક માય લાઈફ ઈન ડિઝાઈનના લોન્ચિંગ પ્રસંગે આ વાત કરી હતી.

કોફી ટેબલ બુકના લોન્ચિંગ સમયે શાહરૂખ ખાને એ દિવસોને યાદ કર્યા જ્યારે બોલિવૂડના પાવર કપલે મન્નતને ખરીદી હતી. પરંતુ મન્નતને જે સ્થિતિમાં તે મળ્યું હતું તેમાં સ્વર્ગ બનાવવા માટે તેણે રિનોવેશનમાં પણ ઘણો ખર્ચ કરવો પડ્યો હતો. શાહરૂખ ખાનના કહેવા પ્રમાણે, પછી તેણે એક ઈન્ટિરિયર ડિઝાઈનરને પણ બોલાવ્યો જેથી તે મન્નતને ડિઝાઈન કરી શકે. પરંતુ તેની ફી સાંભળીને તેણે એક પગલું પાછું ખેંચ્યું કારણ કે ડિઝાઈનરની ફી શાહરૂખ ખાનની માસિક કમાણી કરતાં વધુ હતી.

આ પછી શાહરૂખ ખાને ગૌર ખાન પાસેથી જ ઘરની ડિઝાઈન કરાવવાની ઓફર કરી હતી. તે પછી ગૌરી ખાને મન્નતને પોતાની રીતે ડિઝાઈન કરવાનું શરૂ કર્યું. લાંબા સમય સુધી બંને તેમના ઘરને સજાવવા માટે નાની-નાની વસ્તુઓ ખરીદતા રહ્યા. શાહરૂખ ખાને જણાવ્યું કે, અહીંથી જ ગૌરી ખાનની ઈન્ટિરિયર ડિઝાઈનર તરીકે કરિયરની શરૂઆત થઈ અને તે એક પ્રોફેશનલ અને સફળ ઈન્ટિરિયર ડિઝાઈનર બનવામાં સફળ રહી. પોતાની પત્નીના વખાણ કરતા શાહરૂખ ખાને એમ પણ કહ્યું કે શરૂઆતના દિવસોમાં ગૌરી ખાન આ કામમાં એટલી વ્યસ્ત હતી કે તેને પોતાની આવડત પર ધ્યાન આપવાની તક જ ન મળી. આ કોફી ટેબલ બુક ગૌરી ખાનની તે સફરની યાદો છે.

## કાન્સ ફિલ્મ ફેસ્ટીવલ 2023

### રેડ કાર્પેટ પર લહેંગા પહેરીને ઉતરી સારા અલી ખાન



બોલિવૂડ સુંદરી સારા અલી ખાને 76માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2023માં રેડ કાર્પેટ પર દેશી અંદાજમાં એન્ટ્રી કરી હતી. મોટા ગાઉન અને હેવી જ્વેલરીની વચ્ચે સારાના લહેંગા લુકએ તમામને લાઈમલાઈટ કરી હતી. સારા અલી ખાન તેના પ્રથમ કાન્સ રેડ કાર્પેટ દેખાવમાં જોવા મળી હતી. સારાએ અબુ જાની-સંદીપ ખોસલાના હાથથી બનાવેલો હાથીદાંતનો લહેંગા પહેર્યો હતો. જેની સાથે તેણે તેના વાળને બાંધીને લુક પૂરો કર્યો. સારાનો લાંબો દુપટ્ટો કાન્સની રેડ કાર્પેટ પર લહેરાતો હતો, જેને તેણે પિન કર્યો હતો.

### ગુલાબી રંગના ગાઉનમાં દેખાઈ ઉર્વશી, ગોલ્ડન 'ક્રોકોડાઈલ' નેકલેસે ચર્ચા જગાવી



ઉર્વશી રૌતેલા તેના અનોખા ડ્રેસિંગ સેન્સ માટે અવારનવાર લોકોનું ધ્યાન ખેંચે છે. બુધવારે, અભિનેત્રીએ 'કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2023'ના તેના પ્રથમ ફોટા અને વીડિયો શેર કર્યા હતા, ઉર્વશી રૌતેલાએ 'કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ'માં ગુલાબી રંગનો ગાઉન પહેર્યો હતો.

### બોલ્ડ અંદાજમાં ઈશા ગુપ્તાએ કાન્સમાં આ રીતે કર્યુ ડેબ્યુ



બોલિવૂડ એક્ટ્રેસ ઈશા ગુપ્તાએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2023ના રેડ કાર્પેટ પર ડેબ્યૂ કર્યુ. તે પહેલા જ દિવસે રેડ કાર્પેટ પર વોક કરતાં જોવા મળી હતી. તેના બોલ્ડ આઉટફિટ પર સૌકોઈની નજર ચોંટી ગઈ હતી. ઈશા ગુપ્તાએ ખૂબ જ રિસ્કી આઉટફિટ પહેર્યુ હતું. જો કે તે ખૂબ જ સ્ટનિંગ લાગી રહી હતી અને તેને જોઈને સૌકોઈની નજર તેના પર જ અટકી ગઈ હતી. બોલિવૂડ એક્ટ્રેસ ઈશા ગુપ્તા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2023ના પહેલા જ દિવસે રેડ કાર્પેટ પર વોક કરતી જોવા મળી હતી. તેના હાઈ સ્લિટ ગાઉનમાં તેણે એન્ટ્રી કરતા જ બધા તેની સામે જ જોતા રહી રહી ગયા.

### માદક અદાઓવાળી માનુષીએ કાન્સમાં પાથર્યા કામણ...



આ તસવીરમાં માનુષી છિલ્લર ફ્રેન્ચ રિવેરાનાં બેકગ્રાઉન્ડમાં જે રીતે પોઝ આપી રહી છે તેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. આ ગાઉન માનુષીના ટોન ફિગરને ઘણું પૂરક કરી રહ્યું છે. 2017માં 'મિસ વર્લ્ડ'નો ખિતાબ જીતનારી માનુષી છિલ્લર ફરી એકવાર હેડલાઈન્સમાં છે અને તેનું કારણ છે કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં તેની પ્રથમ રજૂઆત.

# 'ગદર-એક પ્રેમ કથા' ફરી એકવાર દેશભરમાં રિલીઝ કરવાની તૈયારીઓ






22 વર્ષ પહલે 15 જૂન, 2001ના રોજ, અમિષા પટેલ અને સની દેઓલ અભિનીત ફિલ્મ 'ગદર એક પ્રેમ કથા' રિલીઝ થઈ હતી, જેણે તે સમયે કમાણીના સંદર્ભમાં ઈતિહાસ રચ્યો હતો અને ફિલ્મને સારો પ્રતિસાદ મળ્યો હતો. જેના કારણે આ ફિલ્મની સિક્વલ 22 વર્ષ બાદ બની રહી છે, જે આ વર્ષે 11 ઓગસ્ટે દેશભરમાં રિલીઝ થશે. પરંતુ તે પહેલા ચાહકો માટે એક મોટા સમાચાર છે, ફિલ્મ નિર્માતાએ આ ક્લાસિક ફિલ્મના પહેલા ભાગને ફરીથી રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે. આ રીતે, 22 વર્ષ પછી ફરી એકવાર તારા સિંહ થિયેટરોમાં હેન્ડપમ્પ ઉખાડતા જોવા મળશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 9 જૂન 2023ના રોજ આખા દેશમાં ફરી એક વખત લવ સ્ટોરી ધરાવતી ફિલ્મ ગદરને રિલીઝ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે, કારણ કે તે એ જ અઠવાડિયે છે જ્યારે ગદર રિલીઝ થઈ હતી. જો નિર્માતાઓનું માનીએ તો તેની વ્યૂહરચના, થિયેટર લિસ્ટિંગ અને અન્ય યોજનાઓ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. આ ફિલ્મ વધુ સારી સાઉન્ડ સિસ્ટમ સાથે ફોરકી ફોર્મેટમાં રિલીઝ થશે. નિર્માતાઓનું કહેવું છે કે દર્શકોની ભાવનાઓને ધ્યાનમાં રાખીને ફિલ્મને ફરીથી રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પહેલો ભાગ પરિચય તરીકે રજૂ કરવામાં આવી રહ્યો છે, કારણ કે 22 વર્ષમાં ઘણું બદલાઈ ગયું છે. આવી સ્થિતિમાં દર્શકોની યાદોને તાજી કરવા માટે ગદર એક પ્રેમ કથા ફરીથી મોટા પડદા પર બતાવવામાં આવશે.

# ડિરેક્ટર રોબ માર્શલ રામ ચરણ જુનિયર એનટીઆર સાથે કામ કરવા આતુર



## કહ્યું - બંને કલાકારો અદ્ભુત અને શાનદાર છે તેમણે મારું દિલ જીતી લીધું...

હોલીવુડના જાણીતા દિગ્દર્શક રોબ માર્શલ આ દિવસોમાં પોતાની આગામી ફિલ્મ 'ધ લિટલ મરમેઈડ'ને લઈને ઘણી ચર્ચામાં છે. આ ફિલ્મ 26 મેના રોજ મોટા પડદા પર આવવા માટે તૈયાર છે. ધ લિટલ મરમેઈડ ચાહકોમાં ઉત્તેજના પેદા કરી રહી છે કારણ કે તેઓ આતુરતાપૂર્વક થિયેટરોમાં ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. દરમિયાન દિગ્દર્શક રોબે ઓસ્કાર વિજેતા આરઆરઆર અભિનેતા રામ ચરણ અને જુનિયર એનટીઆર સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર રોબે કહ્યું, 'હું રામ ચરણ અને જુનિયર એનટીઆર સાથે કામ કરવા માંગુ છું. બંને કલાકારો અદ્ભુત અને શાનદાર છે. બંનેએ ફિલ્મ RRRમાં શાનદાર કામ કર્યું છે. બંનેના પર્ફોર્મન્સે મારું દિલ જીતી લીધું છે. હું બંને કલાકારો સાથે વાત કરીશ. રોબ માર્શલે વધુમાં ઉમેર્યું હતું કે બંને કલાકારો અદ્ભુત અને કલ્પિત છે. તે તેના શારીરિક દેખાવથી પણ ખાસ પ્રભાવિત થયો હતો અને 'RRR'માં તેણીના અભિનય અને તેણીની અસાધારણ નૃત્ય કુશળતાની પ્રશંસા કરી હતી.




# મૌની રોયે બ્લૂ એન્ડ ગ્રીન કોમ્બિનેશન વાળી હોલ્ટર નેક બિકીનીમાં આપ્યા પોઝ

## ઇટલીમાં વેકેશન દરમ્યાનની તસ્વીરો શેર કરી

એક્ટ્રેસ મૌની રોયે આ દિવસોમાં પતિ સુરજ નાંબિયારની સાથે ઈટલીમાં વેકેશન મનાવી રહી છે. આ ટ્રીપ દરમ્યાનના ફોટોઓ તેણે સોશિયલ મીડિયામાં શેર કર્યા છે. જેમા તે સિઝલીંગ લુકમાં દેખાઈ રહી છે. તસ્વીરોમાં તેનો બોલ્ડ લુક નજર આવી રહ્યો છે. આ તસ્વીરોમાં મૌની બ્લૂ એન્ડ ગ્રીન કોમ્બિનેશન વાળી હોલ્ટર નેક બિકીનીમાં પોઝ આપતી દેખાઈ રહી છે. આ તસ્વીરોમાં મૌનીએ પોતાનો પરફેક્ટ ફિગર પર ફ્લાન્ટ કરતી દેખાઈ રહી છે. તેના આ લુક્સને ચાહકો પસંદ કરી રહ્યાં છે. લોકો કોમેન્ટમાં એમ પણ કહી રહ્યાં છે કે લગ્ન પછી તે વધારે હોટ થઈ ગઈ છે.

# 'ખતરો કે ખિલાડી'માં શિવ-અર્ચના બાદ હવે અબ્દુ રોજિકની એન્ટ્રી...!



કલર્સના રિયાલિટી શો બિગ બોસ 16માં ચર્ચામા રહેનાર સ્પર્ધક અબ્દુ રોજિક હવે ફરી લોકોની વચ્ચે આવી રહ્યો છે. 'ખતરો કે ખિલાડી-13' માં અબ્દુ રોજિકની એન્ટ્રી થઈ છે. બિગ બોસ 16માં અબ્દુ અને શિવની બોન્ડિંગ ચાહકોને ઘણી પસંદ આવી હતી. હવે ફરી એકવાર શિવ અને અબ્દુની મિત્રતા જોવા માટે ચાહકો ઉત્સાહિત છે. જો કે, આ વખતે અબ્દુ શોમાં સ્પર્ધક તરીકે નહીં, પરંતુ શિવના સમર્થક તરીકે જોડાવા જઈ રહ્યો છે. હા, અબ્દુ રોજિક ગેસ્ટ સેલિબ્રિટી તરીકે રોહિત શેટ્ટીના શોનો ભાગ હશે. જોકે, કલર્સ ટીવીના અબ્દુ રોજિકે આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી.

# ઉર્વશી ટૂંક સમયમાં પરવીન બાબીની બાયોપિકમાં મુખ્ય ભૂમિકા ભજવશે



ઉર્વશી રૌતેલા ટૂંક સમયમાં પરવીન બાબીની બાયોપિકમાં લીડ રોલમાં જોવા મળશે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પરવીન બાબીની બાયોપિકનો ફોટો લોન્ચ પણ છે. આ રીતે, કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ બોલિવૂડ અભિનેત્રી માટે વધુ ખાસ બની જાય છે. હાલમાં જ તેની વેબ સિરીઝ ઈન્સ્પેક્ટર અવિનાશનું ટ્રેલર પણ રિલીઝ કરવામાં આવ્યું છે. ઉર્વશી રૌતેલા બોલીવુડ અભિનેત્રી પરવીન બાબી પરની બાયોપિક માટે ફોટોકોલ લોન્ચમાં ભાગ લેશે. જ્યારથી સમાચાર આવ્યા છે કે ઉર્વશી રૌતેલા આ પાત્ર ભજવી રહી છે, તેના ચાહકો તેને તેના જમાનાની આ તેજસ્વી અભિનેત્રીના રોલમાં જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ફોટોકોલ લોન્ચ એ ઉર્વશી રૌતેલા માટે તેના પાત્રનો પરિચય આપવા અને પ્રેક્ષકોને બહુ-અપેક્ષિત બાયોપિકમાંથી શું અપેક્ષા રાખવી તેની ઝલક આપવાનું યોગ્ય પ્લેટફોર્મ હતું. આ વિશે ઉર્વશી રૌતેલાએ કહ્યું, 'હા, તમે સાચું સાંભળ્યું છે. મેં ફિલ્મ સાઈન કરી છે અને પરવીન બાબીની બાયોપિકમાં તેનું પાત્ર ભજવી રહી છું. હું બહુ ખુશ છું. હું કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો આભારી છું, કારણ કે તે વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ પૈકીનો એક છે અને મારી કારકિર્દીમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.



ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## શું આવી ગ્રીન નેટ મહત્વના ટ્રાફિક જંક્શન પર લગાવી ન શકાય...?




ગર્દાબાદ ગણાતા અમદાવાદમાં ગરમીનો પારો 44 ડિગ્રીથી ઉપર રમી રહ્યું છે, ભીષણી ગરમી કે હીટવેવ એટલી બધી છે કે જાણે આકાશમાંથી અગન ગોળા છોડાઈ રહ્યાં હોય. ગયા વર્ષે શહેર સત્તાવાળાઓ દ્વારા ઉનાળામાં મહત્વના ટ્રાફિક જંક્શન-ચાર રસ્તે લાલ બત્તી હોય ત્યારે ઉભા રહેતા વાહન ચાલકોને ઘડી બે ઘડી ગરમીથી રષણ આપવા ગ્રીન નેટ બાંધી હતી. તસ્વીરમાં શાહીબાગ નમસ્તે સર્કલ નજીક પક્ષીઓ માટે ચણ અને જળની વ્યવસ્થા ઉપરાંત તેમને ગરમીથી બચાવવા માથે ગ્રીનનેટનું આવરણ બનાવવામાં આવ્યું છે. ટુંક સમયમાં ચોમાસું ધમધમ કરતા આવી પહોંચે ત્યાં સુધી મહત્વના ટ્રાફિક જંક્શન ખાતે આવી ગ્રીન નેટની વ્યવસ્થા થાય તો નાગરિકોમાં મત તો મળે છે સાથે-સાથે આશીર્વાદ પણ મળશે....! (તસ્વીર: મૌર્ય ભાગ્યવાન)


## ટોરેન્ટ પાવર સીલ કરી દો, સુરતના ભાજપના ધારાસભ્યે કરી માંગ

■ ધારાસભ્ય અરવિંદ રાણાએ મ્યુનિ. કમિશ્નરને પત્ર લખીને કહ્યું ટોરેન્ટ પાસેથી નિકળે છે બાકી વેરા પેટે 7 કરોડ

ગુજરાત | વંદન

લોકો પાસે બાકી બિલના તોડીને ભાવ લેતા ટોરેન્ટ પાવરમાં દીવા તળે અંધારા જેવો ઘાટ ઘડાયો છે. સુરત કોર્પોરેશનના બાકી વેરા ટોરેન્ટ ભરતું નથી. સામાન્ય જનતા જ્યારે એક ચુક કરે તો તેને દંડનીય કાર્યવાહીનો ભોગ બનવું પડે છે ત્યારે મોટા ગજાના ધંધાઓમાં તંત્રની જીહુજુરી જોવા મળતી હોય છે. બસ આવી જ સ્થિતિ ટોરેન્ટની સામે પણ જોવા મળતી હોવાને કારણે ભાજપના નેતા જ ભડક્યા છે. ભાજપના નેતાએ ટોરેન્ટ દ્વારા સુરત કોર્પોરેશનના બાકી રહેતા 7 કરોડના વેરા ભરવાને લઈને આકરા પાણીએ થયા છે. તેમણે કહ્યાના મતલબ પ્રમાણે ટોરેન્ટ વેરો ભરે અથવા સીલ કરી દેવામાં આવે.

બે મહિના બીલ ન ભરે ત્યાં કનેક્શન કાપી જવા વાળા સુરતના ટોરેન્ટ પાવરની ઓફિસનો છેલ્લા દસ વર્ષથી 7 કરોડની રકમનો




મિલકત વેરો બાકી છે. સુરત શહેરની પૂર્વ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અરવિંદ રાણાએ ટોરેન્ટ પાવર ઓફિસ સીલ કરવાની માંગ કરી છે. ધારાસભ્ય અરવિંદ રાણાએ સુરત મહાનગરપાલિકાના કમિશ્નરને પત્ર લખીને ૭ કરોડ વેરા નહીં ભરવાના કારણે સીલ કરવાની માંગ કરાઈ છે.

અરવિંદ રાણાએ ગુજરાત તક સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે ટોરેન્ટ પાવરે સુરત મહાનગરપાલિકાના છેલ્લા દસ વર્ષથી સાત કરોડ રૂપિયાના વેરાના નથી ભર્યા. તો એમની વહીવટી ભવન અને બીજા સબ સ્ટેશન સીલ કરવામાં આવે.


### અદાણી-હિન્ડનબર્ગ વિવાદ: SCએ સેબીને તપાસ માટે 3 મહિનાનો સમય આપ્યો, 14 ઓગસ્ટ સુધી રિપોર્ટ સબમિટ કરવા નિર્દેશ

## ઓગસ્ટ આવવા દો, ગૌતમ અદાણી સાચા કે ખોટા તેનો ફેંસલો આવી જશે

■ સેબીનો તપાસ રિપોર્ટ 14 ઓગસ્ટે સુપ્રીમને અપાશે

ગુજરાત | વંદન






24 જાન્યુઆરી 2023થી જેમને આર્થિક રીતે ભારે નુકસાન સહન કરવું પડ્યું છે તે ગુજરાતના જાણિતા ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની કંપનીઓમાં ગેરરીતી ગોબાચારી, છેતરપીંડી કે સટ્ટાખોરી આચરવામાં આવી છે કે નહીં તે બાબતનો ખુલાસો ઓગસ્ટ માસમાં થશે. કેમકે, 14 ઓગસ્ટે નિયમનકારી એજેન્સી સેબી દ્વારા અદાણીની કંપનીઓનો તપાસ રિપોર્ટ સુપ્રીમ કોર્ટને અપાશે અને આ રિપોર્ટ જાહેર થયા બાદ દેશ દુનિયાને માલૂમ પડશે કે, અદાણી સાચા છે કે ખોટા..? નોંધનીય છે કે, 23 જાન્યુઆરી સુધી વિશ્વના સૌથી વધુ ધનિકોમાં ત્રીજો સ્થાન ધરાવનાર ગૌતમ અદાણી હાલમાં 24માં સ્થાને છે.

અદાણી ગ્રૂપ હિંડનબર્ગ વિવાદની તપાસ મામલે સુપ્રીમ કોર્ટે સેબીને મોટી રાહત આપી. સુપ્રીમ કોર્ટે ગયા બુધવારે સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ને અદાણી ગ્રૂપ પર હિંડનબર્ગ વિવાદની તપાસ પૂર્ણ કરવા માટે વધુ 3 મહિનાનો સમય આપ્યો છે અને 14 ઓગસ્ટમાં રિપોર્ટ સબમીટ કરવા નિર્દેશ કર્યો છે. સર્વોચ્ચ અદાલતના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ખંડપીઠે સેબીને તપાસનો અપડેટેડ રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ ખંડપીઠમાં જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ જેબી પારડીવાલા પણ સામેલ હતા.

સર્વોચ્ચ અદાલતે આદેશ આપ્યો કે જસ્ટિસ એએમ સપ્રે કમિટીનો રિપોર્ટ પક્ષકારોને ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી તેઓ આ મામલે કોર્ટને મદદ કરી શકે. નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટે 2 માર્ચના રોજ ગૌતમ અદાણીની

...અનુસંધાન પેજ નં. 6 પર

## ગુજરાતભરમાં ભીષણ ગરમી, અમદાવાદમાં આગામી 5 દિવસ યલો એલર્ટની ચેતાવણી

ગુજરાત | વંદન



હવામાન વિભાગ દ્વારા રાજ્યના આગામી 5 દિવસના હવામાન અંગે સંભાવનાઓ વ્યક્ત કરીને જણાવ્યું છે કે હવામાન સામાન્ય રહેશે. હાલ રાજ્યમાં તાપમાન સામાન્ય કરતા પણ નીચું નોંધાઈ રહ્યું છે. જોકે, ભેજવાળા પવનોના કારણે બફારો અનુભવાશે, આગામી 5 દિવસ માટે અમદાવાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આગામી દિવસોમાં વરસાદની શક્યતા નહીવત હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

અમદાવાદ હવામાન કેન્દ્રના ડિરેક્ટર ડૉ. મનોરમા મોહંતીએ આગામી 5 દિવસ રાજ્યનું હવામાન કેવું રહેશે તે અંગે આગાહી કરીને જણાવ્યું કે, આગામી 5 દિવસ ગુજરાતમાં હવામાન સૂકું રહેવાની સંભાવનાઓ છે, વરસાદની શક્યતાઓ પણ લગભગ નથી. તાપમાન પણ આગામી 5 દિવસ હાલ પ્રમાણે જ રહેવાની શક્યતાઓ છે. તેમાં કોઈ મોટા ફેરફારની શક્યતાઓ નથી.

આગામી ત્રણ દિવસમાં તાપમાન એકાદ ડિગ્રી વધી શકે છે અને ત્રણ દિવસ પછી એકાદ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. અમદાવાદમાં તાપમાન 41 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

અમદાવાદ અને ગાંધીનગર સિવાય સુરેન્દ્રનગરમાં પણ મહત્તમ તાપમાન 41 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતાઓ ડૉ. મોહંતી દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હાલ રાજ્યભરમાં તાપમાન સામાન્ય કે સામાન્યથી નીચું નોંધાઈ રહ્યું છે.

### પોલીસે બે લોકોની ધરપકડ કરી સ્કોર્પિયો કાર જપ્ત કરી

## રાજસ્થાનથી ગુજરાતમાં દારૂ ઠાલવતા કોંગ્રેસના પૂર્વ તાલુકા પ્રમુખ સામે FIR

ગુજરાત | વંદન

કોંગ્રેસના પૂર્વ તાલુકા પ્રમુખ ઠાકરસી રબારી સામે દારૂના મામલામાં ફરિયાદ થતા ભારે ચકચાર મચી ગઈ છે. બનાસકાંઠા જિલ્લાના સરહદે અડીની આવેલી માવસરી પોલીસ ચેકપોસ્ટ નજીકથી પોલીસે એક શકમંદ સ્કોર્પિયો જીપ ઝડપી હતી. આ જીપના ગુપ્ત ખાનામાં વિવિધ માર્કાનો રાજસ્થાનથી ગુજરાતમાં ઘુસાડવા માટે લવાયેલો વિદેશી દારૂ ઝડપાયો હતો. પોલીસે આ કેસમાં સ્થળ પરથી બે આરોપીઓની અટકાયત કરી છે. જોકે વિદેશી દારૂનાં આ કેસમાં કુલ પાંચ વિરુદ્ધ એફઆઈઆર થઈ છે. જેમાં કોંગ્રેસના પૂર્વ તાલુકા પ્રમુખ ઠાકરસી રબારીનું પણ નામ ખુલ્યું છે. જેનાથી વિવાદ છવાયો છે.

જોકે માવસરી પોલીસ મથકમાં દારૂના કેસમાં વાવ કોંગ્રેસના પૂર્વ પ્રમુખની સંડોવણીનો મામલો સામે આવતા તેમજ માવસરી પોલીસ દફતરે દાખલ થયેલી એફઆઈઆરમાં આરોપી તરીકે વાવના પૂર્વ કોંગ્રેસ પ્રમુખ ઠાકરસી રબારીનું નામ ખુલતા તેઓએ પોતાના



બચાવમાં સ્થાનિક રાજકીય નેતાઓ તેમજ પોલીસ પર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા છે. ઠાકરસી રબારીએ આ મામલે પોતાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં બચાવ તરીકે રજૂ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલના કથિત દારૂ કેસમાં આરોપી ઠાકરસી રબારી વાવ વિધાયક ગેનીબેન ઠાકોરનાં 2017 ચૂંટણીમાં મુખ્ય પ્રચારક અને ચૂંટણી એજન્ટ હતા. તે બાદ 2022 માં થરાદ કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતના મુખ્ય ટેકેદાર હતા.

### આ વર્ષે રથયાત્રામાં આસ્થાની સાથે હાઈટેક લુક પણ જોવા મળશે

## રથયાત્રાના 22 કિમીના રૂટ ઉપર 3D મેપિંગ દ્વારા રાખવામાં આવશે નજર

■ ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈ સુરક્ષાની તૈયારીઓ તેજ

ગુજરાત | વંદન

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં આ વર્ષે આસ્થાની સાથે હાઈટેક લુક પણ જોવા મળશે. જગન્નાથજીના મંદિરથી લઈને મોસાળ સુધી કુલ 22 કિલોમીટરના રૂટમાં ગૃહ વિભાગ દ્વારા રાજ્યભરમાંથી પોલીસ બોલાવીને બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. અને સાથે સાથે CRPF અને આર્મીના જવાનો પણ તૈનાત કરવામાં આવે છે. આ વર્ષે શહેરમાં યોજાતી રથયાત્રામાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ અને અનંત યુનિવર્સીટી સાથે મળીને રથયાત્રાના 22 કિલોમીટરના રૂટ ઉપર 3D મેપિંગ દ્વારા નજર રાખવામાં આવશે. જેને લઈને તૈયારીઓની શરી



કરી દેવામાં આવી છે.

રથયાત્રાના 22 કિલોમીટરના રૂટ પર અલગ અલગ જગ્યાએ અનંત યુનિવર્સિટીની ટીમ દ્વારા પોલીસની ટીમ સાથે પહેલા રૂટ સમજવામાં આવ્યો છે ત્યાર બાદ અને 120 જેટલા ડ્રોન ઉડાડીને 2 લાખ 35 હજાર ફોટો કેપ્ચર કરવામાં આવ્યા હતા. સમગ્ર રૂટનો સિનારીયો તૈયાર કરવામાં આવ્યો છે. કયા રૂટ પરથી રથયાત્રા પસાર થતા કેટલો સમય લાગશે તે તમામ બાબતો આમાં તપાસીને મેપિંગ કરવામાં આવ્યું છે.

મહત્વનું છે કે, રથયાત્રા રૂટ પર પોલીસ હોય ત્યારે જ તેને તે જગ્યાની માહિતી મળે છે. તેના માટે કોઈ નિશ્ચિત

...અનુસંધાન પેજ નં. 6 પર

### દિવસે દિવસે ગુજરાતમાં રૌદ્ર સ્વરુપ બતાવી રહ્યો છે ઉનાળો

## હીટ સ્ટ્રોકના કેસ વધ્યા, મેમાં અત્યાર સુધી 44 કેસ નોંધાયા



ગુજરાત | વંદન

ગુજરાતમાં ઉનાળો દિવસે દિવસે તેનુ રૌદ્ર સ્વરુપ બતાવતો જઈ રહ્યો છે. આકરી ગરમીના કારણે બીમારીઓનું પ્રમાણ પણ વધી રહ્યુ છે. ગરમીના કારણે થતી બીમારીઓના કેસ નોંધાઈ રહ્યા છે. ત્યારે ગરમી વચ્ચે હીટ સ્ટ્રોકના કેસ નોંધાયા છે. 108 ઈમરજન્સી દ્વારા આંકડા જાહેર કરાયા છે. રાજ્યમાં મે મહિનામાં 19 મે સુધી 44 હીટ સ્ટ્રોકનાં કેસ નોંધાયા છે.

માર્ચ અને એપ્રિલ મહિનામાં કમોસમી વરસાદ રહ્યા બાદ અંતે મે મહિનામાં ઉનાળો આકરો બન્યો છે. મે મહિનામાં વધતી ગરમીના પગલે બીમારીઓ પણ વધી છે. મે મહિનામાં 19મી સુધી સૌથી વધુ અમદાવાદમાં આઠ હીટ સ્ટ્રોકના કેસ નોંધાયા છે. જ્યારે પોરબંદરમાં સાત હીટ સ્ટ્રોકના કેસ નોંધાયા છે. તો ભાવનગર, નર્મદા, સુરેન્દ્રનગર

...અનુસંધાન પેજ નં. 6 પર


## વાદ-વિવાદ: ગુજરાત આવતા પહેલા બાબાના નામે રાજકીય બબાલ શરૂ થઈ


■ વિવાદી બાગેશ્વરધામવાલે બાબા ગુજરાતમાં રાજકોટ, સુરત અને અમદાવાદમાં લગાવશે દરબાર મચાવશે ધૂમ

ગુજરાત | વંદન

છેલ્લા કેટલાંક દિવસથી એક 26 વર્ષીય યુવાન ધીરેન્દ્ર શાસ્ત્રી કે જે સનાતન ધર્મના પ્રચાર માટે બાગેશ્વર ધામવાલે બાબા એવું નામકરણ કરીને વિવિધ રાજ્યોની મુલાકાત લઈ રહ્યાં છે. કેટલાંક તેમને પાંખડી કહે છે તો કેટલાંકને હિન્દુ ધર્મના કટ્ટર પ્રચારક ગણાવે છે. તાજેતરમાં બિહારની મુલાકાત વખતે બાબાની એન્ટ્રીથી ભારે વિવાદ થયો હતો. એ ધીરેન્દ્ર શાસ્ત્રી હવે ગુજરાત આવી રહ્યાં છે અને તે પહેલા રાજકીય બખેડો કે બબાલ શરૂ થઈ છે. કોંગ્રેસની સાથે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પણ આ બાબાને ધતિંગ કરનાર અને ભાજપના એજન્ટ ગણાવીને પ્રહારો કર્યા હતા.

જ્યારથી બાગેશ્વરધામ મધ્યપ્રદેશના ધીરેન્દ્ર શાસ્ત્રી ગુજરાતમાં આવવાના છે તેવી જાહેરાત કરવામાં આવી છે ત્યારથી જ વિવાદ શરુ થઈ ગયો છે. કેટલાક લોકો બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીના સમર્થનમાં આવ્યા તો કેટલાક લોકો તેમનો વિરોધ કરી રહ્યા છે. તમને





જણાવી દઈએ કે, ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર રાજકોટ, સુરત અને અમદાવાદમાં યોજાવાનો છે. જેને લઈને તૈયારીઓ પણ શરુ થઈ ગઈ છે. તો આ મામલે હવે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનું નિવેદન સામે આવ્યું છે.

શંકરસિંહ વાઘેલાએ બાગેશ્વાર ધામ ધીરેન્દ્ર શાસ્ત્રીને ભાજપનું માર્કેટિંગ ગણાવ્યા છે. તેમણે કહ્યું કે, ખોટા ચમત્કારના નાટક બંધ થવા જોઈએ. તેમણએ કહ્યું કે, બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી ભાજપનું માર્કેટિંગ છે, તે ધર્મના નામે રાજકારણ કરી રહ્યા છે. ભાજપ ધર્મના નામે ધતિંગ કરાવી રહી છે. ધ કેરલા સ્ટોરી, બજરંગબલી બધુ ભાજપનું કોલાબ્રેશન છે.

આ પહેલા કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશી દ્વારા ધીરેન્દ્ર શાસ્ત્રીના પ્રવાસને લઈ પ્રતિક્રિયા આપી ભાજપ પર પ્રહારો કરવામાં આવ્યા છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, "ચૂંટણી નજીક આવતા ભાજપ બાબાને મહોરું બનાવી પ્રચાર કરી રહી છે. ભાજપ બાબાને લાવી લોકોને મૂળ મુદ્દા પરથી ભટકાવી રહી છે અને ધર્મના નામે મતની ખેતી કરી રહી છે." મનીષ દોશીએ ધીરેન્દ્ર શાસ્ત્રીને અલગ-અલગ પડકારો ફેંક્યા છે. જેમાં તેમણે કહ્યું હતું કે, ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાને ન્યાય આપે. ગુજરાતમાં કરોડો રૂપિયાનો દારૂ ઠલવાય છે. કરોડો રૂપિયાનો ડ્રગ્સ આવી રહ્યો છે. જો બાબા ખરેખર દિવ્ય દ્રષ્ટા છે, તો આ ક્યાંથી

...અનુસંધાન પેજ નં. 6 પર

## વિવિધ વિસ્તારોમાંથી ચોરાયેલી 19 બાઈક્સનો ભેદ ઉકેલાયો, 1 ઝડપાયો

ગુજરાત | વંદન

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા પાલડી, એલિસબ્રિજ, નવરંગપુરા અને વેજલપુરમાંથી થતી બાઈક ચોરીનું રહસ્ય ક્રાઈમબ્રાંચે ખોલ્યું છે. પોલીસે રિવરફ્રન્ટ ધોબીઘાટ પાસેથી ચોરીના બાઈક સાથે ઝડપેલા આરોપીની પૂછપરછમાં ૧૯ બાઈક ચોરીના ભેદ ઉકેલાયા હતા.

પોલીસ તપાસમાં આરોપી મીરઝાપુર મટન માર્કેટ પાસે મસ્જીદના મૌલાના મો.અબ્દુલના




ઈશારે બાઈકની ચોરી કરતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. ક્રાઈમબ્રાંચે રાજસ્થાનમાંથી આરોપીઓએ વેચેલા અને ચોરી કરી મુકી રાખેલા કુલ બે લાખની મત્તાના ૧૧ બાઈક કબ્જે લઈ ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.